

વાદળ અને વિહંગ] [રજ મિસ્ત્રી


કુમાર

સંસ્થાપક : રવિશંકર રાવળ

તંત્રી
ધીરુ પરીખ

પરિવારનું સર્વલક્ષી
ચિત્રપૂર્ણ સામયિક

વર્ષ એકોતેરમું ● સપ્ટેમ્બર ૧૯૯૮
સળંગ અંક ૮૪૮



પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

અંક ૯

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
ાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

ુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ ાય છે. મહિનાની આખર સુધીમાં અંક ા મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. ો અંક સિલકમાં હશે તો બીજો મોકલી પાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.

અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.

લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.

સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.

ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહક નંબર લખવાથી પત્રવ્યવહારમાં વિલંબને ટાળી શકાશે.

સપ્ટેમ્બર ૧૯૯૮

સાંકળિયું

કુમાર સળંગ અંક ૮૪૮

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દેસાઈ ઑફસેટ, ૪૬, શિવશક્તિ એસ્ટેટ, હોટેલ પ્રેસ્ટીજની પાછળ,નારોલ ચોકડી પાસે, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડોલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૭૫૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૨-૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૩-૦૦

વાચકો લખે છે

સદ્‌ગત બચુભાઈ રાવત જન્મ શતાબ્દીનો દળદાર અંક તેમની આંતરબાહ્ય છબી હૂબહૂ પ્રગટ કરે છે. તત્કાલીન માહોલમાં પોતાનું જીવન પોતે કેવી રીતે ગોઠવી દીધું ને આપમેળે વિકસાવ્યું તેની રસપ્રદ કથા સાદ્યંત જાણવા મળે છે. તેમના જીવનથી અભિન્ન એવા 'કુમાર'નો ઉદ્‌ભવ કેવા કેવા પૂર્વકાલીન પરિબળોથી સાકાર બન્યો તેની સમજ આપવાની સાથે તેની વિશિષ્ટતા શી રીતે સેવાઈ ને નભાવાઈ તેનો ખ્યાલ પણ પૂરો આપે છે.

કૉલેજના ઉંબરે ચડવાની સાનુકૂળ તક છતાં પિતાએ તે તક ન લેવા દીધી, તે પરિણામે તો વડીલની કઠોર કૃપા જ નિવડી. કૉલેજ-શિક્ષણથી વંચિત રહેવાનું થયું, એ તો અભિશાપને બદલે આશીર્વાદ રૂપ નિવડ્યું. સ્વ. બચુભાઈએ જાણે કે પોતાના વ્યક્તિત્વને જાતે જ કોળવા દીધું, ખીલવા દીધું ને પોતાનાં રસક્ષેત્રોને સંગીન સ્વરૂપ આપ્યું. કહો ને કે પોતે જ પોતાને માટે એક અમૂર્ત કૉલેજ આરંભી દીધી.

'આત્મદીપો ભવ'નું સૂત્ર તેમણે સાર્થક કર્યું. પોતે તો એથી પ્રકાશ પામ્યા તે સાથે અન્યોને પણ એ પ્રકાશનો લાભ મળ્યો. અનેક જિજ્ઞાસુ રસિક તરુણ-તરુણીઓ માટે તેઓ 'કુમાર' દ્વારા સમર્પિત જીવન જીવ્યા અને ધન્ય થયા.

- લલિત શાહ (સુરેન્દ્રનગર)

મે ૧૯૯૮ના 'કુમાર'માં (પૃ. ૪૪૦) વર્ણવામાં આવેલ સ્વામી વિવેકાનંદ અને વાંદરાનો પ્રસંગ અધકચરો છે. યુવા પરિવ્રાજક સ્વામી વિવેકાનંદ (ઈ. ૧૮૬૩-૧૯૦૨)વારાસણી (કાશી)માં દુર્ગામાતાના મંદિરમાં દર્શન કરીને જે સ્થળેથી પસાર થતા હતા ત્યાં એક બાજુ તળાવ આવે, બીજી બાજુ ઊંચી દીવાલ. વાંદરાંનું ટોળું (એક વાંદરો નહિ) સ્વામીજીને ઘેરી વળે છે, ચીચીઆરી કરે છે, પગ પકડે છે. સ્વામીજી દોડે છે, પૂરપાટ દોડે છે. વાંદરાંનું ટોળું સ્વામીજીનો પીછો પકડે છે અને સ્વામીજીને કરડવા મથે છે. નાસી છૂટવું સ્વામીજી માટે શક્ય ન હતું.

એ ટાંકણે એક વૃદ્ધ સંન્યાસી (એક માણસ નહિ) સ્વામીજીને ઉદ્‌બોધન કરે છે : 'FACE THE BRUTES' જંગલીઓનો સામનો કરો. સ્વામીજીની સાન ઠેકાણે આવે છે, સ્વામીજી પાછા ફરે છે, વાંદરાંના ટોળાનો સામનો કરે છે, વાંદરાંનું ટોળું ચાલતી પકડે છે.

ન્યૂયોર્કના એક પ્રવચનમાં સ્વામીજી આ પ્રસંગને ટાંકીને ઉદ્‌બોધન કરે છે: 'FACE THE TERRIBLE, FACE IT BOLDLY'. જિંદગીનાં ઘર્ષણોનો સામનો કરો, ઘર્ષણોથી દૂર ભાગો નહિ. વાંદરાંના ટોળાની માફક જિંદગીની વિટંબણાઓ પાછી પાની કરશે.

- વી. બી. ગણાત્રા (મુંબઈ)

'પસ્તીનાં પાનાં' એ 'કુમાર'માં પ્રકાશિત, મારી સૌથી મનગમતી લેખમાળા છે. જૂન ૯૮ના અંકમાં એમની ડાયરીની નોંધમાંથી રજૂ થયેલ, ઑગસ્ટ ૧૯૮૭માં ભારતની આઝાદીનાં ૪૦ વર્ષ પૂરાં થતાં કૉન્ગ્રેસ પક્ષ દ્વારા આખું વર્ષ કરાયેલ તેની ઉજવણીના પ્રસંગમાં તેમણે લખ્યું છે કે, 'અરે ભાઈ, ૨૫ વર્ષ, ૫૦ વર્ષ, ૭૫ વર્ષ કે ૧૦૦ વર્ષને અન્તે ઉજવણીઓ જાણી છે, પણ ૪૦ વર્ષને અન્તે ઉજવણી?' એ વાંચતાં મને લગભગ એવો એક પ્રસંગ યાદ આવ્યો છે:

'૧૯૭૦માં રાષ્ટ્રિય લલિત કલા અકાદમીના બંધારણમાં સુધારાઓ કરાવવા અંગેની માગણી ઘણા કલાકારોએ કરેલી. એમાં, કલાકારો પોતાના પ્રતિનિધિઓને પોતે ચૂંટીને મોકલી શકે તેવી માગણી પણ હતી. એનો સ્વીકાર થાય તે માટે દબાણ લાવવા કલાકારોએ અકાદમીની પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનું બંધ કરેલું. કદાચ, ચૂંટણીનો ફાયદો 'પ્રૌઢો જ ઉઠાવી જશે' એવા કોઈ ખ્યાલને કારણે માગણી કરનારાઓમાંથી કેટલાક 'યુવાન' કલાકારોએ પોતાનું એક આગવું જૂથ રચવાનું નક્કી કરેલું. ત્યારે તેના સભ્ય થવા માટે વડોદરાના કલાકારોને આમંત્રણપત્રો મોકલાયેલ. પોતાની ઉમ્મર ૩૧ હોઈ, 'હું યુવાન પાંખની સભ્ય બની શકું નહીં' એમ જણાવી એ નિમંત્રણ મેળવેલ એક બહેને એ જૂથને શુભેચ્છાઓ પાઠવી. પરંતુ થોડા દિવસમાં એ બહેનને પેલા 'યુવાન' જૂથ તરફથી વળતો પત્ર મળ્યો - એમાં ચોખવટ થયેલી કે ૨૦ થી ૩૧ ૧/૨ વચ્ચેની વય ધરાવતા દરેક કલાકારને 'યુવાન' પાંખના સભ્ય બનવા માટે લાયક ગણેલ. જોકે સમય જતાં, એ પાંખ સાથે સંકળાયેલા મિત્રો પાસેથી એમ સાંભળવા મળેલું કે એનું મંત્રીપદ સંભાળી શકે અને અંગ્રેજીમાં સારી રીતે, જરૂરી લખાપટ્ટી કરી શકે તે માટે યોગ્ય જે કલાકારની પસંદગી થયેલી તેમની વય સાડા એકત્રીસ વર્ષ હતી.

-જ્યોતિ ભટ્ટ (વડોદરા)

'કુમાર' (જૂન ૧૯૯૮)માં અવંતિકા ગુણવંતનો કરુણા અપૂર્વ શાહ વિષેનો ઈન્ટરવ્યૂ ખરે જ સંતર્પક છે. કરુણાબેનના માર્ગદર્શન હેઠળ ગુજરાત સ્ટીલ ટ્યુબ્ઝમાં મેં ૧૭ વર્ષ કામ કર્યું છે અને તેમની પાસેથી શિસ્તતા, નિયમિતતા અને સાદાઈ શીખવા જેવી છે. કરુણાબેન સાથે કામ કરવું એ એક રસપ્રદ લહાવો હતો અને છે એવી મારી લાગણી આ ઈન્ટરવ્યૂના વાચન સાથે ફરી એક વાર અંકે થઈ છે.

- રીટા એસ. શાહ (અમદાવાદ)

'કુમાર'ના ૮૪૬મા અંકમાં 'સ્ટેચ્યૂ ઑફ લિબર્ટી'ના લેખ સાથે જે ફોટોગ્રાફ છપાયેલો છે તેમાં પ્રતિમાના ડાબા હાથમાં મશાલ દર્શાવવામાં આવેલી છે, આ

(અનુસંધાન પૃ. ૬૩૨)

નિમજ્જન / રાજેન્દ્ર શાહ

[હરિણી - સૉનેટ]

અવગગનના ઓવારેથી જલે રવિ ઊતરે,
ક્ષણ કંઈક ત્યાં રોકાઈને શુચિ અનુરાગની
નયનદ્યુતિની લાલીમાએ દિશા સઘળી ભરે,
પણ સહજમાં જાવું એનું નિમજ્જનની ભણી.

લહર હળુ... ત્યાં આચ્છાદન્તી ચરાચર સર્વને,
ઉડુગણ તણા તેજે સોહી રહ્યા તિમિરાંચલે
રજનિ મૃદુ ઝિલ્લી-સંગીતે સુમણ્ડિત પર્વને
સ્વપનમય ઘેરી નિદ્રાનું દઈ, સરખી ઢળે.

મઝતિથિ તણી હાવાં શીળી મનોરમ ચન્દ્રિકા
ઉદિત, ટહુકો નીડેથી કો સ્ફુરે, અવકાશને
વિચલિત કરી જાગામીઠી સમાન, શમે; તદા
મધુર નિશિગન્ધાની તો હ્યાં હવા રમતીકને.

ખબર પણ ના, ને જોઉં હું રહ્યો પ્રસરી બધે;
સકળ પણ એવી રીતે છે વસ્યું મુજ ચિન્નભે.

મઝતિથિ = કૃષ્ણપક્ષની અષ્ટમી

પાંગરે જીવતર બની / મૌન બલોલી

[ગઝલ]

જોઈ મને એ બારીઓ સધ્ધર બની,
કોઈ વળાંકે આભથી અધ્ધર બની.
શરૂઆતમાં સંબંધ સરખો હોય છે,
સચવાય તો એ પાંગરે જીવતર બની.
પ્રત્યેક ઘરના બંધ દરવાજા થયા,
બાકી ધરા એથી જ મારું ઘર બની.
વેરીજનો વાટે વિસામા થઈ ગયા,
જ્યારે મળાયું એમને આદર બની.
જેના હિસાબોમાં ઘણી ભૂલો હતી,
એ જિંદગી કેવી રીતે સરભર બની!
જે શત્રુઓ સર્જે જતી'તી રાતદિન,
સરખી થતાં તરફેણનું તેવર બની.
ઘરબ્હારનાં દશ્યો નીરખવા બારીઓ
વંટોળમાં ઊઘડી જવા તત્પર બની.
બંદી બના'વા કાજ એ ચોકી કરે,
હેરોદની આંખો નરી કાફર બની.
જે ખાનગી પીછો કરે 'ખામોશ'નો,
એની સફર કોના સહારે તર બની?

જન્મદિને / ધીરેન્દ્ર મહેતા

[ગાન]

ભીંતે ચીતર્યા લાભશુભ પર કૈંક પોપડા બાઝે જી,
ખરખર ખરખર ખરે પોપડા કેવો એ રવ ગાજે જી!
ફટાસ આંખે જોયા કરતાં બારીકમાડ અંધ જી,
વેળ ખરી કે ખર્યા પોપડા કોનો ખર્યો સંબંધ જી ?
માટી પરના આકારો આ બચિયા કોના કાજે જી !
- ભીંતે.

વરોણવંજી અળગાં વચ્ચે ઝૂલે છે અંધારું જી,
એમાંથી આ કાંક ખરીને વળગે શું પરબારું જી;
બહાર બધું અકબંધ દીસે ને અંદર આ શું ભાંજે જી?
- ખરખર.

ચાલવું પડ્યું / ધૂની માંડલિયા

[ગઝલ]

ઊંઘ વચ્ચે સ્વપ્નને સંતાડવું પડ્યું,
સૂર્ય સીંચીનેય મૃગજળ વાવવું પડ્યું.

રોજ ઇચ્છાની હથેળીમાં ફૂટે છે ચણ,
એટલે મારે હરણને મારવું પડ્યું.

છાંયડાઓ લઈ વિસામો જાય છે આગળ,
કાફલાને આમ અંતર કાપવું પડ્યું.

આંગળી બોળી હલાવી પણ વમળ ક્યાં છે?
આંસુઓથી પાણીને ઓગાળવું પડ્યું.

એક સાચો શેર લખતાં તો ગયા થાકી,
જાત સોંસરવું અમારે ચાલવું પડ્યું.

ચિત્રવત્ સાંજે / નિર્મિશ ઠાકર

[ગઝલ]

ભીડ શબ્દોની જ ખાસી હોય છે,
અર્થ તો એકાંતવાસી હોય છે.

સાવ એકાકી નજરના દ્વાર પર-
ચિત્રવત્ સાંજે ઉદાસી હોય છે.

ઓષ્ઠદ્વય પર છે વસંતોની રમત,
મૌન જાણે બારમાસી હોય છે.

વાદળે સારેલ આંસુ સાચવી -
ઝૂરતી કેવી અગાસી હોય છે !

છે અમારાં, તોય શોધે છે તને !
અશ્રુઓ કેવાં પ્રવાસી હોય છે !

સૌરભથી સદા મહેકતાં

જાઈબહેન ગોદરેજ

ઈરાનથી ભારતમાં પારસીઓનો મોટો સમૂહ આવ્યો તેની પહેલાંથી ઈરાનીઓ આ દેશમાં આવતા-જતા હશે એમ ગિરનારની તળેટીમાં આવેલા સમ્રાટ અશોકના શિલાલેખ પરના, એ પ્રદેશના સૂબાના કોતરેલા નામ પરથી જણાય છે. અભ્યાસીઓએ 'કેરશાસ્પ' નામ નોંધ્યું છે. આ કેરશાસ્પ નામ શુદ્ધ ઈરાની છે. પારસીઓમાં આ નામ પ્રચલિત છે. એનું ટૂંકું નામ કેરસી થાય છે. ઓછામાં ઓછા બે કેરસીઓને હું જાણું છું.

સંજાણ ઊતરેલા પારસીઓએ સંજાણના રાજાને કહ્યું હતું કે, પોતે ભારતમાં દૂધમાં સાકરની જેમ ભળી જશે તેની સાબિતી પારસી સ્ત્રીઓએ અપનાવેલી સાડીથી અને ટીકા (ચાંદલા)થી, તેમણે અપનાવી સમૃદ્ધ કરેલી ભાષાથી, ખેતી, વેપાર, ઉદ્યોગ, રાષ્ટ્રિય આંદોલન, રાજકારણ, સંરક્ષણ ઇત્યાદિ અનેક ક્ષેત્રોમાં તેમણે આપેલા માતબર - તેમની ટચૂકડી વસતિના પ્રમાણમાં અનેકગણા માતબર - ફાળાથી તે દેખાઈ આવે છે. આપણી અનેક બાબતોની જેમ પારસીઓએ આપણાં કેટલાંક નામ પણ અપનાવ્યાં છે : હીરા, માણેક, કુંવર, ધન રતન જાઈ.

બાળપણમાં હું જે આંગણું ખૂંદી મોટો થયો છું તે ઘરમાં તુલસીના કુંડા સિવાય બીજી કોઈ વનસ્પતિ, કોઈ ફૂલછોડ, કોઈ વેલ, કોઈ ઝાડ હતું નહીં. અમારું એ ૨૫ x ૯ ફીટનું આંગણું અમારું ક્રિકેટનું સ્ટેડિયમ, લંગડી-હુતુતૂનું મેદાન, ભૂસકા મારવા માટેની જગ્યા, ચાંદનીમાં તડકી-છાંયડીની રમતનું પટાંગણ અને દિવાળીના દિવસોમાં દારૂખાનું ફોડવાની જગ્યા બનતું. પાડાની માફક અમારે બાઝવાની જરૂર જ ન હતી. ઝાડનો ખો એમ જ વળી જાત. આ સંજોગોમાં ફૂલો કેટલાં ને તેમની જાત કેટલી તે ક્યો ભાઈ જાણે ? ગુલાબ, ડૉલર (મોગરો), ધતૂરો અને ગલગોટો આ ચાર પ્રકારનાં ફૂલ જોવા મળતાં. હા, અમારા એક પેઢી આઘેરા મામાના આંગણામાં જૂઈની વેલ હતી. પાંચે પરમેશ્વર. પછી કોણ જાણે ક્યાં ને ક્યારે 'જૂઈ-જાઈ' એમ સાંભળવા મળ્યું. ત્યારે ખબર પડી કે જાઈ પણ એક પ્રકારની ફૂલવેલ છે. પણ હજી સુધી એ નામની વેલ કે એ નામનું ફૂલ જોવા મળેલું નથી.

પણ, જાઈબહેન ગોદરેજને પહેલી જ વાર જોયાં, એમની સાથે વાત કરી અને એમની પ્રસન્ન સુરભિ પહેલી વાર માણી ત્યારથી મારા ચિત્તમાં એ વેલની નજાકતનું, એ વેલ પર પ્રગટતાં અને સમગ્ર વાતાવરણને પોતાના પમરાટથી ભરતાં એ પુષ્પોના પરિમલનું સુરેખ અને સ્પષ્ટ ચિત્ર અંકિત થઈ ગયું છે. કોણ આ જાઈબહેન ગોદરેજ ?

બ્રાહ્મણે એ વેદોનું, પુરાણોનું અને શાસ્ત્રોનું સંરક્ષણ કરી, અનેક આક્રમણો સામે ભારતીય સંસ્કૃતિને ટકાવી રાખી તેમ, ઈરાનથી આવેલા પારસીઓના દસ્તૂરજીઓએ અવસ્તાનું અધ્યયન ચાલુ રાખ્યું, ગાથાઓ જાળવી અને એમના ધર્મગ્રંથોનું વિશુદ્ધ રૂપ જાળવી આતશ બહેરામની જ્યોત જળતી રાખી. વૈદિક ઋચાઓ અને મંત્રોને મળતા ઢાળમાં જ બોલતા અને આપણા યજ્ઞમાં આપણે આહુતિઓ આપીએ છીએ તે રીતે, યજમાનના પૂર્વજોનાં નામ સાથે આહુતિઓ અપાતા જશનનો વિધિ દસ્તૂરો કરાવે ત્યારે આપણને જરાય પારકું ન લાગે. જાઈબહેન આવા એક દસ્તૂરનાં દીકરી.

પણ આ દસ્તૂરે ધાર્મિક વિધિઓ કરાવી લોકોને બહિશ્તનાં રાહ બતાવવાને બદલે દાક્તર થઈ લોકોના શારીરિક વ્યાધિઓ દૂર કરી દુવા કમાવવાનું પસંદ કર્યું હતું. દાક્તર દસ્તૂર સાલસ, મળતાવડા અને નિરભિમાની આદમી હતા. અને દેશપ્રેમી પણ. એમનાં પત્ની પણ પ્રેમાળ અને પરગજુ સ્વભાવનાં હતાં. એ જૈફ દંપતીને બેત્રણ વાર નિરાંતથી મળવાનો લાભ મળ્યો છે. એમનાં પુત્રી જાઈબહેનને અનેક વાર મળવાનું સદ્ભાગ્ય સાંપડ્યું છે.

ગોદરેજ કંપનીના બે સ્થાપકોમાંના એક પિરોજશા ગોદરેજના વચેટ દીકરા બરજોરજીનાં પત્ની તે જાઈબહેન. સાઠપાંસઠ વર્ષો પહેલાં બરજોરજી અહીં અભ્યાસ પૂરો કરી જર્મની ગયા હતા અને ત્યાંની કોઈ સારી યુનિવર્સિટીમાંથી રસાયણશાસ્ત્રમાં પીએચ.ડી.ની ડિગ્રી લાવ્યા હતા. બરજોરજી જર્મન ભાષા સરળતાથી બોલી શકતા અને સ્વતંત્ર ભારતમાં, મારા સ્મરણ પ્રમાણે, કોઈ જર્મનભાષી રાજ્યના માનદ્ રાજદૂત પણ હતા.

આવા વિદ્વાનની પત્ની જાઈબહેન સ્વયં વિદુષી હતાં. એલ્ફિન્સ્ટન કૉલેજમાં પ્રવેશ મેળવવાની યોગ્યતા એમણે દાખવી હતી અને એ કૉલેજમાંથી સારા ગુણ સાથે એ બી.એ. થયાં હતાં. સ્વભાવે વત્સલ અને શિક્ષણપ્રેમી હોઈ એ મુંબઈની સેકણ્ડરી ટીચર્સ કૉલેજમાં જોડાયાં. બનતાં સુધી ત્યારે, આચાર્યપદે હેમ્લી નામના અંગ્રેજ ગૃહસ્થ હતા. શ્રીમતી સુલભા પાણંદીકર, પ્રો. રોફ વગેરે પ્રાધ્યાપકો હતાં. ત્યાં પણ પોતાનું પાણી કે પોતાની સૌરભ બતાવી, બધાં પ્રાધ્યાપકોમાં પ્રીતિપાત્ર બની, જાઈબહેન અમેરિકા ગયાં અને ત્યાં, સ્ટેન્ફર્ડ યુનિવર્સિટીમાં, શિક્ષણના ઉચ્ચ અભ્યાસમાં જોડાયાં. કોલમ્બિયા યુનિવર્સિટીની માફક, શિક્ષણ-જગતમાં સ્ટેન્ફર્ડનું સ્થાન પણ ઘણું ઊંચું હતું.

ત્યાંથી અભ્યાસ કરી પાછાં આવ્યાં તે પછી પોતાની માતૃસંસ્થા સેકણ્ડરી ટીચર્સ કૉલેજમાં જ તેમણે અધ્યાપક તરીકે કાર્ય શરૂ

કર્યું. પુત્રોની માતા બનતાં એમણે અધ્યાપકની જવાબદારી છોડી દીધી અને તેમના ઉછેર પર બધું ધ્યાન કેન્દ્રિત કર્યું. એમના બંને પુત્રો - અદી અને નાદિર ગોદરેજ તીવ્ર બુદ્ધિ પ્રતિભા ખીલવી શકયા છે તથા ઉદ્યોગની ટેક્નોલૉજીમાં તેમજ માલના વેપારની બાબતમાં અસાધારણ પ્રભુત્વ ધરાવે છે. તેની પાછળ જાઈબહેને માતા તરીકે દાખવેલ આ ઉત્તરદાયિત્વ છે. અદી અને નાદિરની રાહબરી હેઠળ ગોદરેજ સોપ્સે હરણફાળ ભરી છે અને સાબુ બનાવવા ઉપરાંત ખૂબ વૈવિધ્યભરી પેદાશો એ કારખાનું, એની શાખાઓ અને એણે વિકસાવેલા બીજા ઉદ્યોગો તૈયાર કરે છે.

પ્રોફેસર મ્હાલાનોબિસથી પ્રોફેસર મધુ દંડવતે સુધીમાં આપણે દસેક યોજનાઓમાંથી અને એકાદ વાર વળી યોજનામુક્તિ - પ્લૅન હોલિડે-માંથી પણ પસાર થઈ ગયાં. આટલાં આયોજન પછીયે પાર્લામેન્ટ પંચાયત સુધી, મસમોટાં વિમાનપત્તનોથી નાનકડા બસ-થોભા સુધી, સદી જૂની યુનિવર્સિટીથી માંડી ગઈ કાલે ખૂલેલા કિંડરગાર્ટન સુધી, ક્યાંય પણ આ અર્ધી સદીના આયોજનનાં મીઠાં ફળ ચાખવા તો શું, જોવા પણ મળતાં નથી.

મને લાગે છે કે આ દેશની આવી આબોહવામાં જન્મ્યો છું ને ઊછર્યો છું એટલે, કદાચ, મારી જીવનનીતિરીતિમાં આયોજન સ્થાન પામી શક્યું નથી. આયોજનને અને મારે બારમો ચંદ્રમા હોય એવું મને લાગે છે. અભ્યાસની, અંગત જીવનની, નોકરીની, જિંદગીની લગભગ બધી જ બાબતોમાં મારી ઇચ્છાઘડેલી, યોજનાપ્રાપ્ત કોઈ વસ્તુ મને નસીબે આપી નથી. મારા આયોજનની અને કરેલી ઇચ્છાનું ભૂત પણ દટાઈ ગયું હોય ત્યારે, ઠીકઠીક લાંબે ગાળે, નસીબે ગુલાબનાં ફૂલ આપ્યાં છે. મનના ઉધમાત બધા શમી ગયા હોવાથી એ ગુલાબ પોતે લાંબો વખત ટકી રહ્યાં છે. અને એની ફોરમે હૈયાનો ખૂણેખૂણો ચિરકાળ માટે ભરી દીધો છે.

મારા કશા જ આયોજન વગર, કશા પ્રયત્ન વગર અને કશી અપેક્ષા વગર જાઈબહેન હતાં તે માર્ગે ચડવાનું બન્યું હતું. કરાચીમાં શારદામન્દિરમાં શિક્ષક હતો ત્યારે કોઈ અમેરિકન સ્કૉલરશિપનું ફોર્મ મંગાવી ભર્યું. ખૂબ હોંશથી એ ભરી, શાળાના નિયામક મુ. મનસુખરામભાઈની સહી માટે તેમની પાસે ગયો. એમણે મારી વાત શાંતિથી સાંભળી, પછી ફોર્મ માગ્યું. મને હતું કે એમની સહી મળી જશે. અને હું કોલંબિયાનાં ને મિશિગનનાં, શિકાગોનાં અને બોસ્ટનનાં - જે ચાર-છ યુનિવર્સિટીઓનાં નામથી હું વાકેફ હતો તેમનાં - સ્વપ્નો જોવા લાગ્યો.

મનસુખરામભાઈએ ફોર્મ વાંચી મને પરત આપતાં મારો સ્વપ્નભંગ થયો. મને કહે : 'પંડ્યાભાઈ, અમેરિકા તમને શું ભણાવશે? તમને વધારે ડિગ્રીનો મોહ હોય તો જાઓ; જરૂર



જાઓ. બાકી, શિક્ષક તરીકે તમારામાં શી ઊણપ છે કે એને દૂર કરવા તમારે અમેરિકા ભણવા જવું પડે? તમારે તો ત્યાં ભણાવવા જવું જોઈએ.'

આમ કહી મનસુખરામભાઈએ મારા અહંનો ફુગ્ગો ફુલાવ્યો. એને ફોડવાને બદલે મેં પેલી અરજી ત્યાં જ ફાડી નાખી. એ પ્રસંગને લગભગ અઢાર વરસ વીતી ગયાં. મનસુખરામભાઈની આગાહી સાચી પડી.

મારી શાળામાં મેં હાથ લીધેલ એક શૈક્ષણિક પ્રકલ્પ માટે સહાયરૂપ બને તેવાં પુસ્તકોની મારી વિનંતીના જવાબમાં મને ફોર્મ મોકલવામાં આવ્યાં. શિક્ષક તરીકે આખું વર્ષ ત્યાં રહેવાને બદલે ત્રણ માસના શિક્ષકવિકાસ કાર્યક્રમ માટે, મારા સંચાલકોની સાથે વાત કરી અને તેમની મંજૂરી લઈ મેં ફોર્મ ભરી મોકલાવ્યું. રૂબરૂ મુલાકાત વખતે મને સીધું પૂછવામાં આવ્યું : 'તમારી પસંદગી અમે શિક્ષક-વિનિમય કાર્યક્રમ હેઠળ કરીએ તો?'

આમ મનસુખરામભાઈની આગાહી સાચી પડી. ૧૯૬૫ના ઑગસ્ટથી ૧૯૬૬ના જુલાઈ સુધી અમારે અમેરિકા રહેવાનું બન્યું.'૬૬ના એપ્રિલ-મેથી મારી પાસે એક પછી એક ત્રણ સૂચનો આવ્યાં હતાં : અમેરિકામાં જ એક વર્ષ વધારે રહેવાનું, તુર્કસ્તાનમાં જવાનું અને આફ્રિકાના નાઈજીરિયામાં જવાનું. આર્થિક તથા અનુભવ મેળવવાની દૃષ્ટિએ બધું ફાયદાકારક જ હતું. પણ હૃદય પાછું જામનગર જવા ઝંખતું હતું. મારાં

પત્ની અને હું બંને જુદી જુદી શાળાઓમાં આચાર્યપદે હતાં.

એવામાં, મુંબઈથી ગોદરેજ કંપનીની શાળામાં આચાર્યપદ માટે મને બોલાવવામાં આવ્યો તો મેં એની પણ ના પાડી : 'મારા સંચાલકોએ મને બીજે અરજી કરવા અહીં નથી મોકલ્યો.'

'બરાબર છે. પણ તમે અહીં પાછા આવો ત્યારે, મુંબઈમાં, શ્રી નવલભાઈ ગોદરેજને મળવામાં અને તેમની સ્કૂલ જોવામાં તો વાંધો નથી ને?' મને સૂચન કરવામાં આવ્યું.

અને, નવલભાઈ ગોદરેજને મળી એમનાથી હું જિતાઈ ગયો. એ સ્કૂલનું કાર્ય મને પડકાર જેવું લાગ્યું. એ પડકારને ઝીલી, ૧૯૬૬ના સાતમી સપ્ટેમ્બરે હું વિક્રોલીમાં આવેલી ઉદયાચલ શાળામાં આચાર્ય તરીકે જવાબદારી સંભળવા ગયો ત્યારે, જાઈબહેનને પહેલી વાર જોયાં.

હાથશાળની કે એવી, કશી ભભક વગરની સાડી, ગુજરાતી ઢબે પહેરેલી. પાતળી, સૂકલકડી જેવી દેહયષ્ટિ. ગૌર વર્ણ. ગળામાં દોરી સાથે બાંધેલાં ચશ્માં - તે પણ સામાન્ય પ્લાસ્ટિકની ફ્રેમનાં. જરાક લંબગોળ વદન. તેજસ્વી કપાળ અને તેજના ફુવારા ફેંકતી મોટી, પ્રસન્ન આંખો.

મેજ પર નોટબુકોના બેક ઢગલા. એક નાનો ઢગલો અંગ્રેજી પુસ્તકોનો અને ટેબલને ઘેરી ઊભેલાં પાંચેક વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ. નવદસ વર્ષની એક વિદ્યાર્થિની કંઈ દલીલ કરતી હતી. બીજી એકાદ વિદ્યાર્થિની તેમાં ટાપસી પુરાવતી હતી. જાઈબહેન એ બંનેને શાંતિથી સાંભળતાં હતાં અને એ છોકરીઓનું બોલવાનું પૂરું થયે, એમને ઉત્તર આપતાં હતાં.

જાઈબહેનની સમજાવટમાં માનું વાત્સલ્ય હતું, પ્રખર ગુરુનું જ્ઞાન હતું. એ નાની વયમાં બાલકબાલિકાઓની કક્ષાએ ઊતરવાની એમની સ્વાભાવિક વૃત્તિ હતી. અને, એ કક્ષાએથી એ છોકરાંઓને ક્યાંય ઉચ્ચતર કક્ષાએ લઈ જવાની ક્ષમતા હતી. જાઈબહેન સામાન્ય શિક્ષકનું કાર્ય કરતાં હતાં પણ એ અસામાન્ય શિક્ષક છે એની જાણ થતાં બહુ સમય લાગ્યો નહીં. શિક્ષક જાઈબહેનનું આ મારું પ્રથમ દર્શન. પછી જાણવા મળ્યું કે એ શાળાના સંચાલક મંડળનાં જાઈબહેન એક સભ્ય છે ને અગત્યનાં સભ્ય છે. અગાઉ વર્ણવેલી એમની શૈક્ષણિક લાયકાતની અને એમની કારકિર્દીની જાણ પણ મને પછી થઈ.

જાઈબહેન અઠવાડિયામાં ત્રણ દિવસ, સોમવારે, બુધવારે અને શુક્રવારે ઉદયાચલ શાળામાં આવતાં. શાળા શરૂ થવાનો સમય સવારના ૧૦-૨૦નો હતો, પણ જાઈબહેન સાડાનવથી આવી જાય. અને એમણે બોલાવેલાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ પણ એ સમયે જ આવી જાય. એમણે લખેલા પ્રશ્નોત્તરો, નિબંધો, પત્રો બધું જ એમની હાજરીમાં તપાસાય અને વિદ્યાર્થીએ જે ભૂલ કરી હોય તે એને ગળે ઊતરે તે રીતે સમજાવાય તથા તેની પાસે દુરસ્ત કરાવાય.

તે સમય સુધી શાળામાં, વર્ગોમાં વિદ્યાર્થીસંખ્યા ખૂબ નાની હતી, વધારેમાં વધારે વીસની. આવા બે વર્ગોમાં જાઈબહેન અંગ્રેજીના તાસ લેતાં, એ પ્રત્યક્ષ - ડાયરેકટ - પદ્ધતિમાં માનતાં. વિદ્યાર્થીઓને ખૂબ બોલાવતાં, વંચાવતાં, કવિતાપાઠ કરાવતાં, નાટકો પણ કરાવતાં. પોતાના વર્ગમાંના દરેક વિદ્યાર્થીનો જન્મદિવસ વર્ગમાં ઊજવતાં. પાંચસાત મિનિટના એ સમારંભમાં જેનો જન્મદિવસ હોય તે વિદ્યાર્થી એક મિનિટ બોલે, બીજાં સૌ તેનું અભિવાદન કરે, એ બાળક ચૉકલેટ વહેંચે, જાઈબહેન કંઈ ચૉકલેટ કે કેયૂક લાવ્યાં હોય તે સૌ ખાય અને તે બાળકને જાઈબહેન નાનીસરખી ભેટ પણ આપે. એ વર્ગમાં જાઈબહેનનો જન્મદિવસ પણ એટલા જ ઉમંગથી ઉજવાય. એમના પુત્રોના જન્મદિવસોએ જાઈબહેન બાળકોનાં મોઢાં મીઠાં કરાવે. અને એમના મોટા પુત્ર અદીની પુત્રી તાન્યાનો જન્મદિવસ નાના તહેવાર જેવો બની રહે.

શાળા સાંજે સાડાપાંચે છૂટ્યા પછી પણ જાઈબહેન છ વાગ્યા સુધી રોકાય અને બાળકોનું એક યા બીજું વૃંદ એમને ઘેરીને ઊભું હોય અને પોતાની વહીઓમાંની ભૂલો સમજી તે દુરસ્ત કરતું હોય. પોતે ડાયરેક્ટ મેથડનાં ચુસ્ત હિમાયતી હોઈ જાઈબહેન વ્યાકરણ નામનું જ શીખવે. ને છતાં એમની પાસે ભણેલાં બાળકોની ભાષા વ્યાકરણદોષમુક્ત હોય.

એમને એક જ પાઠ્યપુસ્તક કદી પૂરું ન પડતું. તેમાંય, પાઠ્યપુસ્તકોના રાષ્ટ્રિયકરણ પછી જે દરિદ્ર દુર્બળ પાઠ્યપુસ્તકો શાળાઓમાં વાપરવાં પડે છે તે જાઈબહેનને કદી જ ન ગમતાં. અંગ્રેજી માધ્યમની, કથિડ્રલ સ્કૂલ જેવી, સારી શાળાઓમાં વપરાતાં પાઠ્યપુસ્તકો એમના વર્ગોમાં વિદ્યાર્થીઓ વાપરતાં. એ પાઠ્યપુસ્તકો પણ તેમને ઓછાં પડતાં. એટલે, પોતાનાં વિદ્યાર્થીઓની કક્ષાને અનુરૂપ, સરળ ભાષામાં અને મર્યાદિત શબ્દભંડોળની સહાયથી લખાયેલી જાતજાતની પુસ્તિકાઓનાં બંડલ એ રાખતાં. એમનાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ પોતાની વયકક્ષા અનુસાર તેમાંથી વાંચતાં. પોતે જે વાંચ્યું છે તેની ખાતરી જાઈબહેનને કરાવવાની જવાબદારી જે તે વિદ્યાર્થીની રહેતી. એમનાં વિદ્યાર્થીઓની વાચનભૂખ સદા જાગ્રત રહેતી. એમની પાસે ભણેલ વિદ્યાર્થી વાચનનો વ્યસની બની જતો.

વિદ્યાર્થીઓને જાઈબહેન જે કંઈ વાચન-સાધન આપતાં તે વિદ્યાર્થીઓની વયકક્ષા અનુસારનું હોવા છતાં ગુણતત્ત્વવાળું હતું. નાની વયથી એમનાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને Classics નો ભેદ જાઈબહેન લગાડી શકતાં. તેરેક વર્ષની જાઈબહેનની વિદ્યાર્થિનીએ શેયૂક્સપિયરનું 'મર્ચણ્ટ ઑવ વેનિસ'- વેનિસનો વેપારી - આખું ન વાંચ્યું હોય પણ, પોર્શિયાની પ્રખ્યાત વકીલાતની ઉક્તિથી તો એ પરિચિત થઈ જ ગઈ હોય. ફ્રૉસ્ટ, એમિલિ ડિકિન્સન, ડેયૂવિઝ ઇત્યાદિ કવિઓનાં સરળ ભાષામાં લખાયેલાં પણ આનંદપ્રદ અનેક કાવ્યોનો રસાસ્વાદ

એ બાળકોએ માણ્યો હોય. આમ કવિતા માટેનો ચસકો, ને તે પણ પરભાષા અંગ્રેજીમાં, એટલાં નાનાં બાળકોને એ લગાડી શકતાં. ગમે ત્યારે જુઓ, એમનાં બાળકો પ્રફુલ્લ, પ્રસન્ન અને 'મેડમ', 'મેડમ' કરતાં, જાઈબહેનના ઉપગ્રહો બની ઘૂમતાં હોય.

પણ આનો અર્થ એવો નથી કે બાળકોને રાગે રહીને એમણે લોકપ્રિયતા મેળવી હતી. એમને લોકચાહના જરાય ગમતી જ ન હતી. શિક્ષક તરીકે એમનો આદર્શ વત્સલ માતાનો હતો તો, બાળકો પોતાનો વિકાસ બરાબર સાધે, જાતે અભ્યાસ કરતાં શીખે, નિયમિત અને વ્યવસ્થિત રીતે કામ કરે તેમ જ ગાપચી ન મારે કે ખોટું ન બોલે તે માટે તે કડક પણ બનતાં. ઊર્મિલ સ્વભાવનાં હોવા છતાં આંકરાં વેણ એમની અભિજાત જીભે ચડી શકતાં જ નહીં. હાથ તો એ ઉગામે જ શાનાં! પણ બાળકની એ કામચોરી પ્રત્યેનો એમનો અસંતોષ એવી રીતે વ્યક્ત થતો કે બાળક શરમિંદું બની તુરત કામે જ લાગી જતું. બપોરની છુટ્ટીનો સમય હોય તો, ઊંધું ઘાલીને લખતા બાળકને જાઈબહેન જ કહે : 'જા, પહેલાં નાસ્તો-પાણી કરી લે. પછી કામ પૂરું કરજે.'

શાળાના વર્ગો મોટા થવા લાગ્યા ત્યારે જાઈબહેને જુદો માર્ગ અપનાવ્યો. ચોથા ધોરણમાં ભણતાં બાળકોની બે જુદી જુદી બૌદ્ધિક કસોટીઓ તેમણે નિષ્ણાતો પાસે લેવરાવી. ૧૧૦ ઉપરના બૌદ્ધિક આંકવાળાં તેર-ચૌદ બાળકો તેમણે પસંદ કરી રાખ્યાં.. પાંચમીનું એમનું અભ્યાસવર્ષ શરૂ થયું ત્યારે, એ બાળકો જાઈબહેન પાસે અંગ્રેજી શીખવાનો લાભ પામ્યાં. નવદસ વર્ષની વયનાં એ બાળકો ભણાવનાર ભલે જાઈબહેન હતાં અને ભણનારાંઓનો બૌદ્ધિક આંક ભલે ઊંચો હતો પણ, બાલસ્વભાવ કંઈ તેથી થોડો જાય ?

એ વર્ગનાં ચારેક બાળકોને એક વાર જાઈબહેને મારી પાસે (આચાર્ય પાસે) મોકલ્યાં : પોતાનું ગૃહકાર્ય નહીં કરી આવવા માટે. એ બાળકોમાંની એક મારી દીકરી વરદા પણ હતી. જાઈબહેનની એ ખૂબ લાડકી હતી છતાં, જાઈબહેને એને મારી પાસે મોકલી હતી.

પોતાનું ગૃહકાર્ય નહીં કરી લાવવા માટે કોઈની પાસે કશું સંતોષકારક કારણ ન હતું. મેં જ એમને પૂછ્યું : 'તો મારે તમારું શું કરવું ?' એમાંની એક છોકરી બોલી ઊઠી : 'સર, અમને આ હોમવર્ક દસ વાર લખવાની શિક્ષા કરો.' આંકનો એક પાડો સો વાર લખવાની સરદાર વલ્લભભાઈની વાત હું જાણતો હતો અને, જાઈબહેન તેમજ હું, બંને આવી અર્થહીન વેઠની વિરુદ્ધ હતાં. મેં બાળકોને કહ્યું: 'તમે મારા નહીં પણ જાઈબહેનના વાંકમાં આવ્યાં છો. પહેલું કામ તમારે તેમની ક્ષમા માગવાનું કરવું જોઈએ. પછી એમને વચન આપો કે ભવિષ્યમાં તમે કદી આવું નહીં કરો. અને જાઈબહેન જે શિક્ષા કરે તે ઉઠાવી લો.'

એ દરેકને શિરે હાથ મૂકી જાઈબહેને સમયપાલનની અગત્ય સમજાવી - આ એમની શિક્ષા.

જાઈબહેનની પહેલી બેચનો એક વિદ્યાર્થી મધુકર શાહ ગોદરેજ કંપનીમાં જ ઊંચે હોદ્દે છે. એની બહેન શચી અમેરિકામાં કંઈ મોટું કાર્ય કરી રહી છે. નીમા મુંબઈમાં મોટી જવાબદારી સંભાળે છે. બાળકનું હીર પારખવાની અને એ પારખીને તેને રૂપેરસે મઢવાની અદ્‌ભુત શક્તિ જાઈબહેનમાં હતી. જાઈબહેન એટલે મૂર્તિમંત આદર્શ શિક્ષક.

જાઈબહેનનો ઉછેર ગાંધીજીની પ્રબળ અસર હેઠળના યુગમાં થયો હતો. એમની સાદગી શોભાની ન હતી. વર્ષો સુધી એ ખાદીનાં વસ્ત્રો પહેરતાં. પોતાને જે સત્ય લાગે તે કહેતાં એ અચકાતાં નહીં. શ્રીમતી ઇંદિરા ગાંધીએ ૧૯૭૫માં કટોકટી લાદી હતી. પરંતુ, તેની ક્યાંય પહેલાંથી, એમની કોઈ ને કોઈ નીતિરીતિ પોતાને લોકશાહીભરી કે પ્રામાણિક ન લાગી હોય તેવે દરેક પ્રસંગે શ્રીમતી જાઈબહેનની, કે એવી રીતે અપાયેલી બીજા કોઈનીયે, સલાહ માનવા-સ્વીકારવાનું શ્રીમતી ગાંધીનું વલણ હોત તો, એ કટોકટી લાદત જ નહીં.

જાઈબહેન સ્વતંત્રતાનાં પૂરાં ચાહક હતાં, તેટલાં જ તે બીજાંઓના મતનો આદર કરતાં. એમની સાથે અનેક વાર અનેક બાબતો ચર્ચી છે પણ કદી તેમનો અવાજ ઊંચો નથી થયો. અબજો રૂપિયાની ઊથલપાથલ કરતી કંપનીનાં એ ધણી છે એવો રુઆબ સ્વપ્નમાં પણ એમને મોંએ નહીં બેસતો હોય. એમનો વેશ સાદો, એમનો સ્વભાવ સરલ, એમની ચાલ ધીર પણ મંદ નહીં, અઠવાડિયામાં ત્રણ દિવસ શાળાએ આવવા છતાં શાળાના વહીવટમાં કશી જ દખલ નહીં. દૃષ્ટિબિંદુ અખિલ ભારતીય, પ્રાદેશિકતાની છાપ જ નહીં, પોતાની વિદ્યાનું કે પોતાના ધનનું ગુમાન નહીં. વાડાબંધી કલબમાં જઈને નહીં પણ, આમ આદમીની સાથે, એમનાં બાળકો સાથે, હળીમળીને રહે તેવાં સામાજિક, મિલનસાર અને પરોપકારી વૃત્તિ ગળથૂથીમાં મળી હોય તેવાં.

એમના આ અધ્યાપનકાર્યની ક્યાંય કોઈએ કશીય નોંધ લીધી નથી. આ લાગવગશાહીના જમાનામાં સામાન્ય શિક્ષકને પણ રાજ્ય તરફથી કે રાષ્ટ્ર તરફથી પારિતોષિક મળે છે. જાઈબહેનનું અધ્યાપનકાર્ય જ એમનું પારિતોષિક હતું. વર્ગ લેતાં હોય ત્યારે, વિદ્યાર્થીઓ સાથે વાત કરતાં હોય ત્યારે, વિદ્યાર્થીઓની વહી તપાસતાં હોય ત્યારે, કોઈ વિદ્યાર્થીના વાલી સાથે વાત કરતાં હોય ત્યારે કે કોઈ વિદ્યાર્થી વિશે બીજા શિક્ષક, નિરીક્ષક કે આચાર્ય સાથે કશી ચર્ચા કરતાં હોય ત્યારે, એમને બોલેબોલે, શ્વાસેશ્વાસે બાલહિત નીતરતું

અનુભવવા મળે. કેટલાક ઉત્તમ શિક્ષકો-અધ્યાપકો પાસે અભ્યાસ કરવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું છે, કેટલાક ઉત્તમ શિક્ષકોના સાથી બનવાનું સૌભાગ્ય પણ ઈશ્વરે મને બક્ષ્યું છે અને, દેશપરદેશના કેટલાક ઉત્તમ શિક્ષકો વિશે વાંચ્યું - સાંભળ્યું છે. જાઈબહેન એ સૌમાં જુદાં તરી આવે. જાઈબહેન વખાનાં માર્યા શિક્ષક બન્યાં ન હતાં. એમના શિક્ષણકાર્યમાં દ્રવ્યોપાર્જન ન હતું. એટલું જ નહીં, દ્રવ્યવ્યય જરૂર હતો. પોતાની પાસેની સંપત્તિ, પોતે પ્રાપ્ત કરેલું શિક્ષણ અને પોતાના મોભાને લઈને એ કોઈ મોટી ક્લબમાં કે કોઈ મોટી નગરવ્યાપી કે દેશવ્યાપી સેવાસંસ્થામાં ઉચ્ચ પદ પ્રાપ્ત કરી શક્યાં હોત. એમની તેજસ્વી બુદ્ધિ અને પ્રભાવશાળી વ્યક્તિત્વે એમનો એ માર્ગ સરળ બનાવી દીધો હોત.

પરંતુ, And, Gladly Teach ના અંગ્રેજ લેખક બ્લિસ પેરીની માફક જાઈબહેને એ બધો મોહ જતો કર્યો એમ કહેવા કરતાં, એમનામાં એવો મોહ કદી જાગ્યો જ નહીં એમ કહેવું વધારે ઉચિત થશે. એમને મન વર્ગ જ સ્વર્ગ છે અને, એ સ્વર્ગમાંથી એમને બહાર નીકળતાં જોઈએ ત્યારે, એ સ્વર્ગીય સુખ એમના સદા પ્રસન્ન ચહેરા પર દિવ્ય તેજની પ્રભા ચઢાવી દેખાતું જોયું છે. પરભાષા ભણાવવાનો પણ આનંદ છે, નવદસ-અગ્યાર વરસની વયનાં તદ્દન અભણ માવતરનાં, સામાન્ય શ્રમજીવીનાં દીકરાદીકરીને પણ વત્સલતાથી અને આદરથી ભણાવવાનો આનંદ કેવો તો દિવ્ય હોઈ શકે તે, વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓનાં વૃંદથી વીંટળાઈને વર્ગમાંથી બહાર આવતાં જાઈબહેનના આભા ઝરતા મુખ પરથી જેટલો જોવા મળે તેટલો જ એ બાળકોનાં પ્રફુલ્લ વદનો અને તેજભરી પ્રસન્ન આંખોમાં એ જોઈ શકાય.

અમારી દીકરી વરદા એમની પાસે ભણી છે તો માત્ર બે જ વર્ષો પણ, એ એમનું સદાનું પ્રીતિપાત્ર બની ગઈ છે. ૧૯૭૭માં ઉદયાચલ શાળામાંથી હું નિવૃત્ત થયો તેની સાથે વરદાને પણ એ શાળા છોડવી પડી. તે પછી એ મુંબઈમાં એક વર્ષ એક શાળામાં અને પછી અહીં જામનગરમાં બે જુદી જુદી શાળાઓમાં ભણી એણે પોતાનો શાળેય અભ્યાસ પૂરો કર્યો હતો. પણ આજેયે એના ચિત્ત પર સંસ્કારો ઉદયાચલના છે. એ ૧૯૮૩થી અમેરિકા રહે છે. પણ ત્યાંથી આવે છે ત્યારે, જેટલી વાર શક્ય બન્યું છે તેટલી વાર એ ઉદયાચલમાં ગઈ છે.

છેલ્લાં ચારપાંચ વર્ષથી, વયના કારણે - જાઈબહેન આજે પોણોસો વટાવી ગયાં હશે, નાદુરસ્ત તબિયતને કારણે - એમને હલનચલનમાં ખૂબ અગવડ પડે છે - તથા એમના પતિ ડૉ. બરજોરજી અવસાન પામ્યા પછી એકલાં વિક્રોલી સુધીનો પંથ કાપવો અળખામણો લાગતો હોવાને કારણે પણ, કદાચ એમણે વર્ગમાં જઈ ભણાવવાનું છોડી દીધું છે.

પણ મને ખાતરી છે કે એમણે અધ્યાપનનું કાર્ય નથી છોડ્યું, એ પોતાની જાતનાં જ શિક્ષક બની ગયાં છે.

લોપા, મૈત્રેયી, મલ્લિનાથની પરંપરામાં ચાલનાર જાઈબહેન પર દુઆઓ વર્ષો. □

અનુસંધાન] વાચકો લખે છે.[પૃ. ૬૨૬થી ફોટોગ્રાફ ઊંધો (Mirror Image) છપાયેલો છે. અમેરિકાના આ સ્ટેચ્યૂના ફોટોગ્રાફો મારી પાસે છે તેમાં, લેખમાં બીજા ફકરામાં જણાવેલ જ છે તે પ્રમાણે, પ્રતિમાના જમણા હાથમાં મશાલ અને ડાબા હાથમાં અમેરિકાના બંધારણનું પુસ્તક છે. લેખની આ ક્ષતિ એટલી દેખીતી છે કે કદાચ ઘણા વાચકોએ આ અંગે ધ્યાન દોર્યું હશે. આ ફોટોગ્રાફ અરીસામાં જોવાથી સ્થળ ઉપરની પરિસ્થિતિ પ્રમાણેની પ્રતિમા દેખાશે.

- નૌતમભાઈ વખારિયા (અમદાવાદ)

સુંદર મુખપૃષ્ઠથી સજ્જ 'કુમાર'નો ૮૪૭મો અંક મળ્યો. માણ્યો. ડૉ. પી. સી. વૈદ્યનાં 'પસ્તીનાં પાનાં' અમૂલ્ય અને અનન્ય છે. નિયમિત ભાવક છું. 'પસ્તીનાં પાનાં'માં 'અમેરિકન વાહનવ્યવહાર' શીર્ષક હેઠળની વાસરિકામાં તા. ૩-૬-'૯૮ને બદલે ૩-૬-'૮૮ હોવી જોઈએ. બીજી 'શિવકુમાર જોશી'માં તા. ૮-૭-'૯૮ દર્શાવેલ છે, જે ૮-૭-'૮૮ હોવી જોઈએ. 'પસ્તીનાં પાનાં'માં સુ. જો., શિ. જો. અને ઉ.જો.ની તસવીરો મૂકી છે, જેથી વિશેષ આનંદ થયો. આ પ્રકારે વિશિષ્ટ કે વિશેષ માટે તસ્વીર-પરંપરા જાળવી રાખવા વિનંતિ.

'ફક્ત દસ રૂપિયામાં એક વર્ષ માટે 'કુમાર'ની યોજના વાંચી ખૂબ આનંદ થયો. 'કુમાર' ચાહક સજ્જનને મારી હૃદયપૂર્વકની શુભેચ્છાઓ તથા અભિનંદન. દિનપ્રતિદિન આવા 'કુમાર' ચાહકો પ્રાપ્ત થાય અને ગુજરાતમાં બહોળો પ્રચાર-પ્રસાર 'કુમાર' પામે તેવી શુભેચ્છાઓ પાઠવું છું. 'કુમાર'માં દર મહિને 'તંત્રીલેખ' આપો તો ખૂબ સારું. વાચકો - ભાવકોને આપની જ્ઞાન-દૃષ્ટિનો લાભ મળે. **- અમૃત રે. પટેલ (મહેસાણા)**

ઑગસ્ટ અંક વિષે : ટાઈટલ માટેનો 'કુમાર' શબ્દ સુંદર રીતે ઊપસી આવ્યો છે... ધન્યવાદ ! 'માનવ થાઉં તો ઘણું' લેખની શરૂઆતના પેરા માટે (સમજશક્તિ માટે) લેખક શ્રી સુધીર દેસાઈને ધન્યવાદ!

- તનસુખભાઈ ઓઝા (ભાવનગર)

સુધારો : ઑગસ્ટ અંકમાં ઝાંસીને (પૃ. ૬૧૬) કાવ્યમાં : ઉપરથી ત્રીજી લીટીના છેડે 'આંખો'ને બદલે 'આંખ' વાંચવું. સાતમી લીટીના છેડે 'હમા-શી'ને બદલે 'હૂમા-શી' વાંચવું, આઠમી લીટીમાં 'વિશ્વનવીને' બદલે 'વિશ્વનવીન' વાંચવું અને નીચેથી પાંચમી લીટીમાં 'અ.સૌ. સ્વ. દમયંતીબહેન' વાંચવા વિનંતિ છે.

તથાસ્તુ

ભરત ના. ભટ્ટ

'આવતી કાલે એક જરૂરી કામે તમને મળવા આવું છું.' સમીરને નિર્મલાનો સંદેશો મળ્યો ને તે પણ અલકાભાભી દ્વારા.

નિર્મલા હમણાં અહીં તેનાં માશીને ત્યાં આવી છે. પોતાને મળવા પણ નિરાંતે આવેલી. હવે આ સંદેશો ને આ મળવાનું શા માટે હશે? સમીરે વિચાર કરી જોયો પણ કશું પકડાયું નહીં. નિર્મલાને મળવાનું આમ તો તેને ગમતું જ હતું તેથી વિચારવાનું છોડી, ખુશ થઈ તે પોતાના કામે વળગ્યો.

નિર્મલા-સમીર પહેલવહેલાં મળ્યાં તેને આજે તો ઠીક ઠીક સમય થયો. ત્યારે નિર્મલા એક મોટા શહેરના વિશાળ ને વિશિષ્ટ શિક્ષણસંકુલના વિનયમંદિરમાં જ અભ્યાસ કરતી હતી. તેના પિતા આ જ સંકુલની કૉલેજમાં અધ્યાપક હતા. નજીકના શહેરની બી.એડ્. કૉલેજમાં સમીર એક-બે વર્ષથી અધ્યાપક તરીકે જોડાયેલો. આ શિક્ષણ-સંકુલમાં તે પોતાના ૧૦-૧૨ તાલીમાર્થીઓને લઈને આવેલો. નિર્મલાના પિતરાઈ ભાઈની ભલામણથી આ ગ્રૂપ અહીં આવેલું એટલે નિર્મલાનો પરિવાર તેઓનો સહજ યજમાન હતો.

'પિતાજી, સમીરભાઈ તો ખૂબ સારા અધ્યાપક છે. તેઓ તેમના વિદ્યાર્થીઓ પાસેથી બરાબર કામ લે છે તથા એટલી જ તેમની કાળજી રાખે છે.' જીવંત વિદ્યાર્થિની નિર્મલાએ બીજે જ દિવસે ખુશ થઈ પિતાજીને કહેલું.

એક દિવસ તે ઘરે સાંજે ઠીક ઠીક મોડી આવી. આવી ત્યારે તેની ખુશાલી ક્યાંય સમાય નહીં, જાણે ઊડતી જ ઘરમાં આવી ને ઓશરીમાં કૂદાકૂદ કરી મૂકી. તેનાં બાએ રસોડામાંથી આવીને પૂછ્યું, 'કેમ બેટા આટલી બધી આનંદમાં છે ?'

'કરુણ રકાસ, કરુણ રકાસ' તે માંડ માંડ બોલી શકી.

'કોનો?' 'આપણી કૉલેજનો.'

'શેમાં?' 'ક્રિકેટની મૅચમાં.'

'કોની સામે?' 'સમીરભાઈ સામે.'

'હેં?' તેના પિતાએ અચાનક લૉબીમાં આવી આશ્ચર્યથી પૂછ્યું,' એકલા સમીરભાઈ સામે આપણી કૉલેજ હારી?'

'સૉ...રી પ...પ્પા, સ..મી..ર..ભાઈની... આ..ગે..વાની..ની..ચે..ની..ટી..મ.. સામે.' હાંફતાં હાંફતાં તે માંડ બોલી. પછી જરા શ્વાસ ખાઈને કહે, 'પપ્પા, શું સમીરભાઈ રમે છે! એકલા તેમનો વિજય જરૂર કહી શકાય.'

આજે તો વળી નિર્મલા કાંઈક વિશેષ જ ખુશી હતી. જો કે આજે તેના હાથ-પગમાં તે વ્યક્ત નહોતી થતી. આજે માત્ર તેનો ચહેરો જ પરોઢની પ્રાચીની માફક ચમકતો હતો.

આજે સમીરભાઈ વિનયમંદિરના સંમેલનમાં વાર્તા કહેવા આવેલા. આજે બધાને બે સરસ - નવી વાર્તા તેમને મોંએથી સાંભળવા મળી : એક 'લૉસ્ટ ઇન ધ ડેઝર્ટ' ને બીજી 'નચિકેતા.' 'લૉસ્ટ ઇન ધ ડેઝર્ટ' સાંભળતાં સૌના શ્વાસ અધ્ધર ચડી ગયેલા. પિતા-પુત્રનું મિલન થતાં ભીની આંખ સાથે સૌને હાશકારો થયો!

નચિકેતાની વાર્તા તો હજી નિર્મલાના કાનમાં ગુંજતી હતી. નચિકેતાના પ્રશ્નો, યમરાજાના જવાબો, નચિકેતા દ્વારા વરદાન માગવું ને યમરાજાનું 'તથાસ્તુ' કહેવું. એ બધું સમીરભાઈએ એવી હૃદયસ્પર્શી રીતે રજૂ કરેલું કે નિર્મલાના મનગુંબજમાં 'તથાસ્તુ'ના પડઘા અવિરામ પડઘાતા રહ્યા.

હવે તો નિર્મલા સમીર સાથે ચર્ચા પણ કરતી. તેની પાસે કાવ્યો પણ શીખી ને પોતાના કિશોર-માનસમાં ઊઠતા અનેક પ્રશ્નોના ખુલાસા પણ મેળવ્યા. છેલ્લા દિવસોમાં તે પપ્પા દ્વારા વાહનની વ્યવસ્થા કરી હોંશથી નજીકનાં જંગલ - પહાડી પ્રદેશ બતાવવા પણ સમીરને લઈ ગઈ.

ચોમાસું પૂરું થવાનું હતું. વનરાજી ઘટ્ટ સદ્યસ્નાતા હતી. વનસ્પતિ-પરિધાનથી સજ્જ પહાડો સંસ્કૃત લાગતા હતા. ખડકો તેમ જ નદીપટનાં પથરા-રેતી સ્વચ્છ, રજરહિત હતાં. એ બધાં વચ્ચેથી વહ્યે જતું ચંચળ-નીતર્યું જળ પોતાના નિરાયાસ ધ્વનિ દ્વારા અવકાશને ભરતું હતું. વનશ્રી પરનાં પંખીઓના મંજુલ કિલકિલાટ વચ્ચે તેનો આ ધ્વનિ અનેક મધુર વાંજિત્રોના ધ્વનિ વચ્ચે વહેતા મૃદુલ મૃદંગધ્વનિ જેવો લાગતો હતો.

'સમીરભાઈ, આ સ્થિર-ચોખ્ખાં પાણીમાં પગ બોળીશું?'

'હા, ચાલ, પરંતુ પાણી જરા ઊંડું પણ છે હોં!'

'એટલે તો મજા પડશે. જરા વધુ પગ બોળાશે.'

'તમે તો બહુ આગળ ચાલ્યા ગયા.' સમીર જરા વધુ ઊંડા પાણીમાં ગયો એટલે નિર્મલાએ ગાલ ફુલાવી કહ્યું.

'હા, પણ તારે ત્યાં જ રહેવાનું. અહીં, તારાં કપડાં પલળી જાય.' 'પણ મારે આવવું હોય તો...'

'ન અવાય નિર્મલા, લે હું જ પાછો આવી જાઉં.' સમીર પાછો વળતાં બોલ્યો.

'ના, એમ નહીં. તમે થોડા પાછા આવો ને હું થોડી આગળ આવું. મને તમારે ટેકો આપવાનો.'

સમીરની મદદથી વધુ ઊંડા પાણીમાં જઈ નિર્મલા ખુશ થઈ ગઈ. પાણીમાંથી બહાર નીકળતાં કહે, 'હવે પેલી ટેકરી પર બેસી ચારે બાજુ જોતાં જોતાં નાસ્તો કરીશું, બરાબર!'

'નિમુ, હું થોડો નાસ્તો બનાવી આપીશ, તમે સાથે લેતાં જજો.' નિર્મલાનાં બાએ આ કાર્યક્રમ નક્કી કરતી વખતે કહેલું તે સમીરને યાદ આવ્યું. નિર્મલાના હાથમાંથી બાસ્કેટ સામે નજર કરી, હસીને કહે. 'હાસ્તો, નાસ્તો તો કરવો પડશે. તું તો મને ક્યારની રખડાવે છે.' સમીરની નાસ્તાની આતુરતા જોઈ નિર્મલાના પગમાં નવું ચેતન આવ્યું.

ટેકરી પર ચડી થોડી વાર મૌન રહી અચાનક નિર્મલા કહે, 'સમીરભાઈ, હવે એવું નક્કી કરીએ કે હું તમને કાંઈ પૂછું ને ત્યારે તમારે 'હા' નહીં કહેવાની પરંતુ 'તથાસ્તુ' કહેવાનું. થોડી નીરવતા પછી આગળ કહે, તમે વાર્તામાં 'તથાસ્તુ' બોલતા હતા તે મને ખૂબ ગમી ગયું છે ને એટલે.'

સમીરને ના પાડવાનું મન થયું પણ તેમ કરી શક્યો નહીં.

'બોલો, બરાબર છે ને?' 'હા, તેમ કરીશ.'

'તો પછી અત્યારે જ તેમ બોલો જોઈએ.' ઠેકડો મારી એક નાના ખડક પર ચડી જતાં નિર્મલા બોલી.

થોડી વાર નિર્મલા સામે જોઈ, હસી પડતાં કહ્યું, 'તથાસ્તુ'.

*

દસ દિવસને અંતે સમીરને જ્યારે વિદાય લેવાનો સમય આવ્યો ત્યારે નિર્મલા ખૂબ ઢીલી થઈ ગઈ. તેને હવે શિક્ષક ને ગુરુ તરીકે સમીરભાઈ સિવાય કોઈ દેખાતું જ નહોતું. એક મુગ્ધ, સરળ, સ્નેહાળ, જીવંત ને પિપાસુ કિશોરીનું રિક્ત એ હૃદયસિંહાસન હવે છલકાતું હતું.

સમીરને વિદાય આપતાં નિર્મલાના પિતાએ કહ્યું, 'હવે નિર્મલા બી.એડ્. કરવા તમારી પ્રાસે જ આવશે હોં.'

'જરૂર, એને તો હું હવે પરાણે પણ ખેંચી જઈશ.'

'જરૂર નહીં, 'તથાસ્તુ' બોલો.' મેઘશ્યામ વાદળ વચ્ચેથી અચાનક પૂર્ણચંદ્ર પ્રકાશી ઊઠે તેમ ગમગીની વચ્ચેથી ગમ્મત-પ્રફુલ્લતાએ નિર્મલાના ચહેરા પર દર્શન દીધું.

'નિર્મલા, તને તો 'તથાસ્તુ' ને સલામ બંને.' કહી, પહેલાં સલામ ભરી પછી વેદનાથી રતૂમડા પરંતુ પ્રફુલ્લતાથી ગુલાબી બનેલા ચહેરાવાળી નિર્મલાના ખભે હાથ મૂકી સમીરે વિદાય લીધી.

*

'આવ નિર્મલા, આવી ગઈને?' લગભગ આઠેક વર્ષ પછી કૉલેજની પોતાની કેબિનમાં પ્રવેશતી નિર્મલાને સમીરે આવકારી.

બી. એડ્. કરવા આવેલી, ઠીક ઠીક મોટી લાગતી ને સાડીમાં શોભતી નિર્મલા સામે સમીર જોતો રહ્યો.

જરા સંકોચ સાથે નિર્મલાએ કહ્યું, 'મારી સામે જોઈ શું રહ્યા છો? મને બેસવાનું તો કહો.'

'અરે હા, બેસ નિર્મલા, હું તો તારામાં પેલી કિશોરી નિર્મલાને શોધતો હતો. ' સમીરે હસીને કહ્યું.

'હું બહુ જુદી લાગું છું ને? કેવી હતી એ નિર્મલા?' એ સમયમાં પહોંચી જતાં નિર્મલાથી પુછાઈ ગયું.

'યાદ છે નિર્મલા, તું મને જંગલ-પહાડોમાં ફરવા લઈ ગયેલી. વાહન એક સ્થળે મૂકી આપણે અંદર-આગળ ગયેલાં. મારી માર્ગદર્શક તરીકેનો તારો ઉત્સાહ-દમામ નથી ભુલાયો.'

'રાખો હવે. વાતને તેમ જ મને બહુ ચડાવો નહીં.'

'નહીં નિર્મલા, તું મને પૂરો સાંભળી લે.' કોઈ ભાવ-વિશ્વમાં હોય તેમ સમીર બોલતો હતો. એ વનશ્રી, એ નિર્મળ, પ્રાણદાયી કુદરત વચ્ચે તારાં ચંચળ પગલાં, નિર્દોષ સ્મિત, સહજ માસૂમિયત ને મનહર ચતુરાઈ મારા મનમાં આજે પણ તાદૃશ્ય છે.'

જરા અટકી હસીને કહે : 'યાદ છે તને નિર્મલા ? તેં તે દિવસે ચટણી રંગનું સ્કર્ટ ને ઑફવ્હાઈટ ટૉપ પહેરેલું. ને તારા બંને ખભા પર ચટણી રંગની દોરીથી ગૂંથેલા બે ચોટલા કેવા રમતા હતા!'

'આટલું બધું તમને આજે પણ યાદ છે!' આશ્ચર્ય-આનંદ સાથે નિર્મલાથી પુછાઈ ગયું.

'હા, બધું યાદ છે. તારું એ કિશોરી રૂપ મને બહુ ગમેલું.'

થોડી શાંતિ પછી જરા કૃત્રિમ ગંભીરતા દાખવી નિર્મલા કહે, 'આજે હું તમારી પાસે બી.એડ્.ની વિદ્યાર્થિની તરીકે આવી છું. તમારે એ બધું ભૂલી મારો વર્તમાન સ્વીકારવાનો છે - મને માર્ગદર્શન આપવાનું છે. હવે હું મોટી થઈ ગઈ છું.' છેલ્લે ગંભીરતા ટકી નહીં ને અવાજ મૃદુ - મંદ બની ગયો.

વર્તમાનમાં પાછા ફરતા સમીરે પણ હકારમાં માથું ધુણાવ્યું.

નિર્મલાનું બી.એડ્.નું વર્ષ ધમાલમાં છતાં આનંદ-સંતોષથી પસાર થયું. નિર્મલાને આ વખતે પણ સમીરની અમીર ને સંતર્પક છાપ પડી. છેલ્લે છેલ્લે તેને પૂછવાનું મન થયું કે, 'સમીરભાઈ, પેલી સ્કર્ટવાળી નિર્મલાની જગ્યાએ આ સાડીવાળી નિર્મલા યાદ રહે તેવું કશું અનુભવાય છે કે નહીં ?...' પણ પૂછી ન શકી. વિદાય લેતી વખતે સમીરને ઘરે જઈ પગે લાગતાં કહે : 'શું આશીર્વાદ આપશો?'

'તું જે માગે તે. મારે 'તથાસ્તુ' જ કહેવાનું છે ને? ' બંને ખડખડાટ હસી પડ્યાં. 'કેવા લુચ્ચા છે!' નિર્મલાને મનમાં થયું, પછી પ્રગટ કહે.'તમારે પસંદ કરવાનું હોય તો તમે મને શું આશીર્વાદ આપો?'

'જબરી નીકળી હો તું તો નિર્મલા,' સમીરે કહ્યું ને પછી

વિચારતાં કહે, 'હું... તો... ઇચ્છું કે આવી સરસ તું કોઈનું ઘર શોભાવે ને હું ત્યાં તને સુખી-સંતુષ્ટ જોવા આવું.'

'લ્યો તો એ માગ્યું.'

'તો લે 'તથાસ્તુ' કહ્યું.' ફરી બંને હસી પડ્યાં.

*

સમીર લગ્ન માટે તૈયાર નહોતો તેમ ન કહી શકાય. હા, હમણાં હમણાં તે એ બાબતમાં રસ ઓછો લેતો હતો. વાસ્તવમાં વયસ્ક યુવતીઓનું તેના પ્રત્યેનું વલણ તેને નાખુશ કરી ગયું હતું. પિતાના મિત્રની ભલામણથી તે એક વાર સમકક્ષ પરંતુ અમદાવાદમાં રહેતા કુટુંબમાં કન્યા જોવા ગયેલો. પાત્ર સાથે વાત કરતાં તેને જાણવા મળેલું કે પોતાનાં માતા-પિતાના આગ્રહથી તે સમીરને મળવા તૈયાર થઈ છે બાકી 'પંતુજી' જીવનસાથી તેને પસંદ નથી. તે કોઈ ડૉક્ટરને પરણશે.

'બેટા, તેં ત્યાં ને ત્યાં જ શા માટે ના પાડી દીધી?' વળતાં લક્ઝરી બસમાં બાએ દુઃખ સાથે તેને ચાર-પાંચ વાર પૂછેલું પરંતુ સમીર મૂંગો જ રહેલો.

એક વાર સમીર ભાભીની સાથે એક પાત્રને જોવા ગયેલો. પાત્ર-પરિવાર તેને બધી રીતે યોગ્ય લાગેલાં. 'ભાભી, મંજૂર છે તમારી દેરાણી તરીકે તે. પરંતુ ઘરે જઈ બા-બાપુજી સાથે વાત કરીને જણાવશું ને?' ભાભીએ ખુશ થઈ સંમતિ આપેલી ને યજમાનોને એ પ્રમાણે કહેલું.

પણ... ઘરે પહોંચીને હજી તે જવાબ લખે તે પહેલાં તો સામેથી ફોન-સંદેશો મળી ગયો - 'અમારી પુત્રીને સમીર સારો યુવાન લાગ્યો પરંતુ તેનામાં જીવન માટેનો કોઈ જુસ્સો કે મહત્ત્વાકાંક્ષા નથી, આથી....'

આ પછી ભાભીએ કહેલું, 'સમીરભાઈ, આ ઉંમરે તમારામાં કશુંક મેળવવાની, કશુંક કરવાની મહત્ત્વાકાંક્ષા તો હોવી જોઈએ ને? તમે પણ એવી કોઈ મહત્ત્વાકાંક્ષા રાખો. આજનો જમાનો એવું માગે છે.'

થોડી વાર મૌન રહી સમીરે કહેલું, 'ભાભી, મારા ભવિષ્ય માટે મારા મનમાં એક મહત્ત્વની આકાંક્ષા છે.'

'સરસ, કહો જોઈએ શું છે એ?' ભાભીએ ઉત્સાહથી પૂછેલું.

'એ મહત્ત્વની આકાંક્ષા એટલે કોઈ મહત્ત્વાકાંક્ષી પાત્ર સાથે જીવન જોડવું નહીં તે.' સમીરે શાંતિથી કહેલું.

સમીરની ખૂબ નજીક એવાં તેનાં આ અલકાભાભી પણ આ પ્રસંગ પછી સમીર સાથે આ અંગે બહુ સહજ રીતે વાત કરી શકતાં નહોતાં.

આ પછી સમીર આ મુદ્દે ઉદાસીન થઈ ગયો ને ઘર શાંત કોલાહલમાં ગરકાવ થઈ ગયું.

સમય પસાર થતો ગયો તેવામાં નિર્મલા બી.એડ્. કરવા આવી ને પરિવારમાં ભળતાં વાતાવરણ - સમસ્યાથી વાકેફ થઈ. તાલીમ લીધા પછી તે સમીરના પરિવાર સાથે ને ખાસ તો ભાભી સાથે સંપર્કમાં રહી. એક વાર નિર્મલાએ પોતે જ એક પાત્રનો પ્રસ્તાવ ભાભી પાસે મૂક્યો ને વિગતે જણાવી. સમીરનાં બા-બાપુજી સાથે વાત કરી લેવાનું ભાભીને સોંપાયું.

'પણ તું નામ-પરિવારની થોડી તો વાત કર.' સમીરનાં બાએ પુત્રવધૂને કહ્યું.

'બા, નિર્મલાને સમીરભાઈ માટે કેટલાં આદર-માન છે તે તમે જાણો છો, આ બધું પૂછ્યા વગર આપણે માત્ર મંજૂરી આપીએ તેમ તે કહે છે તો તે કરશે તે યોગ્ય જ હશે તેમ માનીએ તો!'

'સમીર સુખી થાય એથી વધારે અમારે શું જોઈએ? એવો પ્રયત્ન હોય તો તું - તમે કહો તે કબૂલ.' કહી સમીરનાં બાએ વાતનો બંધ વાળ્યો પણ પછી, અચાનક ગંભીર પ્રશ્ન યાદ આવ્યો હોય તેમ તેમના કપાળમાં કરચલી પડી. બોલ્યાં, 'પણ બેટા, સમીરને આ કહેશે કોણ? મળવા મનાવશે કોણ?'

'એ જવાબદારી પણ નિર્મલા જ લેવાની છે. તેનું કહ્યું સમીરભાઈ જલદી ટાળી નહીં શકે.' અલકાએ કહ્યું.

'જો નિર્મલા એ કામ કરે ને સફળ થાય તો તો બેટા, તારા ને તેના મોંમાં ગોળ.' હળવાં થતાં સાવિત્રીબહેન બોલ્યાં ને પોતાનાં કામે ગયાં.

આ પછી સમીરને સંદેશો મળ્યો કે 'આવતી કાલે એક જરૂરી કામે તમને મળવા આવું છું.' - નિર્મલા.

'બોલ નિર્મલા, આમ અચાનક મારું એવું શું કામ પડ્યું કે તારે સંદેશો મોકલીને જણાવવું પડ્યું?' નમતા બપોરે બગીચામાં હીંચકે બેઠેલા સમીરે સામે ખુરશીમાં બેઠેલી નિર્મલાને પૂછ્યું.

'ભઈસાબ, જવાબદારી મોટી છે. તમારા જેવા હઠીલા, માફ કરજો, મક્કમ માણસને સમજાવવાના છે, પીગળાવવાના છે.' ગંભીર મોં કરી નિર્મલા બોલી.

'એવી કઈ બાબત છે નિર્મલા, કે જેમાં હું તને હઠીલો લાગ્યો?' જરા નવાઈથી સમીરે પૂછ્યું.

'સમીરભાઈ, તમારે ક્યાં કશી ઇચ્છા કે ચિંતા છે?' પોતાના અવાજમાં આવી ગયેલી હતાશાથી નિર્મલાને પણ નવાઈ લાગી. 'નિર્મલા, આપણી વાતો અંદરથી આવતી, પારદર્શક ને અભિપ્રાયુક્ત હોય છે એ ગમે છે.' બી.એડ્.ના કોર્સ દરમિયાન એક વાર નિરાંતના સમયે મન-ચિત્તની લાંબી વાતો થયેલી ત્યારે સમીરભાઈએ કહેલું તે નિર્મલાને આજે યાદ આવ્યું. તેણે સમીરભાઈ સામે જોયું તો તેને ત્યાં આ

વ્યવહારભંગનો પ્રશ્ન અને ખિન્નતા જણાયાં.

'માફ કરો, સમીરભાઈ લ્યોં સીધું ને સ્પષ્ટ જ પૂછું.' નિર્મલા બોલી. પછી જરા અટકી સમીરની બરાબર સામું તાકી રહી કહે, 'તમે કેમ લગ્ન માટે તૈયાર નથી થતા?'

'એવું તને કોણે કહ્યું?'

'એમાં કહેવાનું ક્યાં આવે છે? તમે કોઈ પાત્રને જોવા-મળવા તૈયાર જ નથી થતા ને!' જરા નારાજગી સાથે નિર્મલાથી બોલાઈ ગયું.

'એવું કાંઈ નથી. હું મળવા તૈયાર જ છું.'

'પણ બા જ કહે છે ને છેલ્લાં બે-ત્રણ વર્ષથી તમે કોઈ પણને આ માટે મળવાનું ટાળ્યું છે.'

'નિર્મલા', જરા ફિક્કું હસી સમીર બોલ્યો, 'વાસ્તવિકતા એ છે કે આ ગાળામાં કોઈ પણ પોતાની ઇચ્છાપૂર્વક મને મળવા આવ્યું નથી!' પછી જરા અટકીને કહે, 'જેને મારું વ્યક્તિત્વ પસંદ ન પડતું હોય પરંતુ બીજાના આગ્રહથી મળવા આવે તેવા પાત્રને શા માટે મળવું?'

લગ્નવયસ્ક યુવતીઓ માટે રોષ ને દયા, સાંપ્રત પરિસ્થિતિ માટે વેદના ને સમીરના અભિગમ માટે આદર. ત્રિવિધ અનુભૂતિ-પ્રવાહમાં નિર્મલા ઘડીક અવાક્ થઈ ગઈ. પછી એ બધું જાણે સ્મિત વડે નિઃશેષ કરતી હોય તેમ હસીને કહે, 'ઠીક, એ બધી વાતો છોડો. મૂળ વાત કરું તો... તમારા પરિવાર પાસે એક પાત્રનું સૂચન આવ્યું છે ને તમે એ અંગે સક્રિય થાઓ તેમ કહેવા - વિનંતી કરવા આવી છું.'

'હા, પણ એ પાત્ર કેવી રીતે તૈયાર થયું છે? તેની ઇચ્છા, તેના જીવનના ખ્યાલો વગેરેનો મુદ્દો મહત્ત્વનો નથી?' સમીર.

'એ માત્ર સામેથી તૈયાર થયું છે.'

'નિર્મલા, વાત જલદી ગળે ઊતરતી નથી.'

'મારામાં વિશ્વાસ રાખો. બોલો મળશો ? તમને ગમે તો 'હા' પાડશો?'

'પણ નિર્મલા...'

'બધી લપ-ચિંતા અત્યારે છોડો. તમારા મનમાં કોઈ પ્રશ્ન છે? દેખાવ, ભણતર વગેરે માટે કાંઈ પ્રશ્નો ઉદ્‌ભવે છે?'

'ના, એવા કોઈ પ્રશ્નો નથી. તું ઓળખે છે ને બા-બાપુજી પણ જાણતાં જ હશે.'

'આમ જુઓ તો..' કહી નિર્મલા જરા અટકી, ખુરશીમાંથી ઊભી થઈ ચોક્કસ ભંગિમા ધારણ કરી ઊભી રહી ને પછી સંકોચ મિશ્રિત લાડથી કહે, 'મારો દેખાવ તમને ગમે છે તેમ હું માનું છું, સાચું ?'

'હા, તું સુંદર છે ને સુંદર લાગે છે.' અલિપ્ત ખુશાલીથી સમીરે કહ્યું.

સંતર્પક ભાવ સાથે નિર્મલા કહે, 'આભાર, એ માત્ર દેખાવમાં લગભગ મારા જેવું છે. વધારામાં ભણતર સારું ને ઘર સંસ્કારી...'

'પણ તેની ઇચ્છા...'

'ભાભી કહેતાં હતાં કે, તમે બંને પરસ્પર સારી રીતે પરિચિત પણ છો.'

અત્યાર સુધીમાં હળવો થઈ રસિક બનતો જતો સમીર આતુરતાથી પૂછી બેઠો,'કોણ છે એ ? મને કહે નિર્મલા.'

લુચ્ચું ગાંભીર્ય ધારણ કરતી નિર્મલા કહે, 'નહીં, આમાં ઉતાવળ ન ચાલે. પહેલાં તો મળવાનું વચન આપો ને મેં કહ્યું તે સાચું નીકળે તો 'હા' 'પાડવા બંધાવ, પછી આગળ વાત.'

પકડાઈ ગયાનો ક્ષોભ તરત ખંખેરતાં સમીર કહે, 'તું જબરી તો ખરી હો, નિર્મલા. પરંતુ ચાલો બંધાવામાં વાંધો નથી. તું નામ કહે...

'નામ કહેવાની શું જરૂર છે? અહીં હાજર જ કરું તો ?'

'અહીં જ છે ? ક્યાં ?'

'પાછળના પડોશમાં જ બોલાવી-બેસારી રાખી છે. અહીં જ તમે રહેજો. હું બોલાવી લાવું.' નિર્મલા ઘરમાં ગઈ.

થોડી વારમાં તે પાછી ફરી. સમીર તેની પાછળ કોઈને શોધતો કુતૂહલથી જોઈ રહ્યો. કોઈ તરત ન દેખાતાં પુછાઈ ગયું: 'ક્યાં છે?'

'સી...સ્...સ...' નાકે આંગળી મૂકી નિર્મલાએ સમીરને ચૂપ રહેવા કહ્યું ને પછી જરા મૌન રહી સમીર સામે બરાબર આવી અત્યંત'મૃદુ સ્વરે કહે, 'આ હું તમારી સામે ઊભી છું તે તમને નથી દેખાતી?'

'તું પોતે?' અવાક્‌પણામાંથી માંડ થોડો સ્વર નીકળ્યો.

'હું પોતે ન હોઈ શકું?'

'તું તો મારી વિદ્યાર્થિની. મારા માટે તને આદર ને માન. હું તો તારો વડીલ ગણાઉં.'

'શું તમારી વિદ્યાર્થિની તમને ચાહી ન શકે?' નિઃસહાયતાના ભાવ સાથે નિર્મલાએ પૂછ્યું, થોડી શાંતિ છવાઈ. પછી વૃક્ષ પર કશું જોવાને મિશે મોં ફેરવી કહે, 'તમારા માટેનાં આદર-માન ક્યારે પ્રણયરૂપ બની ગયાં તેની મનેય ખબર નથી.'

'ના પણ નિર્મલા, એમ તો... સાચું કહું તો મેં તને એ નજરે... તારા માટે મારા મનમાં માત્ર શુભેચ્છા... તારું કલ્યાણ....' જે કહેવાની કદી જરૂર જ ન હોય તેવું કહેતાં

સમીર થોથવાયો.

'પણ હવે જુઓ,' કહી અવાજમાં જરા ટીખળ લાવી કહે, 'વડીલ હોવાના વહેમમાંથી નીકળી જાઓ ને કહો કે હું તમને પસંદ નથી એવું છે?' નિર્મલાના અવાજમાં અંતે અપમાનિત થયાનો ભાવ આવી ગયો.

'ના, એવું ન માનતી નિર્મલા, પણ...'

'જુઓ સમીરભાઈ, તમને કિશોરી નિર્મલા ખૂબ યાદ છે, બી.એડ્‌ની યુવતી નિર્મલા પણ ભુલાતી નથી, આ શું છે? મારાં આ બંને રૂપો તમારી પાસે વિદ્યાર્થિની રૂપે ન આવ્યાં હોત તો આજે તમે 'ના' પાડત?'...

'બોલો, સાચો જ જવાબ આપજો.'

દ્વિધામાં ભમતો સમીર હસીને કહે, 'તો મેં હા પાડી હોત.'

નિર્મલાએ પોતાના ચિત્તમાં જાગેલા પ્રણયને ઓળખ્યો ત્યારથી તેને તેની સચ્ચાઈ ને સફળતા માટે કોણ જાણે ક્યાંથી પણ ઊંડો વિશ્વાસ હતો, અડગ શ્રદ્ધા હતી. આમ છતાં તેનું મન એટલી જ આશંકા ને દહેશત અનુભવતું. આજે તો સવારથી તેનું હૃદય ધક્‌ ધક્‌ કરતું હતું. સમીરભાઈને મળવા-મનાવવાનું કામ તેને છેલ્લી ક્ષણોમાં તો સરસ જ લાગેલું.

પણ...? સમીરના આ જવાબે તેના મનની આશંકારૂપી દીવાલના કણ-કણને તોડી-ઉડાડી નાખ્યા.

નિર્મલા આનંદના ધબકારાને કાબૂમાં લઈ, પોતે માત્ર માધ્યમ જ હોય તેમ ભિન્ન રોલમાં આવી, કહે, 'તો પછી કોઈ કોઈની વિદ્યાર્થિની હોય તે જ તેનો ગુન્હો ને?'

'ના, એમ નહીં. પરંતુ મને.. થોડો... સમય...'

'સમય-બમય હવે નહીં મળે,' નિર્મલા એવા ભાર સાથે આ શબ્દોને છૂટા પાડીને બોલી કે સમીર પણ હસી પડ્યો.

'હસવાનું નથી. મને જવાબ આપો. મારે મને સોંપાયેલા કામનો અહેવાલ દેવાનો છે.' નિર્મલાના પ્રયત્ન છતાં અવાજની કૃત્રિમતા લાંબી ન રહી.

'હા, બસ?'

'હા નહીં, શું કહેવાનું છે તે યાદ છે ને?.... સમીરભા..., એ શરત હવે તો જિંદગી...ભ...ર...' લાલિત્યે કંઠ રૂંધાયો.

'હા, યાદ છે ને! લે 'તથાસ્તુ'.'

બીજી જ ક્ષણે ત્યાંથી નિર્મલા હરિણીની ત્વરિતતાથી પરંતુ નવોઢાની નીરવતાથી નાસી ગઈ. ઉલ્લાસ અને આમન્યાએ તેને ઘેરી લીધી હતી. □

ગ્રાહકોને વિનતિ : પત્રવ્યવહાર કે લવાજમ મોકલતી વખતે આપનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું લખવું અગત્યનું છે. મનીઓર્ડરની સ્લિપમાં ગ્રાહકનંબર અને પૂરું સરનામું લખવાનું રહી ન જાય એની ચોકસાઈ કરવી જરૂરી છે.

પ્રસંગપરાગ

વાસ્તવિક્તાનો પ્રત્યક્ષ પાઠ

વિનોદ અધ્વર્યુ

પુસ્તકિયા જ્ઞાનના પોપટપાઠ ઉચ્ચારીને, છાપાં-ચોપાનિયાંને આધારે માત્ર ચર્ચાવિવાદો કરીને કંઈક કરી રહ્યાનો આત્મસંતોષ અનુભવતા અને બૌદ્ધિક્તાનું ગુમાન દાખવી અન્યોથી ઊંચેરા હોય તેમ ગર્વફેર ફરતા નવયુવાનોને વ્યોમવિહારમાંથી નક્કર ધરતી પર ઉતારવાનું જરૂરી હોય છે – ને તે પણ ભાવનાઓને ભાંગ્યા વગર, ઉત્સાહને આઘાત પણ પહોંચાડ્યા વગર.

વડીલ વિજ્ઞાનશિક્ષક રામભાઈકાકામાં એમ કરવાની કળા હતી. પટેલના બોર્ડિંગના આદર્શ કહી શકાય તેવા ગૃહપતિ, ઉત્તમ વિજ્ઞાનશિક્ષક અને સાચા રાષ્ટ્રવાદી રામભાઈકાકા સૌના આદરણીય વડીલ હતા. ગમે તેવી ઉગ્ર ચર્ચાને એ એક મર્માળી ટકોરથી સમાપ્ત કરી દેતા. વાસ્તવિકતા, વ્યવહારુતા અને નક્કરતા એમને ખેડૂતજીવનના કૌટુંબિક વારસામાં મળ્યાં હશે. સમજબુદ્ધિનો મહિમા એમની પાસેથી શીખવા મળતો.

અમે નવલોહિયા વિદ્યાર્થીઓ, હજી મેટ્રિકમાં નહીં પહોંચેલા. પણ વાચન-વાતોથી બૌદ્ધિકતાનો કાંટો રાખી ફરીએ. તાજેતરમાં જ બહાર પડેલું મીનુ મસાણીનું પુસ્તક 'અવર ઈન્ડિયા' વાંચ્યા પછી જ્યાં ત્યાં અમને એના સંદર્ભો જ નજરે પડતા. એક વખત વિજ્ઞાન વર્ગ આગળ જ કંપાઉન્ડમાં છાણનો પોદળો પડેલો જોયો. અમે તરત જ પેલા 'અવર ઇન્ડિયા'ના નશા નીચે બોલી ઊઠ્યા : 'ખાતરનો કેવો બગાડ ?' અને ઓટલા પર ઊભેલા રામભાઈકાકાનેય જાણે જ્ઞાન આપવા માંડ્યું. 'આ છાણને આપણા બગીચામાં નાખ્યું હોય તો પણ કેટલો ફાયદો થાય ?!' કાકાએ મૂછમાં હસતાં એટલું જ કહ્યું, 'તો નાખી આવને ! તને કોઈ ના પાડે છે?' અમે ડઘાઈ ગયા. કાકાએ ઉમેર્યું. 'આપણે સૌ ચર્ચાઓ કરીએ છીએ, એકે કામ કરતા નથી.' મસાણીનો નશો ઊતરી ગયો. હવે તો છાણ ઉપાડીને બગીચામાં નાખવું જ રહ્યું. નાખી આવ્યા – એટલે ટાંકી પર હાથ ધોવડાતાં કાકા કહે : 'અભાવ જાણકારીનો નથી, જે જાણીએ છીએ તેનો અમલ કરવાનો છે.'

હજી અમારો ઉત્સાહ પૂરો શમ્યો ન હતો, એટલે વળી એ પુસ્તકમાં વાંચેલી જ દલીલ કરી : 'આપણા લોકો રાંધવામાં છાણાં બાળીને કેટલો દુર્વ્યય કરે છે? એટલું છાણ ખાતર તરીકે વપરાય તો કેટલું વધુ અનાજ પેદા થઈ શકે ?' કાકા હસ્યા : 'એ અનાજ પેદા થાય ત્યાં સુધી પેલા રાંધે શાના વડે? ભૂખ્યા રહે ?' અમારી પાસે જવાબ ન હતો ! મસાણીએ છાણને બદલે વપરાય તેવાં અન્ય બળતણનો વિકલ્પ આપેલો ન હતો!

કાકાએ અમને પુસ્તકમાંથી નક્કર ધરતી પર મૂકી દીધા!□

આવો, શીખીએ અંગ્રેજી (૧૩)

ધનુભાઈ મહેતા

ચાલુ પૂર્ણકાળ (The Continuous Perfect Tenses)

આરસ કે પથ્થર-ચોસલાનું સુશ્લિષ્ટ સંવિધાન એટલે તાજમહાલ જેવી બેનમૂન શિલ્પ-કલાકૃતિ. અર્થ અને ભાવયુક્ત શબ્દ-ચોસલાની સુશ્લિષ્ટ બાંધણી એટલે ઉત્કૃષ્ટ સાહિત્ય-કલા કૃતિ, પછી ભલે તે પદ્યમાં હોય કે ગદ્યમાં. આવી કૃતિનું નિર્માણ માગે છે ભાષાપ્રભુત્વ. ભાષા પરની પકડ માટે વ્યાકરણશુદ્ધ શબ્દ-ગૂંથણી અનિવાર્ય છે, અને તે માટે કાળની ઊંડી સમજ હોવી જરૂરી છે. જીવનમાં શું કે વ્યાકરણમાં શું, કાળની ગતિ તો ન્યારી છે! કુલ બાર કાળ છે તેમાંથી નવ કાળ તો આપણે શીખી લીધા છે. અને હવે આ પાઠમાં ચાલુ પૂર્ણ વર્તમાન, ભૂત અને ભવિષ્ય એટલા ત્રણ બાકી ચાલુ પૂર્ણ કાળ શીખવાના છીએ.

પહેલાં ચાલુ પૂર્ણ વર્તમાન કાળ સમજીએ. ચાલુ પૂર્ણ વર્તમાનકાળને અંગ્રેજીમાં 'The Present Perfect Continuous Tense' કહેવાય. કોઈ ક્રિયા વર્તમાનમાં પૂર્ણ તો થઈ ગઈ છે પણ હજી ચાલુ છે એવું વિધાન તે ચાલુ પૂર્ણ વર્તમાન. પ્રથમ ગુજરાતીમાં વર્તમાનકાળના આ ચારે પ્રકારની વાક્યરચના જોઈએ: હું હાલમાં અંગ્રેજી શીખવું છું. (સાદો વર્તમાનકાળ)

હું હમણાં દેવલને અંગ્રેજી શીખવી રહ્યો છું. (ચાલુ વર્તમાન કાળ)

મેં તમને અંગ્રેજી શીખવ્યું છે. (પૂર્ણ વર્તમાનકાળ)

છેલ્લાં પંદર વરસથી હું આ શાળામાં અંગ્રેજી શીખવું છું. (ચાલુ પૂર્ણ વર્તમાનકાળ) - અર્થાત્ અંગ્રેજી શીખવવાની ક્રિયા પૂર્ણ તો થઈ ગઈ છે તેમ છતાં હજી પણ તે ક્રિયા ચાલુ છે એ મુદ્દા પર ભાર છે.

ચાલુ પૂર્ણ વર્તમાનકાળનું સૂત્ર (Formula) આ પ્રમાણે બને, કર્તા + have been કે has been માંથી કર્તા પ્રમાણે અનુરૂપ હોય તે + ક્રિયાપદનું વર્તમાન કૃદંત.

આ સૂત્ર સદૃષ્ટાંત સમજવા માટે થોડાંક વાક્યો લઈએ.

૧૯૪૩થી હું અંગ્રેજી શીખવી રહ્યો છું.

I have been teaching English since 1943.

આશરે સાઠ વર્ષથી અશોકકુમાર સિનેતારક તરીકે ફિલ્મોમાં ભૂમિકા ભજવી રહ્યા છે.

Ashokkumar has been playing a role as a filmstar for about sixty years. (to play a role - ભૂમિકા ભજવવી, a filmstar - ફિલ્મસ્ટાર - સિને-તારક).

અમે આ ઘરમાં ઘણાં વર્ષોથી રહીએ છીએ.

We have been living in this house for many years.

તે તેની જુવાનીના કાળથી રાજકારણમાં રસ લઈ રહ્યો છે.

He has been taking interest in politics since his youth. (Politics - પૉલિટિક્સ - રાજકારણ, youth - યુથ - જુવાની.)

ચાલુ પૂર્ણ વર્તમાનકાળના કથન-વાક્યનું નકાર કરવા માટે કર્તા પછી તેના સંદર્ભમાં has કે haveમાંથી જે યોગ્ય હોય તે મૂકીને 'not' મૂકવું અને પછી been મૂકીને ક્રિયાપદનું વર્તમાન કૃદંત વાપરવું. દાખલા તરીકે :

શરૂઆતથી જ તે તેની ફરજ બરાબર અદા કરતો નથી.

He has not been performing his duty well from the very start.

ઘણા સમયથી મારી તબિયત બરાબર રહેતી નથી.

I have not been keeping well since long.

શ્રીમતી મહેતા તેના બચત ખાતામાં કાંઈ રકમ જમે કરાવતાં નથી. Mrs. Mehta has not been depositing any amount in her savings bank account. (to deposit - ડિપૉઝિટ- પૈસા જમે કરાવવા - amount - અમાઉન્ટ - રકમ; savings bank account - સેવિન્ગ્ઝ બૅન્ક એકાઉન્ટ - બચત ખાતું).

કર્તાનુસાર વાક્યને પ્રારંભે 'have' કે 'has'માંથી જે યોગ્ય હોય તે મૂકીને કર્તા મૂક્યા બાદ 'been' વાપરીને ક્રિયાપદનું વર્તમાન કૃદંત મૂકવાથી ચાલુ પૂર્ણ વર્તમાનકાળનું પ્રશ્ન-વાક્ય બને. ઉદાહરણરૂપ વાક્યો જુઓ:

શું તમે છેલ્લા ત્રણ દાયકાથી આ શાળામાં નોકરી કરી રહ્યા છો ?

Have you been serving in this school for about three decades? (a decade - ડિકેડ - દસકો.)

તેની નેવું વરસની ઉંમરે પણ શું શ્રી જગન મહેતા છબી પાડવાનું કામ કરી રહ્યા છે ?

Has Mr. Jagan Mehta been doing photography even at his age of ninety?

ચાલુ પૂર્ણ વર્તમાનકાળ બરાબર સમજ્યા હશો તો હવે ચાલુ પૂર્ણ ભૂતકાળ એટલે કે, 'The Past Perfect Continuous Tense' સમજવો સરળ થશે. પ્રથમ ગુજરાતીમાં તેના ચારે પ્રકાર શીખી લઈએ :

વરસાદ વરસ્યો. (સાદો ભૂતકાળ)

વરસાદ વરસતો હતો. (ચાલુ ભૂતકાળ)

વરસાદ વરસ્યો હતો. (પૂર્ણ ભૂતકાળ)

ગઈ કાલ સાંજથી વરસાદ વરસી રહ્યો હતો. (ચાલુ

વર્તમાનકાળ)

ભૂતકાળમાં શરૂ થયેલી તે ચાલુ જ રહી તે વરસવાની ક્રિયા એવું વિધાન તે ચાલુ પૂર્ણ ભૂતકાળનું વિધાન થયું. અંગ્રેજીમાં ચાલુ પૂર્ણ ભૂતકાળની રચનાનો વાક્યક્રમ આ પ્રમાણે સમજવો : પ્રથમ કર્તા આવે, પછી આવે 'nad'- તેને કોઈ પુરુષનાં કે વચનનાં બંધન નહિ, કારણ કે 'to have' નું ભૂતકાળ અને ભૂતકૃદંતનું રૂપ ત્રણે પુરુષ અને બન્ને વચનમાં 'had' જ થાય છે, ત્યાર પછી 'been' વાપરીને ક્રિયાપદનું વર્તમાન કૃદંત મુકાય. ઉપરની ગુજરાતી વાક્યરચનાઓ ઉદાહરણરૂપે જોઈ તે જ વાક્યોનું અંગ્રેજી કરીએ :

વરસાદ વરસ્યો. It rained.

વરસાદ વરસતો હતો. It was raining.

વરસાદ વરસ્યો હતો. It had rained.

ગઈ કાલ સાંજથી વરસાદ વરસતો હતો.

It had been raining since last evening.

કલાકો સુધી લોકો ઢોલ વગાડી રહ્યા હતા.

People had been beating drums for hours to-gether. (to beat a drum - ટુ બીટ અ ડ્રમ - ઢોલ વગાડવો, for hours to-gether - કલાકો સુધી).

વાદળો આખી રાત ગર્જી રહ્યાં હતાં.

Clouds had been thundering the whole night. (to thunder - થન્ડર - ગર્જવું.)

અમારી મુસાફરી દરમિયાન પવન સતત પ્રચંડ રીતે ફૂંકાઈ રહ્યો હતો. - Through out our journey it had been continuously blowing hard. (to blow hard - બ્લો હાર્ડ - પ્રચંડ રીતે ફૂંકાવું.)

ચાલુ પૂર્ણ ભૂતકાળના વિધાન વાક્યને નકારાત્મક બનાવવા માટે કર્તા + had + not + been + ક્રિયાપદનું વર્તમાન કૃદંતનું રૂપ વાપરવું. દા. ત.-

થોડાક દિવસથી તેની તબિયત સારી રહેતી ન હતી.

He had not been keeping fit for a last few days. (to keep fit - ટુ કીપ ફિટ - તબિયત ઠીક રહેવી.)

તે કદી દવા લેતો ન હતો.

He had never been taking medicine.

ચાલુ પૂર્ણ ભૂતકાળના વિધાન વાકયનું પ્રશ્નમાં રૂપાંતર કરવા માટે વાક્યને પ્રારંભે 'had' + કર્તા + 'been' + ક્રિયાપદનું વર્તમાન કૃદંત વાપરવું. જેમ કે -

તે નિયમિતપણે સવારે ફરવા જતો હતો?

Had he been going out for a walk regularly ?

શ્રીમતી ગાંધી તેની બાલ્યાવસ્થાથી જ ઇન્ગ્લંડમાં અભ્યાસ કરતાં હતાં ? - Had Mrs. Gandhi been studying in England since her childhood ?

બાર કાળમાંનો છેલ્લો તે ચાલુ પૂર્ણ ભવિષ્યકાળ - the future perfect continuous tense.' ભવિષ્યમાં અમુક ક્રિયા પૂરી થઈ હશે તેમ છતાં તે ચાલુ હશે એવો અર્થ સ્પષ્ટ કરતું વિધાન તે ચાલુ પૂર્ણ ભવિષ્યકાળનું વિધાન કહેવાય. ગુજરાતીમાં ચારે પ્રકારના ભવિષ્યકાળની વાક્યરચના કેમ બને છે તે સમજવા માટે ચારે પ્રકારનાં વાક્યો જોઈએ :

(૧) વસંતમાં ફૂલો ખીલશે. (સાદો ભવિષ્યકાળ)

(૨) વસંતમાં ફૂલ ખીલતાં હશે. (ચાલુ ભવિષ્યકાળ)

(૩) વસંતમાં ફૂલો ખીલ્યાં હશે. (પૂર્ણ ભવિષ્યકાળ)

(૪) વસંતમાં ફૂલો ખીલી રહ્યાં હશે. (ચાલુ પૂર્ણ ભવિષ્યકાળ)

ઉપરનાં ચારે વાક્યોનું અંગ્રેજી નીચે પ્રમાણે થાય :

(1) Flowers will bloosom in spring.

(2) Flowers will be bloosoming in spring.

(3) Flowers will have bloosomed in spring.

(4) Flowers will have been bloosoming in spring.

ઉપર ક્રમ ૪માં અંગ્રેજી ચાલુ પૂર્ણ ભવિષ્યકાળના વાક્ય પરથી ગુજરાતી ચાલુ પૂર્ણ ભવિષ્યકાળના વિધાન વાકયનું અંગ્રેજી કરવા માટેનું સૂત્ર આ પ્રમાણે બને. કર્તા + વાકયના કર્તા પ્રમાણે 'shall have' કે 'will have' + 'been' + ક્રિયાપદનું વર્તમાન કૃદંત. સૂત્ર મનમાં બરાબર ઠસે તે માટે ઉદાહરણરૂપ થોડાંક ગુજરાતી વાક્યોનું અંગ્રેજી કરીએ :

શિશિરમાં ફૂલો કરમાયે જતાં હશે.

Flowers will have been withering in autumn. (to wither - વિધર - કરમાવું, autumn - ઓટમ - શિશિર ઋતુ)

પટાવાળો ઘંટ વગાડી રહ્યો હશે.

The Peon will have been ringing the bell.

સૈનિકોએ કૂચ જારી રાખી હશે.

Soldiers will have been marching.

'પાથ ફાઈન્ડર' મંગળ પર તેની કામગીરી બરાબર બજાવી રહ્યું હશે. - The 'Path Finder' will have been functioning properly on the Mars. (to function - ફંક્શન - કામગીરી બજાવવી, The Mars - માર્સ - મંગળ).

અમેરિકામાં તમે તમારું ગાડું ગબડાવે જતાં હશો.

You will have been doing well there in America.

ચાલુ પૂર્ણ ભવિષ્યકાળના વિધાન વાકૂયનું નકાર કરવા માટે 'shall have' કે 'will have'ની પછી ફક્ત 'not' જ મૂકવું. નકાર માટેનો નિયમ ચાલુ પૂર્ણ વર્તમાન અને ભૂતકાળમાં શીખી ગયા તેવો જ છે. દાખલા પરથી તે સ્પષ્ટ થશે :

નવી જગ્યાએ તમે અગવડ અનુભવતા હશો નહિ.

You will not have been feeling uncomfortable in a new place. (to feel uncomfortable - ટુ ફીલ અન-

એન્ટિમોનિયમ ક્રુડમ - ANTIMONIUM CRUDUM

........હેમેન્દ્ર એ. શાહ

સલ્ફાઈડ ઓફ એન્ટિમની - એક પ્રકારની ધાતુ છે. કોઈ પણ ઉંમરની વ્યક્તિ હોય - બાળક, વૃદ્ધ યુવાન જેનું વજન બિનકુદરતી રીતે વધતું હોય તેને એન્ટિમોનિયમ ક્રુડમ આપવાથી ઘણો ફાયદો થાય છે.

દરિયામાં, સ્વિમિંગ પુલમાં કે નદીમાં લાંબો વખત નહાવાથી, તરવાથી, પાણીમાં પડ્યા રહેવાથી માંદા પડાય અથવા શરદી, તાવ કે બીજો કોઈ રોગ થાય તેને માટે એન્ટિ. ક્રુ. એક અતિ સુંદર દવા છે. એન્ટી. ક્રુ. નો દર્દી ખુલ્લી હવા પસંદ કરે છે પરંતુ ઠંડા પાણીથી નહાવાથી તથા રાતની ઠંડીથી તેની તકલીફો વધે છે. શેક કરવાથી, હલનચલન કર્યા વગર પડી રહેવાથી, ગરમ પાણીમાં નહાવાથી તેને આરામ રહે છે.

તડકાથી, અત્યંત ગરમ વાતાવરણથી તેની તબિયત બગડે છે. ઘણી વાર તેને સતત ખાંસી શરૂ થઈ જાય છે. આવા દર્દીને ખાટી વસ્તુ ખાવી ઘણી ગમે છે પરંતુ ખટાશ તથા તળેલી (તેલવાળી) વસ્તુઓ જરાય માફક આવતી નથી.

એન્ટિમોનિયમ ક્રુડમનો દર્દી-બાળક નહાવાથી, પાણીથી ગભરાય છે અને રડવાનું શરૂ કરી દે છે. બાળક ઘણું ચીડિયા સ્વભાવનું થઈ જાય છે. આવું બાળક માતાની ગોદમાં પડી રહેવાનું પસંદ કરતું હોય છે અને તેની છાતીના ધબકારા વધી જતા હોય છે. આવા બાળકની જીભ ઉપર એકદમ સફેદ થર બાઝેલો હોય તો એન્ટિમોનિયમ ક્રુડમ અત્યંત ઉપયોગી અને અસરકારક ઔષધ માલૂમ પડ્યું છે.

વૃદ્ધ માણસને કોઈ વાર ઝાડા તો કોઈ વાર કબજિયાત એ પ્રકારની ટેન્ડસી, વૃત્તિ રહેતી હોય, વારંવાર ગુસ્સો તથા ગમગીની રહેતી હોય તો એ. ક્રુ. લેવું જોઈએ.

કોઈ પણ ઉંમરની વ્યક્તિને પગમાં કણી હોય, ચાલવામાં તકલીફ રહેતી હોય, પગના તળિયાનો દુઃખાવો રહેતો હોય તેને માટે આ દવા ઘણી અકસીર છે.

વારંવાર ઑડકાર આવતા હોય, ઓડકારમાં ખાધેલી વસ્તુની ગંધ આવતી હોય, વાસંચળ થતો હોય, નહાવાથી માથું ભારે થઈ જતું હોય ત્યારે પણ એ. ક્રુ. સારું કામ આપે છે.

પ્રેમલગ્ન થવાથી માનસિક અસર થઈ હોય, પાણીમાં પડીને આપઘાત કરવાનો વિચાર, વાતવાતમાં ગુસ્સો, ઉદાસીનતા, રડમસ અને ગમગીન વલણ વ. માટે આ દવા અસરકારક છે. પેટની તકલીફો હોય, ખોરાક વારંવાર પચતો ન હોય, ખાસ કરીને જીભ ઉપર સફેદ છારીનું પડ જામેલું રહેતું હોય તેને એન્ટિમોનિયમ ક્રુડમ આપવી જ જોઈએ.

એ. ક્રુ. દરેક પ્રકારના તાવમાં ઉપયોગી ઔષધ છે, પરંતુ ટાઈફોઇડમાં વિશેષ લાભદાયક પરિણામ આપે છે. ખાવા-પીવા પ્રત્યે અરુચિ થાય, ખાટાં અથાણાં ખાવાની પ્રબલ ઇચ્છા થતી હોય, ચર્બીવાળો વજન વધારે તેવો ખોરાક, તેલવાળી વાનગીઓ વ. ખાવાની ઇચ્છા માટે પણ ઍન્ટિમોનિયમ ક્રુડમ દર્દીને આપવી જોઈએ.

ઘણા હોમિયોપથીના નિષ્ણાતો હરસમસા તથા પૂંઠમાંથી નીકળતા થોડા થોડા પ્રવાહી માટે પણ એન્ટિમોનિયમ ક્રુડમનો ઉપયોગ કરે છે. □

કમ્ફર્ટેબલ - અગવડ અનુભવવી.)

આ બાબતમાં હવે શ્રી દેસાઈ આગળ વધતા હશે નહિ.

Mr. Desai will not have been proceeding in this matter now. (To proceed - ટુ પ્રોસિડ - આગળ વધવું).

છોડવાઓ પર હવે કળીઓ ફૂટતી હશે નહિ.

• Plants will not have been budding now.

(to bud - બડ - કળી ફૂટવી.)

ચાલુ પૂર્ણ ભવિષ્યકાળના વિધાન વાક્યને પ્રશ્ન વાક્યમાં ફેરવવા માટે વાકયના પ્રારંભે કર્તાના સંદર્ભમાં 'shall' કે 'will' મૂકવું. ત્યાર પછી કર્તા મૂકીને 'have been' અને ક્રિયાપદનું વર્તમાન કૃદંત મૂકવું.

શું હવે તેઓ બધા ત્યાં બરાબર ગોઠવાઈ ગયા હશે ?

Will they have been settling well there now ?

(To settle - ટુ સેટલ - ગોઠવાઈ જવું.)

આ ઋતુમાં શું ખેડૂતો તેમનાં ખેતરોમાં બટાટાનું બિયારણ વાવી રહ્યા હશે ?

Will the farmers have been sowing potato seeds in their fields in this season ?

(to sow - ટુ સૉ - વાવવું, potato seeds - પૉટેટો સીડ્ઝ - બટાટાનું બિયારણ.)

કૉન્ગ્રેસ પક્ષ આગામી ચૂંટણી માટે તૈયારી કરી રહ્યો હશે?

Will the congress party have been preparing for the ensuing elections. (to ensue - એન્શ્યૂ - પાછળથી આવવું - આગામી).

અંગ્રેજીમાં ત્રણે પૂર્ણ કાળના નિયમો - સૂત્રો આ પાઠમાં શીખ્યા. તેનાં હકાર-નકાર વિધાન વાક્યો તેમજ પ્રશ્ન વાક્યો કેમ બને તે પણ સમજ્યા. વળી, આ છેલ્લા ત્રણ કાળ શીખતાં શીખતાં આપણે આગળના સાદા, ચાલુ અને પૂર્ણકાળનું પુનરાવર્તન પણ કર્યું. આ પરથી અંગ્રેજીમાં 'to be' અને 'to have' - એ સહાયકારક ક્રિયાપદો, ક્રિયાપદના ભૂતકાળના તથા વર્તમાન અને ભૂતકૃદંતનાં રૂપોની અગત્ય કેટલી છે તેનો પણ ખ્યાલ આવ્યો હશે. તો 'ગરથ ગાંઠે અને વિદ્યા પાઠે' એ કહેવત પ્રમાણે શીખેલી સામગ્રીના પાઠ કર્યા કરશો તો અંગ્રેજી શીખવામાં સુગમતા થશે. આ પાઠમાં આપણી કાળયાત્રા સમાપ્ત થાય છે તો ઇતિશ્રી કાલદેવાય નમઃ। (ક્રમશઃ)

પર્યાવરણ પચાસ વર્ષ પછી

પ્રહ્‌લાદ છ. પટેલ

૧૯૪૭ના આઝાદી વર્ષ, ૧૯૯૮ના વર્તમાન વર્ષ અને ૨૦૫૦ની સાલના પર્યાવરણનું પરિદૃશ્ય ચિંતા અને ચિંતનનો વિષય છે. આજથી પચાસ વર્ષ પહેલાં ઊર્જાનું ઉત્પાદન અને વપરાશ ઓછાં હતાં; પ્રદૂષણ ફેલાવનાર ઉદ્યોગો ઓછા હતા આથી તે સમયે પર્યાવરણ અકબંધ હતું. આજે ઔદ્યોગિક અને ટેકનોલૉજિકલ પ્રવૃત્તિઓનો વ્યાપ વધવાથી ભારત અને પૃથ્વીનું પર્યાવરણ ગંભીરપણે જોખમાતું જાય છે. આજના દરે ઔદ્યોગિક વિકાસ અને વસ્તી વધારો ચાલુ રહેશે તો ૨૦૫૦ની સાલ સુધીમાં પર્યાવરણને મરણતોલ ફટકો પડશે. પ્રદૂષણે માઝા મૂકી હશે. આપણાં બાળકો અને તેમનાં બાળકો કેન્સર, હૃદયરોગ, ખાંસી, દમ, એઇડ્ઝ અને પ્રત્યૂર્જના (એલર્જી)ને લગતી અવ્યવસ્થાનાં ભોગ બનશે. ખોડવાળાં અને અવિકસિત બાળકોનાં જન્મની ઘટના આજે સામાન્ય બનતી જાય છે. દેશના ઘણા ભાગોમાં પીવાલાયક પાણીની ભારે અછત પ્રવર્તે છે. પચાસ વર્ષ પછી ઘણા લોકોએ એક ડોલ પાણી માટે કલાકોના કલાકો લાઈનમાં ઊભા રહેવું પડશે. વિદ્યુત પાવરનો દુષ્કાળ ચાલતો હશે. ૫૦ વર્ષ પહેલાં અનાજ, ખાદ્યપદાર્થો, ચીજવસ્તુઓ, સોના-ચાંદી અને અન્ય જીવન-જરૂરિયાતની વસ્તુઓના જે ભાવો હતા તે કરતાં આજે તે બધાંના ભાવો ૫૦ થી ૧૦૦ ગણા વધી ગયા છે. પચાસ વર્ષ પછી આ વધારાના ભાવોની કલ્પના કમકમાટી પેદા કરે છે. બિનઆયોજિત ઔદ્યોગિક વિકાસ, વસ્તી વધારા, રાજકીય આર્થિક અંધાધૂંધી અને બે-રોકટોક ભ્રષ્ટાચાર વૃદ્ધિથી પ્રજાજીવન અત્યંત દુષ્કર બની રહેશે.

અત્યારે આ બધું વિચિત્ર લાગે છે, ગળે ઊતરે તેમ નથી પણ ભવિષ્યમાં વાસ્તવિકતા બનીને સામે આવશે. પ્રદૂષણથી પર્યાવરણની અવગતિ થશે. પરિણામે જીવનની ગુણવત્તાનું ધોવાણ થશે. નૈતિક, માનસિક અને આધ્યાત્મિક મૂલ્યોનો હ્રાસ થશે. ઉપભોક્તાવાદક, રાતોરાત માલામાલ થઈ જવાની દુર્વૃત્તિથી અને નિરંકુશિત લોભને કારણે પર્યાવરણ ઝડપથી અપભ્રષ્ટ થતું જાય છે. આ બધું કોઈ પણ સીધેસીધી ચેતવણી કે સંકેત વિના થઈ રહ્યું છે. સંવેદનશીલ અને બુદ્ધિનિષ્ઠોને આ બધા માઠા સંકેતોનો ખ્યાલ આવી રહ્યો છે પણ તે બધા સ્થાપિત હિતો સામે નિઃસહાય છે.

૨૦૦ વર્ષ પહેલાં વિશ્વની જેટલી વસ્તી હતી એટલી વસ્તી આજે ભારતની છે. ૧૯૪૭માં ભારતની વસ્તી ૪૦ કરોડથી ઓછી હતી, આજે તે આંકડો ૯૮ કરોડે પહોંચ્યો છે. આજનો વસ્તી-વધારાનો દર ચાલુ રહેશે તો ૨૦૫૦માં ભારતની વસ્તી આશરે ૧૯૦ કરોડ થઈ હશે. આટલી બધી વસ્તી માટે જરૂરી અનાજ, શિક્ષણ-વ્યવસ્થા, નોકરી-ધંધા, રહેઠાણ અને સ્વાસ્થ્યની સુવિધાઓના પ્રશ્નો ભારે અકળાવનાર હશે. પૃથ્વીની શક્તિ મર્યાદિત છે, તેનાં સંસાધનો ખાલી થવા લાગ્યાં છે. માથાદીઠ પ્રાપ્ય વસ્તુઓનું વિતરણ અલ્પ બની રહેશે. અનાજ અને પાણીની તંગી વાસ્તવિકતા હશે.

છેલ્લાં ૫૦ વર્ષમાં દેશ અને પરદેશમાં વિજ્ઞાનની ઘણી પ્રગતિ થઈ છે અને ઘણી બધી સિદ્ધિઓ ઉપલબ્ધ થઈ છે. ચંદ્ર ઉપર માનવ પહોંચ્યો છે તો પાથફાઈન્ડર મંગળ ઉપર પહોંચી ત્યાંની તસવીરો મોકલે છે, સમજનીનિક પ્રક્રિયા (Cloning) સિદ્ધ કરી છે. વિકૃત અથવા હાનિયુક્ત જનીનને સુધારવા અથવા તેમની જગાએ નવાં જનીન દાખલ કરીને પ્રાણી કે વનસ્પતિની ગુણવત્તા સુધારવામાં સફળતા સાંપડી છે. વધુ ઊપજ, અવરોધ વિનાની દ્રવ્યની પ્રાપ્તિ, માઈક્રોચીપ્સ, સુપરસોનિક જેટ, સુપરકમ્પ્યૂટર અને ઇન્ટરનેટ હવે તો સામાન્ય બનતાં જાય છે. આ બધાંના આગમન સાથે માણસનું જીવન વધુ સગવડતાભર્યું અને આરામદાયક બન્યું છે. આ સાથે માણસમાં ઘેરી ચિંતાઓ અને તનાવનો પણ એટલો જ વધારો થયો છે. ગંદી સ્પર્ધાઓ અને લોભ વધવા માંડ્યાં છે.

ઉપભોક્તાવાદ, અપ્રામાણિકતા અને અનૈતિક વ્યવહારો હદ બહાર થઈ રહ્યા છે. પ્રદૂષણજન્ય રોગો અને કુપોષણ બેકાબૂ બની રહ્યાં છે. આજે આ રુખ માત્ર નિર્દેશાત્મક છે. ૬૦ વર્ષ પછી આ રુખમાં કેવા ફેરફારો થશે તે જોવાનું રહે છે. પચાસ વર્ષ દૂરના ભવિષ્યની કોઈએ ચિંતા કરી હોય કે આયોજન કર્યું હોય તેવું કંઈ જ દૃષ્ટિગોચર થતું નથી.

પશ્ચિમના દેશો ભાવિ પેઢીનો ખ્યાલ રાખીને સમાયોજનપૂર્વક વિકાસ કરી રહ્યા છે, પણ આપણા દેશમાં એમ થતું હોય તેમ લાગતું નથી. આપણે ભવિષ્યમાં કયાં ને કેવાં લક્ષ્યો સિદ્ધ કરવા માગીએ છીએ તે હકીકત ઉપર આપણું ભાવિ નિર્ભર છે. આપણે ત્યાં કુદરતી તેલ, વાયુ, કોલસો અને ઊર્જા માટેનાં બીજાં સંસાધનો ખાલી થઈ રહ્યાં છે. વસ્તી વધતી જશે તેમ અશ્મિજન્ય ઇંધણ અને લાકડાની વપરાશ વધશે. તેનું સીધેસીધું પરિણામ જંગલોની કટાઈ હશે. ઝડપી શહેરીકરણ, કૃષિવિસ્તારના વધારા, ઝડપી અને ભારે ઔદ્યોગિક વિસ્તરણ સાથે જંગલો વધુ ને વધુ ખાલી થતાં રહેશે. પારિસ્થિતિક (Ecological) સમતુલા તૂટવા લાગશે. વૃષ્ટિ અનિયમિત બનશે; જમીનનું ધોવાણ થશે અને ઉત્પાદકતા ઘટશે. વાતાવરણમાં અણધાર્યા ફેરફારો નોંધાશે. ભૂ-મંડળના તાપમાનમાં વધારો થશે. આથી શીતોષ્ણ (temperate) કટિબંધને ફાયદો અને ઉષ્ણકટિબંધ (tropical) ને ગેરફાયદો થવા સંભવ છે. શીતોષ્ણ કટિબંધમાં તાપમાન વધતાં ત્યાં કૃષિને લગતી અનુકૂળતાઓ જ્યારે ઉષ્ણ કટિબંધમાં પ્રતિકૂળતાઓ વધશે.

ચિંતનકણિકા

વિસ્મયલોપ

બહાદુરભાઈ જ. વાંક

એક અધ્યાપક ગુરુ બજુવાને ખાસ મળવા આવ્યો. જુદા જુદા વિષયો ઉપર ચર્ચા કરતાં કરતાં એ અધ્યાપકે બજુવાને કહ્યું: 'મને આખેઆખી ગીતા કંઠસ્થ છે.'

'ઘણું સરસ... પણ એ તો કહો, તમે આખી ગીતા કેવી રીતે કંઠસ્થ કરી?' બજુવાએ પૂછ્યું.

'મારી અઢાર વર્ષની ઉંમરથી મેં ગીતાના શ્લોકો ગોખવાનું શરૂ કરેલ, ને લગભગ દસેક વર્ષમાં તો મને આખી ગીતા મોઢે થઈ ગઈ...' અધ્યાપકે સ્પષ્ટતા કરી.

'મિત્ર, તમે આખી ગીતા યાદ રાખવાને બદલે માત્ર એક શબ્દ - કૃષ્ણને યાદ રાખી શક્યા હોત તો એ ઉત્તમ લેખાત!'

'આપ આમ કેમ બોલો છો ? ગીતા જ આખી કંઠસ્થ હોય ત્યાં પછી કૃષ્ણ તો યાદ હોય જ ને?'

'ના, ખરેખર તો તમે ગીતા ગોખીને તમારામાંના અર્જુનને જ બહાર ધકેલી દીધો છે !'

'એટલે આપ શું કહેવા માગો છો?'

'માત્ર એટલું જ કે તમે તમારામાંના વિસ્મય, જિજ્ઞાસા ને અહોભાવને જ ગીતા ગોખવાની ચેષ્ટામાં સાવ વિસારે પાડી દીધા છે.' ગુરુ બોલ્યા.

'કદાચ આપની વાત સાચી હશે. પણ એથી હું કૃષ્ણને જ ભૂલી ગયો છું એમ કેમ કહેવાય?'

ને મંદસ્મિત કરતાં બજુવા બોલ્યા: 'જ્યાં અર્જુન જ નથી, ત્યાં શું કૃષ્ણ હોઈ શકે?' □

વસ્તીવધારાથી પૃથ્વી ઉપર ભાર વધતો રહેશે; પરિણામે સામાજિક તનાવ, ગુનાઓ, નૈતિક મૂલ્યોનું ધોવાણ અને બિનસલામતી વધશે; અને માનવ-જીવનની ગુણવત્તાનો ખાત્મો બોલાશે. આથી ચિંતાજનક પરિસ્થિતિના નિવારણ માટે સમય વેડફવો પાલવે તેમ નથી.

મોટાં શહેરોમાં ૬૦% પ્રદૂષણ તો માત્ર વાહનોને કારણે થાય છે. ભારતની મુખ્ય દોઢ ડઝન નદીઓના કિનારે દેશની આશરે ૮૫% વસ્તી વસે છે. શહેરી-સમસ્યાઓ અને ઉદ્યોગોને કારણે આ બધી નદીઓનાં પાણી ગંભીર રીતે પ્રદૂષિત થયેલાં છે. આવું પ્રદૂષિત પાણી સિંચાઈમાં વપરાય છે ત્યારે જમીન પ્રદૂષિત થાય છે અને પરિણામે પાક પણ બિનપોષણક્ષમ હોય છે. આ પાણીનો પ્રત્યક્ષ ઉપયોગ કરનાર પશુ, પંખીઓ અને માણસો એક અથવા બીજા પ્રકારના રોગનો ભોગ બને છે. તાજેતરમાં ખેડા જિલ્લાના બોરસદ પાસે રૂદેલ ગામની સીમમાં જંતુનાશક દવાઓ છાંટ્યા બાદ ડૂંડાં ચણતાં સાત મોર અને કેટલાંક પંખીઓ ઢળી પડ્યાં. આ રીતે તૈયાર થનાર અનાજ ભયમુક્ત નથી ભવિષ્યમાં તેથીય વધારે ખરાબ સ્થિતિ હશે. અત્યારે હવામાં દર વર્ષે આશરે ૨૫ કરોડ ટન કાર્બન ડાયોકસાઈડ ભળે છે, પરિણામે વાતાવરણનું તાપમાન ૧.૫ થી ૫.૪° સેલ્સિયસ સુધી વધવા સંભવ છે. આ પરિસ્થિતિ તો આજની છે પણ ૫૦ વર્ષ પછી જ્યારે બેથી ત્રણ ગણી વસ્તી થશે ત્યારે માનવ-વિકાસ અને જરૂરિયાતના નામે કુદરતી સંસાધનો ખલાસ થશે ૨૦૫૦માં કેટલો કાર્બન ડાયોકસાઈડ વધ્યો હશે? વાતાવરણનું તાપમાન કેટલું વધ્યું હશે? કેટલો દરિયાકિનારો ડૂબમાં ગયો હશે? દારુણતા અકલ્પ્ય હશે.

હેલોજનિન હાઈડ્રોકાર્બન્સ, કલારો ફ્લાટોકાર્બન (CFC) જેવા હાનિકારક વાયુઓની વિપુલતાને કારણે સુરક્ષા કવચ ઓઝોનનું સ્તર પાતળું પડશે. આજે તો ધ્રુવીય પ્રદેશો ઉપર ગાબડાં પડ્યાં છે. પરિણામે વધુ ને વધુ અલ્ટ્રાવાયોલેટ (બી) વિકિરણ પૃથ્વી ઉપર ઊતરી આવશે જે જીવ-સૃષ્ટિ તથા ડીએનએ (DNA)માં વિકૃતિઓ પેદા કરશે. તેથી કૅન્સર, મોતિયો અને ત્વચાના રોગો જોવા મળશે.

આવી પરિસ્થિતિ ૫૦ વર્ષ ચાલુ રહેશે તો વાતાવરણમાં કાર્બન ડાયોકસાઈડનું પ્રમાણ વધી જશે; આ સાથે મિથેન, નાઈટ્રોજન ઑક્સાઈડ ક્લોરિનયુક્ત હાઈડ્રોકાર્બન્સ અને અન્ય રાસાયણિક સંયોજનો ઉચ્ચ વાતાવરણમાં ભળતાં તાપમાનના વધારાની સમસ્યા વિકટ બનશે. માણસ અને તેની આદતો ઉપર વિપરીત અસરો થશે, જીવંત કોષોને નુકસાન થશે, પૃથ્વીના કેટલાક વિસ્તારોમાં પાણી અને અનાજની તંગી ઊભી થશે. દુષ્કાળના ઓળા ઊતરશે.

શહેરોનો વાહિત મળ અને ઔદ્યોગિક કચરો, નદી, તળાવ, જળાશયો અને દરિયામાં ઠલવાય છે. આથી કેટલાંક સ્થળોએ કાર્બન હેલોજનિન કીટનાશકો, ભારે ધાતુઓ, બહુઍરોમૅટિક હાઈડ્રોકાર્બન્સ જોવા મળે છે. તે આહાર-ચક્રમાં પ્રવેશે અને છેવટે માનવ-શરીરમાં સ્થિર થાય છે. અમુક મર્યાદાથી તે વધતાં ખંજવાળ, ચેતાતંત્રમાં અવ્યવસ્થા, હૃદયરોગ, જઠરાંત્રશિરામાં અવ્યવસ્થા વગેરે તકલીફો પેદા થાય છે.

પ્રદૂષણની માત્રા માનવ-પ્રકૃતિ ઉપર આધારિત છે. માનવ-સંખ્યા વધે એટલે પ્રવૃત્તિઓ પણ વધે અને તેથી પ્રદૂષણ પણ. ગરીબાઈ વધુ હોય તો જીવનની ગુણવત્તા સાથે સમાધાન કરવાની ફરજ પડે છે. ગરીબી, વસ્તીવૃદ્ધિ, નબળું સ્વાસ્થ્ય અને પ્રદૂષણ અંદરોઅંદર સંકળાયેલાં છે. બહેતર ભવિષ્ય માટે કાર્યક્રમ ઘડી કાઢવાનો સમય પાકી ગયો છે. ભાવિ પેઢીના કલ્યાણ માટે વિચાર કરવામાં વિલંબ પાલવે તેમ નથી; આ બાબતે વિલંબ નૈતિક અપરાધ ગણાશે અને ભાવિ પેઢી કદાપિ માફ નહીં કરે. □

'તૂં પ્રેમ કી નજર સે નજરિયા મિલાયે જા...'

હિંદી પરથી અનુવાદ : રમેશ શાહ

ઉત્તર ભારતના એક વેરાન વિસ્તારમાં નાનકડું રેલ્વે સ્ટેશન થોડે દૂરના એક નાના કસબાની કડીરૂપ હતું. સ્ટેશનની બહાર થોડાં નાનાં નાનાં ક્વાર્ટર્સ હતાં. નજીકમાં ઘટાદાર વૃક્ષની છાયામાં કૂવો હતો. જમીનથી ફક્ત વેંત ઊંચાઈનું રેતી-ચૂના-પથ્થરનું બનેલું પ્લેટફૉર્મ હતું. એના બંને છેડે મોટા પથ્થર પર કોતરેલું નામ બતાવતું હતું કે આ'બહાદુર-ગંજ' નામનું સૂમસામ રેલ્વે સ્ટેશન છે. કોઈ મેઈલ કે ફાસ્ટ ટ્રેઈન તો અહીં ઊભી જ ન રહે. લોકલ ટ્રેઈન ઊભી રહે. એમાંય કોઈ એકલદોકલ મુસાફર ચડે કે ઊતરે. દિવસભરમાં એકાદ ટિકિટ માંડ કપાય! અહીંના આસિસ્ટંટ સ્ટેશન માસ્તર પંડિત શિવમોહન દિવસમાં ચારેક વાર સફેદ કોટ પહેરીને લીલી ઝંડી લઈ ઊભા રહે અને ભફ્, છફ્ ભફ્ છફ્ કરતી ગાડીઓ ઝડપથી પસાર થઈ જતી.

આજે સ્ટેશનની બહાર કાંઈક ઑર જ ધમાલ હતી. ચારે બાજુ રંગબેરંગી ધજાઓ શણગારી હતી. આસિસ્ટંટ સ્ટેશન માસ્તરના ક્વાર્ટરની સામે મેદાનમાં એક શમિયાણો ઊભો કરાયો હતો. એમાં નાનકડું સ્ટેઈજ જેવું પણ બનાવ્યું હતું. આજુબાજુ થોડા બાંકડાઓ અને ખાટલાઓ ગોઠવ્યા હતા. જૂના જમાનાનું, હાથે ચાવી દેવાનું એક થાળીવાજું હતું. એમાં ભૈરવી રાગમાં ઠુમરી વાગી રહી હતી. મહેમાનોની આવ-જાથી એ નાનકડું ક્વાર્ટર ભરચક્ક દેખાતું હતું. આજે પંડિત શિવમોહનના દીકરાને જનોઈ આપવાની હતી.

સ્ટેશન પર પણ રોજ કરતાં વિશેષ ચહલ-પહલ દેખાતી હતી. પંડિત શિવમોહન આતુરતાથી મેઈલ ટ્રેઈનની પ્રતીક્ષા કરી રહ્યા હતા. આજે 'બહાદુરગંજ' નામના સ્ટેશન પર મેઈલ ટ્રેઈન ખાસ વિનંતીથી ઊભી રહેવાની હતી. સ્ટાફના ત્રણ-ચાર કર્મચારીઓને સાથે લઈને પંડિત શિવમોહન આતુરતાથી ખાસ મહેમાનોની રાહ જોઈ રહ્યા હતા. એવામાં દૂરથી સિટી વગાડતી મેઈલ ટ્રેઈન આવતી દેખાઈ. માસ્તર પોતાના હાથમાં આજે લાલ ઝંડો લઈ જોર જોરથી હલાવવા લાગ્યા. ટ્રેઈન બ્રેક લગાવીને પ્લેટફૉર્મ પર ઊભી રહી. પંડિત શિવમોહન સ્ટાફ સાથે દોડીને ફર્સ્ટ કલાસના ડબા પાસે પહોંચ્યા. મહેમાનો એક પછી એક ઊતરવા લાગ્યા. હારમોનિયમની પેટી, તબલાંની જોડ, ખોળ ચડાવેલા બે તાનપુરા અને એ વગાડનાર કલાકારો. એ બધાંની પાછળ કાળા શેરવાનીનાં ચાંદીનાં મોટાં મોટાં બટન બંધ કરતા, માથે મોટી મુસલમાની ફેલ્ટ ટોપી ઠીક કરતા મુખ્ય ગાયક ઊતરી રહ્યા હતા. પંડિત શિવમોહને આદરપૂર્વક ઝૂકીને એમનો ચરણસ્પર્શ કર્યો અને ટેકો આપીને નીચે ઉતાર્યા. એ હતા ઉસ્તાદ ફૈયાઝખાંસાહેબ.

જીવનની સફળતાની સર્વોત્તમ પળ હોય એવો આજનો દિવસ પંડિત શિવમોહનની જિંદગીનો હતો. બચપણથી જ ગાવા-બજાવવાનો શોખ એને વારસામાં મળેલો. જ્યાં પણ સંગીતનો જલસો હોય ત્યાં કિશોર શિવમોહન ખબર મળતાં જ પહોંચી જતા. શાસ્ત્રીય સંગીતનો જાણે એને નશો થઈ ગયો હતો. એક વાર કોઈ મહેફિલમાં એણે ઉસ્તાદ ફૈયાઝખાંને કંઠે મુલતાની સાંભળી. બસ, તે દિવસથી જાણે એમનો ગુલામ થઈ ગયો! એક વાર ઉસ્તાદ ફૈયાઝખાંની ઉસ્તાદ હાફિઝખાંસાહેબની સામે હોડ થઈ. મૈસુરના રાજદરબારમાં આ મુકાબલો હતો. બંને ઉસ્તાદ કલાકો સુધી એવી કળા દાખવી રહ્યા હતા કે કોને પહેલો નંબર આપવો એ જ નક્કી ન થઈ શકે! ત્યારે મૈસુરના મહારાજાએ ઉસ્તાદ ફૈયાઝખાં પર વારી જઈને એમને 'આફતાબે મૌસીકી'નો ખિતાબ આપ્યો. આ ખબર જ્યારે શિવમોહને વાંચી-સાંભળી ત્યારે એની છાતી



જન્મ : ૧૮૮૦] ઉસ્તાદ ફૈયાઝખાં [નિધન : ૧૯૫૧

ગર્વથી ફૂલી ઊઠી. જાણે પોતાને જ આ સન્માન મળ્યું ન હોય હવેથી સંગીત શીખવાના નામે ફક્ત ઉસ્તાદ ફૈયાઝખાંનું ગાયન સાંભળવાનો સંકલ્પ કર્યો. હવે તો જ્યાં પણ ઉસ્તાદના કાર્યક્રમ, સંમેલન હોય ત્યાં શિવમોહન કોઈ પણ રીતે પહોંચી જતા. લખનૌ, અલ્હાબાદ, કલકત્તા, વડોદરા, મુંબઈ બધે જ શિવમોહન ફક્ત ખાંસાહેબનું ગાયન સાંભળવા પહોંચી જતા. દરબારી, જયજયવંતી, દેશ, તોડી, નટબિહાગ, જોગિયા, જૌનપુરી, રામકલી... હવે જ્યારે એકલા હોય ત્યારે શિવમોહન આ રાગો ગણગણતા. 'મુકુટ પર વારી જાઉં નાગર નંદા...' જ્યાં જ્યાં ઉસ્તાદ ફૈયાઝખાં જાય ત્યાં એમના આવા કેટલાય અજાણ શિષ્યો બનતા - એકલવ્યની જેમ.

ઉસ્તાદ ગાય ત્યારે મહેફિલ જામી પડતી. એમતા 'નોમ તોમ'ના આલાપમાં સાક્ષાત્ ઓમ્‌કારનો નાદ-વિસ્તાર થતો. ધ્રુપદ અને ધમારની ગાયકી એક ક્ષણમાં પ્રગટ થઈ ઊઠતી. આગ્રા ઘરાનાની ગાયકી કેવી રસમય અને રંગીલી હોઈ શકે એ માણવા ખાંસાહેબનું સંગીત સાંભળવું પૂરતું થાય. શિવમોહન તો જ્યારે ને ત્યારે એમનો દાદરા ગણગણે.. 'તૂં પ્રેમ કી નજર સે નજરિયા મિલાયે જા...'

સંગીતની આ લગનમાં શિવમોહને ભણવાનું છોડી દીધું હતું. એણે રેલવેમાં એક નાનકડી નોકરી લઈ લીધી. આ નોકરીનું સુખ હતું. દેશના કોઈ પણ ખૂણે ઉસ્તાદ ફૈયાઝ-ખાંના જલસા સાંભળવા વિના ખર્ચે મુસાફરી કરી શકતા. પાછા આવે ત્યારે એક નવી બંદીશ ગણગણવા માટે મળી જતી. બસ, આ જ એના જીવનની તૃપ્તિ હતી. આંખ બંધ કરે ત્યાં તો કાળી અચકન પહેરેલા ઉસ્તાદ મંચ પર આવી રહ્યા હોય એ દૃશ્ય નજરે ચડતું. અચકન પર કેટલાયે ચંદ્રકો શોભી રહેલા હોય, ક્યારેક ટોપી તો ક્યારેક ગુલાબી સાફો! દેશના નામાંકિત તબલચીઓ એમની સંગત કરતા હોય. ખાંસાહેબ આલાપથી ગાયન શરૂ કરે. રાગને જાણે લાડ લડાવતા હોય એમ સ્વરને સજાવે! ધીરે ધીરે રાગનો ઉઘાડ થાય! કોઈ પ્રેમી જાણે એની પ્રેમીકા સાથે કેલિવિહાર કરી રહ્યો ન હોય! શિવમોહનની આંખો આવા કેટલાય પ્રસંગો સ્વપ્નમાં માણી રહેતી. રસની એક નવી સૃષ્ટિ સાકાર થતી. 'ફૂલ ગોંધવન કો મૈં કાના મારો...' વળી એમાં ક્યાંયથી 'મનમોહન વ્રજ કો રસિયા...' શરૂ થઈ જાય. રાત રાત મહેફિલ ચાલે. કોઈની આંખમાં નીંદરનું નામ ન હોય. શિયાળાની રાત હોય તો પણ ખાંસાહેબ પરસેવે રેબઝેબ થઈ જાય. પહેલાં શેરવાનીનાં બટન ખોલે. પછી માથાની પાઘ ઉતારીને બાજુએ મૂકે... ગાયન ચાલ્યા કરે. વળી, એક પછી એક તાનપલટા લેતા લેતા શેરવાની પણ ઉતારી દે. હવે આખી રાત મલમલનો ઝબ્બો પહેરેલો હોય ને ગાયન ચાલતું રહે.

શિવમોહનને ખબર ન પડે કે સવાર ક્યારે પડી ગઈ !

એમનાં ગાયન સાંભળવાનો પોતાને આવો ગાંડો શોખ છે એ વાતની ક્યારે ય ઉસ્તાદને હજુ સુધી જાણ થવા દીધી ન હતી. નોકરીમાંથી નિવૃત્ત થવાને હવે થોડાં વર્ષ જ બાકી હતાં. નાનકડા રેલવે સ્ટેશન પર આસિસ્ટન્ટ સ્ટેશન-માસ્તરની નોકરીમાં શિવમોહન બેહદ ખુશ રહેતા. જીવનમાં તરક્કીની બીજી કોઈ ઇચ્છા ન હતી. જ્યારે નવરાશની પળોમાં હોય ત્યારે ઉસ્તાદ ફૈયાઝખાંની ગાયેલી ગ્રામોફોન રેકર્ડ સાંભળી દિલ બહેલાવતા રહેતા. આવી એકાંત જગ્યાએ સૂમસામ રેલવે સ્ટેશનમાં પોતાને આનંદમાં રહેવા માટે આ સિવાય કોઈ ઉપાય જ ન હતો. આવી જિંદગીમાં જ્યારે દીકરાની જનોઈનો પ્રસંગ આવ્યો ત્યારે પંડિત શિવમોહનને થયું : આવા મોકા પર ઉસ્તાદ ફૈયાઝખાંસાહેબના ગાયનનો કાર્યક્રમ રાખ્યો હોય તો જ પ્રસંગ શોભે. આ ઇચ્છા પાર પડે એ માટે એની તનતોડ કોશિશ હતી. ઉસ્તાદે આવી મહેફિલમાં ગાવાની ફી પાંચસો રૂપિયા અને જવા-આવવા માટે ટ્રેઇનની ફર્સ્ટ કલાસની ટિકિટ - એવી ફી રાખી હતી જેથી આલતુ-ફાલતુ એમને નિમંત્રી શકે નહીં. પરંતુ શિવમોહનની જિંદગીનો આ મહત્ત્વનો પ્રસંગ હતો. એને આ શરત મંજૂર હતી જ. એક એક પૈસો બચાવી ભેગી કરેલી મૂડી ઉસ્તાદ પર ઓળઘોળ કરવી એ જીવનભરનું સ્વપ્ન હતું.

આખરે એ દિવસ પણ આવી પહોંચ્યો.

બીજે દિવસે જનોઈ-સંસ્કારનો પ્રસંગ હતો. પંડિત શિવમોહનનો મુંડિત-મસ્તક-પુત્ર હોમપૂજાની વિધિ પછી બટુકનાં વેશ ધરી હાથમાં ભિક્ષાપાત્ર ધરી એક પછી એક બધાં મહેમાનો પાસે ગયો. સહુએ એના ભિક્ષાપાત્રને સિક્કાઓથી ભરી દીધું અને બાળ-બટુકને ચિરંજીવી થવાના આશીર્વાદ આપ્યા. પછી સહુ મહેમાનોને મિષ્ટ ભોજન કરાવી સંતુષ્ટ કરાયા. આ બધો કાર્યક્રમ વિશાળ શમિયાણામાં થઈ રહ્યો હતો, જ્યાં એક બાજુએ બિરાજેલા ઉસ્તાદ જીવનમાં પહેલી વાર આમ કોઈ બ્રાહ્મણના ઘરમાં થતો જનોઈ-સંસ્કાર જોઈ રહ્યા હતા. સ્ટેશનના કોઈ એક અન્ય કર્મચારી સાથે વાતો કરતાં, વિધિ સમજતાં ખાંસાહેબે પૂછ્યું: 'આ સ્ટેશન-માસ્તરને શું પગાર મળતો હશે?' જવાબ મળ્યો : 'સિત્તેર-પંચોતેર રૂપિયા મળે છે. આ તો દિલાવર દિલનો ઉત્સાહ છે!'

આકાશમાં સંધ્યાના રંગ ખીલ્યા અને જલસાની તૈયારી થવા લાગી. પંડિત શિવમોહન જાજમ બિછાવવાના, મંચ ગોઠવવાના કામમાં સ્વયં લાગી પડ્યા હતા. નાના ગામમાંથી અને આજુબાજુથી આવેલા મહેમાનો શમિયાણા નીચે ગોઠવાયા. એમાંના મોટા ભાગના લોકોએ ક્યારેય ફૈયાઝખાંનું નામ

પણ સાંભળ્યું ન હતું. સ્ટેશન-માસ્તરે હિન્દુસ્તાનના કોઈ મોટા ઉસ્તાદ ગવૈયાને બોલાવ્યા છે એ જાણી બહુ બધાં લોકો આવ્યાં હતાં.

ખાંસાહેબે મહેફિલની શરૂઆત કરી. જાણે એ સૂમસામ સ્ટેશન પર કોઈ બીજી જ દુનિયા ન હોય! વાતાવરણ જામતું ગયું. ખાંસાહેબ સામે બેઠેલા શ્રોતાઓને જોયા કરતા અને એમને મશગૂલ થતા જોઈને ગાતા રહેતા. એક પછી એક એમ નવા રાગો રજૂ થાય - એના રસભર્યા આલાપ ગાઈને, એની બંદીશ ગાઈને પછી તાન-તરાનાથી સજાવી સંભળાવતા ત્યારે ચમત્કાર થતો લાગતો! ખાં-સાહેબ મુલતાની, પીલુથી શરૂ કરીને ભૈરવીના 'બાજુબંધ ખુલ ખુલ જાય...' સુધી પહોંચ્યા હતા. બાજુમાં બેઠેલા પંડિત શિવમોહન આનંદના અતિરેકમાં ભાવવિભોર થઈને ઉસ્તાદના પગ વારંવાર પકડી લેતા. જામેલી રાત વીતી રહી હતી. પછી ખાંસાહેબે દાદરા અને ગઝલના દોરમાં વિલક્ષણ છટા ઊભી કરી દીધી. ભીડ એટલી બધી વધી ગઈ કે શમિયાણાની બહાર પણ માનવમેદની જમા થઈ હતી. સ્ટેશનેથી સિટી વગાડતી કોઈ ફાસ્ટ ગાડી પસાર થતી ત્યારે ખાંસાહેબ એમની તાનનો કોઈ સૂર ખેંચી એ સિટી સાથે મિલાવી દેતા ત્યારે ભીડમાંથી આનંદના પ્રતિભાવ ગાજી ઊઠતા! લોકો અદ્ભુત સંગીત સાંભળી દંગ થયાં હતાં.

સંગીતની બેઠક પૂરી થઈ. પંડિત શિવમોહનનું રોમ રોમ ધન્ય થઈ ઊઠ્યું હતું. આવેલા સહુ મહેમાનો અને રોજ સૂમસામ રહેતા આ સ્ટેશનનું વાતાવરણ પણ ધન્ય થયું હતું! સૂર અને શબ્દની લહાણથી સહુ કોઈ તરબોળ થયા હતા. હવે થોડી વારમાં ઉસ્તાદની ટ્રેઈન આવવાની હતી. તેઓ પણ તૃપ્ત હૃદયે ઊઠ્યા અને સાથીદારો સાથે સાજ-સામાન બાંધવા લાગી ગયા. શિવમોહનની આંખમાં હર્ષનાં આંસુ સમાતાં ન હતાં. એણે પાંચસો રૂપિયાનું પરબીડિયું અને પ્રથમ વર્ગનો રેલવે પાસ ઉસ્તાદને ચરણે ધર્યો, અને કહ્યું:

'આપે આ રંકનું ઘર પાવન કર્યું અને ગાયન ગાઈને મારા જેવા મામૂલી માણસને જે ખુશી આપી છે એ હું જિંદગીભર નહીં ભૂલી શકું. મારી જિંદગીની આ જ તમન્ના હતી, જે આજે પૂરી થઈ. આપનું ગાયન સાંભળી સાંભળી મારી આજ સુધીની જિંદગી ગઈ છે. હવે આજનો પ્રસંગ યાદ કરી કરીને બાકીની જિંદગી પૂરી કરીશ.'

ઉસ્તાદ ફૈયાઝખાંસાહેબે એના દીકરાને પાસે બોલાવ્યો. એ નજીક આવ્યો. એણે પણ ઉસ્તાદના પગ પકડી વંદન કર્યાં એ દરમિયાન ખાંસાહેબે શિવમોહનને આપેલા કવરમાં પોતાના તરફથી બીજા પાંચસો રૂપિયા ઉમેરી એ બટુકના હાથમાં આપી એને માથે હાથ મૂક્યો. 'બેટા, ખુશ રહો. અલ્લાહ તને લાંબી આવરદા બક્ષે...'

વૈદ્ય નવીનભાઈ ઓઝાનું નિધન

અગ્રણી વૈદ્ય અને આયુર્વેદવિષયક લેખો 'કુમાર'માં અને દૈનિકોમાં લખનાર શ્રી નવીનભાઈ હર્ષદરાય ઓઝાનું તા. ૭ ઑગસ્ટ ૧૯૯૮ના રોજ હૃદયરોગના હુમલાથી વડોદરા મુકામે દુઃખદ અવસાન થયું. તેમનો જન્મ રાજકોટમાં, શ્રીમાળી બ્રાહ્મણ ડૉ. હર્ષદરાય મૂળશંકર ઓઝાને ત્યાં તા. ૨૦-૯-૧૯૪૦ના રોજ થયેલો. તેમણે અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં ઇન્ટર સાયન્સ પાસ કરી, આયુર્વેદ પ્રવીણ, આયુર્વેદ ઉત્તમા, આયુર્વેદ રત્ન, વૈદ્ય મહારથી, વૈદ્ય વાચસ્પતી વગેરે ઉપાધિઓ મેળવી હતી. તેઓએ આયુર્વેદનાં કેટલાંક સામયિકોનું સંપાદન પણ કર્યું હતું. 'કુમાર'માં 'આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર'ની કૉલમ ઈ. ૧૯૭૦ થી ૧૯૮૦ દરમ્યાન ૧૦૫ હપ્તામાં લખી હતી અને ત્યાર બાદ 'નાણેલા નુસખા'ની કૉલમ ઈ. ૧૯૮૦ થી ૧૯૮૨ દરમ્યાન લખી હતી. હાલમાં ઈ. ૧૯૯૮ના જાન્યુઆરીથી 'આયુર્વેદ અને ઔષધી'ની લેખમાળા ચાલુ જ છે. શ્રી નવીનભાઈએ આયુર્વેદને લગતાં કેટલાંક પુસ્તકો પણ લખ્યાં છે. શ્રી નવીનભાઈના અવસાનથી ગુજરાતે એક સિદ્ધહસ્ત અને અનુભવી વૈદ્ય ગુમાવ્યો છે, અને 'કુમારે' તેનો એક અંતરંગ લેખક ગુમાવ્યો છે. પ્રભુ તેમના પવિત્ર આત્માને ચિર શાન્તિ આપો એવી પ્રભુપ્રાર્થના... - કા. વ. રામી



શિવમોહને ખાંસાહેબનો હાથ પકડવા કર્યું, 'અરે, આપ આ શું કરો છો? અમે તો આપની આ સેવાની ખુશી બદલ...'

ખાંસાહેબ બોલ્યા : 'પંડિતજી, અહીંયાં અનેક મહેમાનો આવ્યા છે. સહુએ જનોઈપ્રસંગે કાંઈ ને કાંઈ આપ્યું છે. શું હું એટલો નગુણો છું કે કાંઈ આપીને નહીં, પણ લઈને જાઉં? તમે રૂપિયા આપી દીધા. તમારું કામ તમે નિભાવ્યું. હવે હું મારા તરફથી બટુકને આ ન્યોછાવર કરી જઈ રહ્યો છું. બસ, હવે તમે કાંઈ ના બોલશો.'

ફાસ્ટ ટ્રેઈન ફરીથી રોકાવાઈ. પંડિત શિવમોહને ખાંસાહેબના પગ પકડ્યા અને ટેકો આપી ડબામાં ચડાવ્યા. ગાડી ધીમે ધીમે દ્રુત લયમાં દોડવા લાગી. અવાક્ પંડિત શિવમોહન ગાડી દેખાઈ ત્યાં સુધી સ્તબ્ધ બની જોતા રહ્યા. બહાદુરગંજનું ફરી સૂમસામ સ્ટેશન જાણે તાનપુરાની અનુગુંજ સંભળાવી રહ્યું હતું... 'તૂં પ્રેમ કી નજર સે નજરિયા મિલાયે જા...' □

સંગીતશાસ્ત્ર - ૧૮

ડૉ. હસુ યાજ્ઞિક

રાગનું સ્વરૂપ : થાટ અને જાતિ

ભારતીય શાસ્ત્રીય સંગીતમાં રાગ એટલે સામાન્ય રીતે નિશ્ચિત એવા સ્વરોના બંધારણવાળી ગેય રચના. સંગીતમાં પ્રયોજાતા સપ્તકના મુખ્ય સાત સ્વરો અને એનાં શુદ્ધ સ્વરૂપો તથા ચાર સ્વરોના કોમળ અને એક સ્વરના તીવ્ર સ્વરૂપના પાંચ સ્વરો એમ કુલ પરસ્પરથી નિશ્ચિત રીતે ઉપર જતાં બાર સ્વરો છે. આ બાર સ્વરોમાંથી જ કેટલાક સ્વરોને બાદ કરીને બાકી રહેતા સપ્તકના મુખ્ય સ્વરો રાગનું મુખ્ય બંધારણ બને છે. આ રીતે રાગ એટલે ઓછામાં ઓછા પાંચ અને વધારેમાં વધારે સાત સ્વરોનું બંધારણ ધરાવતી રચના. રાગના મુખ્ય બંધારણમાં જે સ્વરો પ્રયોજાય છે તે સ્વરોનો પારસ્પરિક સંબંધ અને તે સ્વરનું સ્વરૂપ, એનો લગાવ રાગવાચક બને છે. રેગ મપ ધનિ એ સ્વરોને સર્વસામાન્ય એવો ચઢતો ક્રમ છે. પરંતુ જ્યારે સ્વરોને આધારે કોઈ વિશિષ્ટ એવું ધ્વનિ-એકમનું સ્વરૂપ સિદ્ધ કરવાનું હોય ત્યારે તે રાગમાં કાયમ આવો સીધો ક્રમ જ પ્રયોજાતો નથી, ક્યારેક 'રેગ'ને બદલે સીધા ચડતા ક્રમમાં પણ 'ગરે' કે 'ધનિ'ને બદલે સીધા ચડતાક્રમમાં 'નિધ' એવો વક્ર ક્રમ લેવાય છે અને તે જ રાગવાચક બને છે. ક્યારેક આ રીતે ઉપર જતાં કોઈ એક સ્વર શુદ્ધ લેવાય પરંતુ નીચે ઊતરતાં એ જ સ્વરનું કોમળ સ્વરૂપ લેવાય છે ને તે દ્વારા રાગનું વિશિષ્ટ સ્વરૂપ સિદ્ધ થાય છે. એ રીતે 'ગમપ' કે 'મપધ' અથવા 'પધનિ' કે 'ધનિસાં' એવો સીધો ક્રમ લેવાને બદલે તેવા સ્વર-એકમોનો અવાંતરિત ક્રમ લઈને 'ગપમ', 'મધપ', 'પનિધ', 'ધસાંનિ' એવો ક્રમ લેવાય છે અને એવો અવાંતરિત ક્રમ જ તે રાગનું વિશિષ્ટ સ્વરૂપ ઘડે છે.

આમ રાગ એટલે સપ્તકમાં પ્રયોજાતાં શુદ્ધ, કોમળ કે તીવ્ર સ્વરોનો વિશિષ્ટ ક્રમ અને તેમાં પ્રયોજાતા સ્વરોનો વિશિષ્ટ એવો લગાવ. આમ થતાં જ સ્વરના જૂથ કે એના એકમોના સંમિશ્ર ધ્વનિમાં એક પ્રકારનું વ્યાવર્તક કે જુદું સ્વરૂપ પ્રગટે છે ને એવું ધ્વનિ-એકમનું સ્વરૂપ જ રાગ-વાચક બને છે.

આમ રાગનિર્માણનો નાનામાં નાનો ઘટક તે સ્વર છે. અને એ સ્વરને વિશિષ્ટ રીતે પ્રયોજતાં તે સ્વર વર્ણ બને છે. જેમાં ભાષામાં અક્ષરો છે અને સ્વર કે વ્યંજનરૂપે વર્ણ બને છે. અને બે કે વિશેષ વર્ણોનાં સંયોજને શબ્દ બને છે અને તેવા શબ્દને વિશિષ્ટ એવો અર્થ સિદ્ધ થાય છે અને તેવા સાર્થ શબ્દોના પારસ્પરિક સંબંધથી કોઈ વિશિષ્ટ ભાવ કે અર્થ વ્યક્ત થાય છે તેમ સંગીતમાં પણ સ્વર તેની ગાનક્રિયામાં વર્ણ બને છે અને બે કે વિશેષ વર્ણોના સંયોજને વિશિષ્ટ ધ્વનિ-એકમ બને છે અને તે ધ્વનિ-એકમ વિશિષ્ટ એવા ભાવને વ્યક્ત કરે છે. જેમ વિવિધ અર્થો ધરાવતા શબ્દો પરસ્પર સંકળાતાં કોઈ એક નવો જ મુખ્ય અર્થ નિષ્પન્ન કરે છે તેમ રાગમાં પ્રયોજાતાં ધ્વનિ-એકમો પણ પરસ્પર સંકળાતાં નવા કોઈ એક ભાવનાં વાહક બને છે.

સ્વર જ્યારે ગવાય છે ત્યારે તે વર્ણરૂપ બને છે અને શાસ્ત્રકારો એના ચાર પ્રકાર દર્શાવે છે. 'અભિનવ રાગમંજરી'-કારના શબ્દમાં કહીએ તો-

> ગાન ક્રિયોચ્યતે વર્ણઃ સ ચતુર્ધા નિરુપિતઃ ।
> સ્થાય્યારોહ્યવરોહી ચ સંચારીત્યથ લક્ષણમ્ ॥

અર્થાત્ સ્વરની ગાનક્રિયાથી તે વર્ણરૂપ પામે છે અને તે ચાર રીતે નિરૂપાય છે : સ્થાયી, આરોહી, અવરોહી અને સંચારી. જ્યારે કોઈ એક જ સ્વરને વારંવાર પ્રયોજવામાં આવે, એ સ્વરને જ સ્થાયી મુકામ બનાવવામાં આવે ત્યારે તે વર્ણનું સ્થાયી રૂપ બને છે. પરંતુ એવા સ્વરનો આધાર લઈને ઉપરની શ્રુતિના સ્વરને લેવામાં આવે છે ત્યારે તે આરોહી વર્ણની ક્રિયા બને છે અને એવા પ્રારંભિક સ્વરથી ઉપરના સ્વરે જવાને બદલે તેના નીચેના સ્વરોને લેવામાં આવે ત્યારે તે અવરોહી વર્ણની ક્રિયા બને છે. પરંતુ જ્યારે મુકામ સ્વરથી કોઈ સ્વર ઉપરનો તો કોઈ સ્વર નીચેનો લેવામાં આવે ત્યારે સંમિશ્રરૂપ સંચારી વર્ણ બને છે.

આમ સ્વર રાગનો મુખ્ય આધાર અને વર્ણરૂપે તેની ગાનક્રિયાનો ચાર પ્રકારનો ઉપયોગ કરીને તે વર્ણને બીજા વર્ણ સાથે પ્રયોજીને વિશિષ્ટ અર્થવાહક ભાવ સિદ્ધ થાય છે અને તે જ રાગનું સ્વરૂપ સિદ્ધ કરે છે.

આ રીતે કેવળ ગાણિતિક રીતે જ, યાંત્રિક પ્રયોગ તરીકે વર્ણોને પ્રયોજવાથી રાગ-વાચક ધ્વનિ-એકમ ન મળે. આવી રચના કાનને ગમે તેવી હોય, ભાવવ્યંજક હોય ત્યારે જ રાગ બને છે. આથી 'અભિનવ રાગમંજરી'કારના શબ્દોમાં રાગ એટલે વર્ણથી વિભૂષિત અવો ધ્વનિવિશેષ જે રંજકતા ધરાવતો હોય : યોડયં ધ્વનિવિશેષસ્તુ સ્વરવર્ણવિભૂષિતઃ ।

> રંજકો જનચિત્તાનાં સ રાગઃ કથિતો બુધૈઃ ॥

સ્વરૂપ : રાગના સ્વરૂપને મૂર્ત અને પ્રગટ રૂપમાં પામવા માટે તેના થાટ, જાતિ, રાગવાચક સ્વરસમૂહ, ગાનસમય, પ્રકૃતિ, રસ વગેરે લક્ષમાં લેવાં પડે છે. થાટ એટલે વિશિષ્ટ

એવો સ્વરસમૂહ. આપણા પ્રચલિત એવા રાગોના સ્વર-બંધારણને લક્ષમાં લઈને જેમાં બધા સ્વરો શુદ્ધ પરંતુ મ તીવ્ર, બધાં શુદ્ધ, નિ કોમળ, રે-ધ કોમળ, રે-ધ કોમળ મ તીવ્ર, રે કોમળ મ તીવ્ર ધ શુદ્ધ, ગ, ધ, નિ ત્રણે કોમળ, રે, ગ, ધ, નિ ચારેય કોમળ, રે, ગ, ધ કોમળ મ તીવ્ર એવા ૧૦ થાટ/ ઠાઠ કે સ્વરસમૂહ નિશ્ચિત કર્યા છે અને તદનુસાર કલ્યાણ, બિલાવલ, ખમાજ, ભૈરવ, પૂર્વી, મારવા, કાફી, આશાવરી, ભૈરવી અને તોડી એવા ૧૦ થાટ થાય છે. મોટા ભાગના ભારતીય શાસ્ત્રીય રાગોને આ ૧૦ થાટમાં વર્ગીકૃત કરી શકીએ છીએ. આથી હજારોની સંખ્યામાં જે વિવિધ રાગો છે તેનાં મુખ્ય સ્વરબંધારણનાં કુલ મુખ્ય ૧૦ માળખાં - structure -નો પણ ખ્યાલ આવે છે. આને કારણે વિપુલસંખ્ય રાગના સ્વરબંધારણને સમજવામાં તથા યાદ રાખવામાં સરળતા રહે છે. હજારો વર્ષની સુદીર્ઘ પરંપરાએ અને લાખોની સંખ્યાની લોકરચનાઓ અને તેના ઢાળોએ ભારતીય રાગ સિદ્ધ કર્યા છે. આ રીતે મધુર લાગતી રાગની રચનાઓના સ્વરનાં પાયાનાં માળખાં તો દશ છે ને એમાં જ અનેક રાગનો સમાવેશ થાય છે. કોઈ નવો રાગ સાંભળીએ એ સાથે જ આપણે એનું સ્વરબંધારણ કયા થાટનું છે તે જાણીને તે કયા કુળ સાથે વર્ગીકૃત થશે, તે જાણી શકીએ છીએ.

પરંતુ આવી કોઈ જ વર્ગીકરણની વ્યવસ્થા કાયમી, આખરી અને સંપૂર્ણ ન હોઈ શકે. વર્ગીકરણનો હેતુ અભ્યાસની સરળતા લાવવાનો છે. એનો હેતુ કંઈ કોઈ કાયમી એવું નિશ્ચિત કે જડ એવું ચોકઠું ઊભું કરવાનો હોતો નથી. કલાના સ્વરૂપને સમજવા માટે, એનાં ઘટકતત્ત્વોને આધારે સ્વરૂપલક્ષણો તારવવામાં આવે છે. પરંતુ એ જ કંઈ બધી જ રચનાઓ માટેનાં કાયમી ધોરણો ન બને. કલાપદાર્થ કંઈ ભૂમિતિ, ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાનનું ગાણિતિક સૂત્ર નથી. કલા તો પોતાનું સ્વરૂપ પોતાના જ વિશ્વના નિયમો પ્રમાણે ઘડે છે. આથી મોટા ભાગની રચનાઓને ધ્યાનમાં રાખીને જે લક્ષણો તારવો, નિયમો બનાવો તે કંઈ ભૂતકાળની સઘળી અને ભવિષ્યની અનેક આવનારી રચનાઓને લાગુ પડશે જ, એમ ન કહી શકાય. કલાનો તો સ્વભાવ જ ક્ષણે ક્ષણે અવનવું રૂપ ધારણ કરવાનો છે. આથી થાટ રાગના સ્વરબંધારણનું સાધન છે, અભ્યાસ માટે સ્વીકારેલી એવી વર્ગીકરણની વ્યવસ્થા છે, પરંતુ જડ નિયમનું બંધન નથી. આથી કોઈ રાગ એવા પણ ધ્યાનમાં આવે જેનો સમાવેશ કોઈ એક થાટમાં કરી ન શકો. રે - ધ કોમળમાં ભૈરવ આવશે, પરંતુ આહીરભૈરવ? એમાં 'ધ' શુદ્ધ છે ને એ જ એના સ્વરૂપની વ્યાવર્તક્તા છે. આમ કેટલાક રાગ થાટની દૃષ્ટિએ સંકુલ પ્રકારના હોય છે.

રાગનું બીજું સ્વરૂપવાચક લક્ષણ તે રાગની જાતિ. રાગની જાતિ એટલે એમાં પ્રયોજાતા સ્વરની સંખ્યા. પહેલાં જ્યારે રાગ સિદ્ધ નહોતા થયા અને માર્ગી તથા દેશી સંગીતમાં પ્રચલિત એવા ઢાળ જ અસ્તિત્વ ધરાવતા હતા ત્યારે આવી ગેયરચનાને એમાં પ્રયોજાતા સ્વરની સંખ્યાને આધારે જ ઓળખાવવામાં આવતી હતી. આમ ગેયરચનાની કે રાગની જાતિ એટલે એમાં પ્રયોજાતા સ્વરની સંખ્યા. સામાન્ય રીતે રાગ બનવા માટે ઓછામાં ઓછા પાંચ સ્વરો જોઈએ એથી જાતિની દૃષ્ટિએ (૧) ઓડવ, (૨) ષાડવ અને (૩) સંપૂર્ણ એવી ત્રણ મુખ્ય છે. ઓડવ એટલે જે રાગમાં સ્વરસંખ્યા પાંચ છે તેવી જાતિ. ષાડવ એટલે જે રાગમાં સ્વર સંખ્યા છ છે તેવી જાતિ. અને જ્યારે રાગમાં સાતેય સ્વરોનો પ્રયોગ થતો હોય ત્યારે તેને સંપૂર્ણજાતિ કહેવામાં આવે છે.

પરંતુ ક્યારેક રાગના આરોહમાં અમુક સ્વર ન લેવાય પરંતુ અવરોહમાં લેવાય એવું બને. કોઈ આરોહમાં લેવાય પરંતુ અવરોહમાં છોડી દેવાય એવું પણ બને. આથી જાતિની દૃષ્ટિએ રાગ આરોહમાં ઓડવ જાતિનો હોય પરંતુ અવરોહમાં તે ષાડવ કે સંપૂર્ણ પણ હોય અને એ રીતે આરોહ ષાડવ હોય પરંતુ અવરોહે ઓડવ કે સંપૂર્ણ પણ હોય. આમ ઓડવ, ષાડવ અને સંપૂર્ણ એ ત્રણ મુખ્ય સંખ્યાવાચક જાતિના આરોહ-અવરોહમાં સંખ્યા ભિન્ન હોય તો ૩ x ૩ = ૯ જાતિ થાય. આથી રાગના સ્વરની સંખ્યાને આધારે તેની જાતિ :

(૧) ઓડવ - ઓડવ : આરોહે પાંચ, અવરોહે પાંચ
(૨) ઓડવ - ષાડવ : આરોહે પાંચ, અવરોહે છ
(૩) ઓડવ - સંપૂર્ણ : આરોહે પાંચ, અવરોહે સાત
(૪) ષાડવ - ષાડવ : આરોહે છ, અવરોહે છ
(૫) ષાડવ - ઓડવ : આરોહે છ, અવરોહે પાંચ
(૬) ષાડવ - સંપૂર્ણ : આરોહે છ, અવરોહે સાત
(૭) સંપૂર્ણ - ઓડવ : આરોહે સાત, અવરોહે પાંચ
(૮) સંપૂર્ણ - ષાડવ : આરોહે સાત, અવરોહે છ
(૯) સંપૂર્ણ - સંપૂર્ણ : આરોહે સાત, અવરોહે સાત

(ક્રમશઃ)

અરે, ઈયુ યાન્ગ!

• પ્રીતિ સેનગુપ્તા •

દિવસની શરૂઆત થઈ એકસરખા ભૂખરા રંગના ઘુંઘટથી. વાતાવરણ ભીનું, અને ખૂબ ઠંડું હતું. જોયું તો યાઁગ્ત્સે ઘણી પહોળી હતી. એના નીચા ઢળતા કિનારાની વચ્ચે ખાસ્સું મોટું અંતર હતું. આખી રાત વહાણ ચાલતું રહેતું, જ્યારે હસવા-ગાવાની ઘણી મૉજ કર્યા પછી અમે પ્રવસીઓ નિશ્ચિત થઈને નિદ્રાને વશ બનીને રહ્યાં હતાં.

ચીનમાં ફરતાં મેં ત્યાંની વયસ્ક તથા યુવાન સ્ત્રીઓ વચ્ચેનો તફાવત નોંધ્યો હતો. મોટી ઉંમરની સ્ત્રીઓનાં કપડાં સાદાં, દેખાવ જુનવાણી રહેતો, જ્યારે યુવતીઓ પૂરેપૂરી આધુનિક-ક્યાંય પણ જોવા મળે તેવી. વાળ ઓળવાની અવનવી રીત, મુખ-આંખ પર પ્રસાધન, ચપોચપ જીન્સ કે ટાઈટ્સ, સુંદર સ્વેટર, ઘેરા રંગના કોટ. ખ્યાલ પણ ના આવે કે માઓ-વાદી કપડાંના આગ્રહી કોઈ દેશની એ યુવા-પ્રજા હતી.

વહાણમાં મિસ વાન કરીને એક તાઈવાની ગાઈડ હતી. એના પર પણ મારી નજર પહેલેથી પડેલી. એના લાંબા, વાંકડિયા વાળ હતા. લાંબી, લટકતી બુટ્ટીઓ; મોટા ડાયલવાળું કાંડા-ઘડિયાળ વગેરેને કારણે એ જુદી તરી આવતી હતી. રોજ એ એક બંડી પહેરતી, ને એવો જ ખભા-થેલો રાખતી. એના પર મખમલનું પૅચ-વર્ક, અને સોનેરી તાર-ભરત કરેલાં હતાં. એ કામ મેં મ્યાન્મારમાં (બર્મા) જોયેલું. મિસ વાન દક્ષિણના યુનાન પ્રાંતમાંથી આવતી હતી. મ્યાન્મારની બાજુનો જ એ પ્રદેશ, તેથી ત્યાં આ કામની ચીજો મળતી હશે. કદાચ ત્યાં બનતી પણ હોય. આગલી રાતે એણે ખૂબ સરસ ગાયું હતું. બહુ ઉત્સાહભરેલું વ્યક્તિત્વ હતું. ચહેરા પરથી સ્મિત તો વિલાતું જ નહીં. પોતાના જૂથની ગાઈડ જ નહીં, જાણે એમની મિત્ર જ બની ગઈ હતી.

સવારે દસેકના સુમારે અમે ઈયુ યાન્ગ ગામ પાસે આવી લાગ્યાં. ચઢીને બસો સુધી ગયાં ત્યારે બહાર બહુ ઠંડી ન હતી. મને જાપાની જૂથ સાથે મૂકેલી, ને જિલ નામની અંગ્રેજી બોલતી ગાઈડ આપેલી. જાપાની બોલતી સ્થાનિક ગાઈડે એટલી લાંબી એકોક્તિ આપી કે જિલ જરા થાકી ને ગભરાઈ ગઈ. એટલી બધી માહિતી એ કદાચ આપી શકે તેમ ન હતી.

આમ તો ઈયુ યાન્ગ ગામ પોતાના ૮૪ ચો.કિ.મી. ના વિસ્તારમાં સાડા ચાર લાખની વસ્તી સમાવીને બેઠેલું હતું, પણ બહુ લોકો હરતા-ફરતા દેખાયા નહીં. કદાચ અમે શહેરના કેન્દ્રથી દૂર હોઈશું. બસમાં અમે શહેરથી હજી વધારે બહાર તરફ ગયાં. બધું ભીનું હતું, અને પીળચટ્ટો કાદવ પથરાયેલો હતો. ગટર-નીકની વ્યવસ્થા ઠેકાણાસર નહીં હોય, કારણ કે તેથી જ જ્યાં ને ત્યાં પાણીનાં ખાબોચિયાં ભરાયેલાં હતાં, ને થોડાં ઝૂંપડાંનાં બારણાં સુધી પહોંચેલાં હતાં.

એવી જગ્યાએ બસ ઊભી રહી. કોઈ ફૅક્ટરી જેવું લાગ્યું. જિલ ખરેખર જ વિગતો આપવામાં બહુ કાચી હતી. પણ મારા કહેવાથી એણે પેલી બીજી સ્થાનિક ગાઈડને પૂછ્યું કે અમે ક્યાં ને કેમ ઊભાં રહ્યાં હતાં. કારણમાં હતું ટાયરમાં પડેલું પંક્ચર. એ બદલવામાં તો કોણ જાણે કેટલો સમય લાગે. થોડી મિનિટોમાં બીજી, ખાલી થયેલી, બસ આવી, ને અમે એમાં ચઢ્યાં. આ ત્રીજી વાર મારાવાળી બસને આવી કોઈ તકલીફ થયેલી. કોણ કહે છે, પ્રવાસે નીકળવું સહેલું છે?! ઉપરાંત, રસ્તો અતિશય કષ્ટકારક હતો - સાવ કાચો, ખૂબ ખાડા; વળી પાણી, કાદવ. બસ સતત આંચકા ખાતી રહી, ઊછળતી-અથડાતિ રહી. ગજબની હેરાનગતી પડી એટલામાં તો!

હુનાન પ્રાંતમાં આવેલા ઇયુ યાન્ગ શહેરમાં અનેક ઉદ્યોગો નંખાયેલા છે. દોન્ગતિન્ગ સરોવર, કે જે ચીનનું બીજા નંબરનું મોટું તળાવ છે - એને કિનારે વસેલું શહેર 'મુક્તામણિ'ની ઉપમા પામ્યું છે, પણ અમે એને જે રીતે જોયું એમાં 'મોતી' જેવું કશું લાગ્યું નહીં. દોન્ગતિન્ગ જળાશયમાં દક્ષિણથી ઉત્તર તરફ ગતિ કરતી યાઁગ્ત્સે એમાં થઈને વહેતી જાય છે. એ પાણીમાં દોઢસોથી વધારે જાતની માછલીઓ વસે છે - જેમાંથી જનપ્રિય 'કાવિઆર' ખાદ્ય-પદાર્થ મળે છે તે સ્ટર્જિંગ માછલી, કેટલીયે જાતની કાર્પ માછલી, કૅટ-ફિશ, ઝીણી બેઈટ માછલી વગેરે. વહેતા મીઠા પાણીમાં થતી આ માછલીઓ પોષક-તત્ત્વોથી ભરપુર ગણાય છે. મને આવી વિગતો જાણવી ગમે. એમની વાસ કે દેખાવ ના ગમે. વાસ તો જાણે સહન જ ના થાય.

ઈયુ યાન્ગના પરિસરમાં ખાસ જાતની મદિરા બને છે : કાચબો-સર્પ વાઈન. એમાં દવાના ગુણ મનાય છે. જેમ કે, એ સંધિવા દૂર કરે છે, લોહીની શુદ્ધિ માટે સારો છે, પણ એનું નામ કાંઈ એમ ને એમ નથી પડેલું. હું તો એ જાણીને જ કંપારી પામી ગયેલી. આમ તો એ માલિશ તરીકે પણ વાપરી શકાય, પણ એ વિચાર પણ શું સહન થાય એવો છે?

ત્યાંની 'સિલ્વર નીડલ ટી' પણ વખણાય છે. એની રૂપેરી જેવી, ને લાંબી પાતળી પત્તીઓને કારણે એનું આવું નામ પડ્યું. આ ચ્હાની વિશિષ્ટતા એ છે કે એની પત્તીઓ પાણીમાં પણ સીધી-ઊભી જ રહે છે, અને કપ કે ગ્લાસમાં ત્રણ વાર ઉપર-નીચે જાય છે. એને સારાં એવાં ઈનામ મળેલાં છે. ઘણા પ્રમાણમાં આ ચ્હા ઊગતી નથી, ને એનો પુરવઠો ઓછો હોય છે. આ કારણે એ મોંઘી પણ ખૂબ જ છે. એક કિલોના એકસો કે વધારે ડૉલર એની કિંમત હોય છે. એનું નામ બદલીને 'સુવર્ણ કણ ચ્હા' ના કરી નાખવું જોઈએ?!

કમળ ફૂલનાં બી તો અઢળક જથ્થામાં મળતાં રહે છે, ને

રસોઈમાં તથા કુદરતી દવા તરીકે વપરાય છે. ઇયુ યાન્ગની ખ્યાતિ ત્યાં તૈયાર થતાં કાપડ, ભરત-કામ, હાથ-પંખા વગેરે કળાઓ પર નિર્ભર થયેલી છે. ઉપરાંત , ત્યાં કાગળ બનાવવાની મિલો, કેમિકલ ફર્ટિલાઈઝરની ફેકટરીઓ, તેલની રીફાઈનરી અને વૈદ્યુત્તિક પાવર સ્ટેશનો પણ છે. કશું જ બાકી ના રહ્યું!

પછી જે વિભાગમાં અમને લઈ જવામાં આવ્યાં તે સારો દેખાતો હતો. ત્યાં પ્રાચીન સ્થાપત્ય પ્રમાણેનાં - ઊંચા વળતા છેડાવાળાં છાપરાં, લાક્ષણિક શૈલીનાં બારણાં ઇત્યાદિ - ઘર હતાં. જિલ કહે, 'આ બધું પાંચ જ વર્ષ જૂનું છે.' પણ સામે જ રહેલો ચીની મિનાર 'વર્ષોનાં વર્ષો પહેલાં' બનાવાયો હતો. હવે તે એ નૌકાદળમાં જોડાનાર યુવાનોની તાલીમ માટે વપરાય છે. એક જમાનામાં ત્યાં નગર-પ્રવેશ માટે ચાર મહાદ્વાર હતાં. હવે એક જ, પશ્ચિમનું દ્વાર જ બચ્યું છે. એ મિનાર અને એની પાસેના મંડપો મોટા એક મંચ પર બનાવાયા હતા, ને સરસ લાગતા હતા. ત્રણ માળ ઊંચા મિનારનું છાપરું વાંસનાં અડધિયાં જેવા સિરામિક પીળા ટાઈલ્સનું બનેલું હતું. મંડપો પર ભૂરા ટાઈલ્સ હતા. એ છાપરાં ઢળતાં, ઉપર વળતા છેડાવાળાં અને ખૂણાઓની કિનારીઓ પર મૂકેલાં ડ્રેગન તથા ફિનિક્સ પંખીનાં શિલ્પથી યુકત હતાં. ચીનમાં એ અનુક્રમે મહારાજા તથા મહારાણીનાં પ્રતીક છે.

એ મિનારની બીજી નવાઈ એ છે કે એને કોઈ પાયો જ ન હતો, પણ ચાર થાંભલાનો આધાર એને મળેલો હતો. એની અંદરની દીવાલો પર સુન્ગ રાજવંશના કવિ ફાન ચુન્ગ યાન દ્વારા લખાયેલા બે નિબંધો હતા. આપણે તો ચીની ભાષાના સુરેખ અક્ષરો જ જોવાના. પણ એમ કહેવાય છે કે શૈલી અને સામગ્રીની દૃષ્ટિએ બંને ઉત્તમ નિબંધો છે. મિનાર ને મંડપોની ફરતે સરસ બાગ બનાવાઈ રહ્યો હતો. આખા સંપુટની, પિત્તળમાં ઢાળેલી પ્રતિકૃતિ તો ત્યાં મુકાઈ જ ગઈ હતી.

ત્યાંથી નીકળીને બજારના રસ્તા પર હું ચાલી. ઘણી દુકાનોમાં પેલી કચ્છપ-સર્પ મદિરા વેચાતી હતી. જાડા, અપારદર્શક કાચના બાટલા ગોઠવેલા જોવા મળતા હતા. એથી વધારે કુતૂહલ મને એ પેય માટે હતું નહીં. પરદેશીઓનું સ્વાગત કરતાં વાક્યો કેટલીક દુકાનો પર મૂકેલાં હતાં, એમનાથી હું ખેંચાઈ નહીં. બે સાંકડી શેરીઓમાં તાજાં ફળ વેચાતાં હતાં. એ જોતાં એક દાદર નજરે પડ્યો. એ ચડીને હું ઉપર ગઈ, તો જોયું કે બે-માળી એક નાના મકાનનો એ ભાગ હતો. ચારે તરફ બાંધેલા ફ્લેટની વચ્ચે લંબચોરસ આંગણ હતું, જે કચરાથી ખરડાયેલું હતું. નવા ચીનમાં ગંદકી પણ થવા માંડી, અને શોરબકોર પણ. પાછળના મુખ્ય રસ્તા પરથી હૉર્ન મારતી, હવા દૂષિત કરતી જતી ટ્રકો ને બસો હું અંદરની શેરીમાં રહ્યે રહ્યે પણ અનુભવી શકતી હતી.

મણિયો, વિજ્ઞાન અને કવિતા

લઘુકથા] ——— [સૌમિત્ર ત્રિવેદી

મારી સાથે ભણતો મણિયો કવિતા લખતો. દર અઠવાડિયે દસ-પંદર કવિતા તો લખી જ નાખતો. પછી અમને વંચાવતો-સંભળાવતો અને ગુજરાતીના સાહેબને આપી નોટિસબોર્ડ પર મુકાવતો.

એક દિવસ અમે પણ એક કવિતા લખી. મણિયાને બતાવી. તેણે વાંચીને પાછી આપી.

પછીના વિજ્ઞાનના પિરિયડમાં અણધારી રીતે મણિયાએ સાહેબને કહ્યું; 'સાહેબ, આવડો આ ચાલુ પિરિયડે કવિતાઉં લખે છે.'

કલાસ વચ્ચે, વેરાયેલી કવિતા વચ્ચે - 'સાલા હાલી જ નીકળ્યા છે' - શબ્દો સાથે ધોલ પડેલી. ધોલ તો બહુ વાગી નહોતી, પણ શબ્દો બહુ વાગ્યા હતા. યાદ નથી કોના હતા - સાહેબના કે પછી.... □

વહાણ પર પાછાં જતાં હજી અમને બીજા એક બજારમાં લઈ જવાનાં હતાં, પણ રસ્તા વચ્ચેથી એક ટ્રકના ખસવાની રાહ જોવામાં ઘણો સમય બગડ્યો. રસ્તાની બરાબર વચ્ચે કાદવમાં એ ફસાઈ પડેલી - કે બંધ પડી ગઈ હતી. આ આખું પર્યટન કંટાળાજનક, ને હેરાનગતિથી ભરેલું બન્યું હતું. વહાણમાં જઈ કલાકેક શાંતિથી બેઠી ત્યારે સારું લાગ્યું!

બપોરે ફરી એક વાર ચીની પીંછી-ચિત્રની રજૂઆત થઈ. એ ચિત્રકાર કેટલો કુશળ લેખનકાર - Calligrapher - હતો તે હવે જોવા મળ્યું. એક વૃદ્ધ જાપાની સદ્‌ગૃહસ્થની તીવ્ર ઇચ્છા હતી કેટલાંક જાપાની કાવ્યો કળાત્મક રીતે લખાવવાની, ચીની અને જાપાની ભાષાના ચિત્રાક્ષરો સરખા છે; અલબત્ત, અર્થ બદલાઈ જાય - શબ્દોના. એ સદ્‌ગૃહસ્થે ચિત્રકારને સમજાવવામાં કલાક કાઢ્યો. પછી જાપાની સમજતી ચીની ગાઈડની સહાય લીધી. પરિણામ અત્યંત સુંદર કળા-લેખનમાં આવ્યું. એ ચિત્રકાર માટે મારું માન ઘણું વધી ગયું.

દોઢ-બે કલાકની આ આખી પ્રક્રિયા હું અનુસરતી જરૂર રહેલી, પણ મારું ધ્યાન હતું નદીની તરફ. જુદી જ હતી એ આજે. નીચા તટ, માઈલથી પણ પહોળો પટ, ભાગ્યે જ કશું વાવેતર કે કોઈ વાસ. બીજી કોઈ નૌકાની આવ-જા પણ નહીં. સાવ અનવરુદ્ધ હતું સરિતાનું પ્રચલન, અને એમાં અમારા જળ-યાનનું વહન. ઓછા દૂધની, પાણી-પાણી હોય તેવી ચ્હા જેવો રંગ હતો જળનો. તરલ સપાટી પર નાની નાની લહેરો રમતી હતી. આખરે મનને શાતા વળતી હતી. વિશેષ રીતે આનંદદાયી હતા એ કલાકો. નદી ત્યારે કેવળ મારી હતી, મારે માટે હતી. (ક્રમશઃ)

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

રસ્તામાં પડેલી પાવલી, ગજવામાં ઘાલી

તા. ૧૫-૭-૮૮. સત્તરમી સદીમાં ફ્રાન્સની એક રાણી વિષે એમ કહેવાય છે કે રાણીબાને દરબારીઓએ ફરિયાદ કરી કે દેશમાં લોકો ભૂખે કરે છે, ખાવાનો રોટલો મળતો નથી. તો રાણીબા બોલ્યાં, 'એમાં ભૂખે શું કામ મરે છે? રોટલો ન મળે તો પૂરી ખાય!' અહીં નવી શિક્ષણ-નીતિમાં આવું જ કાંઈક થઈ રહ્યું છે. આ નવી નીતિમાં પ્રાથમિક શિક્ષણ માટે એક નવો કાર્યક્રમ દાખલ થયો છે. કાર્યક્રમનું નામ છે ઑપરેશન બ્લૅકબોર્ડ (Operation Blackboard). આ કાર્યક્રમ હેઠળ દેશની પ્રાથમિક શાળાઓમાં, બાળ-પુસ્તકાલય, શિક્ષણનાં સાધનો, દૃશ્ય-શ્રાવ્ય (Audio - Visual). આ ઉપકરણો વગેરે ખરીદવા માટે રાજ્ય સરકારોને કરોડો રૂપીઆ ફાળવવામાં આવ્યા છે. ખૂબી તો એ છે કે આ કાર્યક્રમની રૂપરેખા આપતાં પૂરો-વાક્યમાં નોંધ્યું છે કે, દેશની અડધા ઉપરાંતની શાળાઓ માટે વર્ગ માટે બાંધેલો એક ઓરડો પણ નથી, મૂતરડીની પણ સગવડ નથી અને તેથી ઑપરેશન બ્લૅકબોર્ડ જેવા કાર્યક્રમની જરૂર છે. પણ તે કાર્યક્રમ માટે ફાળવાયેલાં નાણાંમાંથી શાળા માટે ઓરડા બંધાતા નથી, કે મૂતરડીઓ બંધાતી નથી કે ચોખ્ખાં પીવાનાં પાણીની વ્યવસ્થા થતી નથી પરંતુ પુસ્તકાલય માટે પુસ્તકો, મૉન્ટીસોરીનાં સાધનો, રેડીઓ-ટી.વી. એવું ખરીદાય છે. પેલી ફ્રાન્સની રાણીબાના જેવું જ માનસ વ્યક્ત થાય છે ને?

આવાં સરકારી આયોજનોની સામાન્ય રીતે આપણને ખબર પણ ન પડે કારણ કે શૈક્ષણિક સાધનોના વેપારીઓ અને શિક્ષણખાતાના અમલદારો વચ્ચે એવું તો સહિયારું હોય છે કે જે નિશાળમાં બેસવા માટે પણ પૂરતી જગ્યા ન હોય તે નિશાળ ખાતે જરૂરી સાધનો 'મોકલાઈ' ગયાં છે, તેવી નોંધ સાથે બિલ મંજૂર થઈ જાય. પણ આ ઑપરેશન બ્લૅકબોર્ડમાં બાળપુસ્તકાલયની વાત છે. અને ગુજરાતમાં આ પુસ્તકો તો ગુજરાતીમાં જોઈએ એટલે અખિલ ભારતીય વેપારીઓનું સહિયારું આમાં ચાલે નહિ. ગુજરાતી પ્રકાશકોને કંઈક વાંધો પડ્યો અને મામલો કોર્ટમાં ગયો. એટલે આપણને કેટલીક ખબર પડી. તે વિષે આવતા પત્રમાં.

તા. ૨૨-૭-૮૮. બીજે બધે હોય છે તેમ અહીં પણ દરેક ભાષાના સાહિત્યકારોનાં મંડળો છે. ગુજરાતી સાહિત્ય પરિષદ, મરાઠી વાઙ્મય મંડળ, હિન્દી સાહિત્ય મંડળો છે. ગુજરાતી સાહિત્ય સંમેલન વગેરે અને ઘણાં વર્ષોથી આ બધાં સ્વેચ્છાએ રચાયેલાં મંડળો ચાલ્યા કરે છે. આઝાદી પછી નેહરુની નીતિ પ્રમાણે સાહિત્યને રાજ્યાશ્રય પણ મળવો જોઈએ એટલે દિલ્હીમાં સરકારે એક સાહિત્ય-એકેડેમીની સ્થાપના કરી અને દરેક રાજ્યમાં રાજ્યની ભાષાની એકેડેમીઓ સ્થપાઈ. ગુજરાતમાં આવી એકેડેમી સ્થપાઈ નહોતી. મોડી મોડી ઠેઠ ૧૯૮૩માં ગુજરાત સાહિત્ય એકેડેમીની સ્થાપના થઈ. પણ સાહિત્યકારો તેને સાહિત્ય એકેડેમી નથી કહેતા પણ સરકારી એકેડેમી કહે છે. કારણ કે નામ છે સાહિત્ય એકેડેમી પણ તેનો અધ્યક્ષ રાજ્યનો કેળવણી પ્રધાન છે જેને સાહિત્યનો સા પણ ખબર નથી. ઉપાધ્યક્ષ તરીકે કોઈ સાહિત્યકારને મૂકવો છે પણ ગુજરાતના સાહિત્યકારોએ તો આ સરકારી એકેડેમીનો બહિષ્કાર કર્યો છે એટલે ગુજરાત બહાર વસતા એક ગુજરાતી કવિ પકડી લાવ્યા અને તેને ઉપાધ્યક્ષ બનાવ્યો.

હવે ગયા કાગળમાં મેં લખ્યું હતું તે ઑપરેશન બ્લૅક-બોર્ડ કાર્યક્રમમાં પ્રાથમિક શાળાઓ માટે રૂા. ૪૬ લાખનાં બાળસાહિત્યનાં પુસ્તકો ખરીદવાનાં હતાં. આ પુસ્તકો માટે શિક્ષણનિયામકે ટેન્ડર મગાવ્યાં અને પુસ્તકોની પસંદગી માટે સરકારે એક કમિટી બનાવી જેમાં સાહિત્ય એકેડેમીના ઉપાધ્યક્ષ પેલા કવિરાજ સભ્ય હતા. કમિટીએ ત્રણ કલાકની મીટિંગમાં ૪૬ લાખ રૂપિયાનાં પુસ્તકોની યાદી મંજૂર કરી. મુંબઈના એક જ પ્રકાશકને આખો ઑર્ડર આપ્યો. અને ગુજરાતના પ્રકાશકો, બુકસેલરોને એક પુસ્તકનો પણ ઑર્ડર ન મળ્યો.

હાઉં, ગુજરાતના પ્રકાશકોના મંડળે હાઈકોર્ટમાં કેસ કર્યો કે, પુસ્તકોની પસંદગીમાં ગેરરીતિઓ થઈ છે. દાખલા તરીકે તેમણે કહ્યું કે, પેલા કવિરાજ કમિટીના સભ્ય હતા અને કમિટીએ તે કવિરાજનાં જ પાંચ-છ પુસ્તકો પસંદ કર્યાં છે.

હાઈકોર્ટે તેમનો કેસ માન્ય રાખ્યો અને પેલા કવિરાજની ઝાટકણી કાઢી. અને ગુજરાતના સાહિત્યકારો ઊખળી પડ્યા. ઉમાશંકરે તો કહ્યું કે, સરકારી એકેડેમી તો કાજળની કોટડી છે. ઉપાધ્યક્ષ થઈને કાજળની કોટડીમાં જાય તે કાળો થઈને જ બહાર આવે ને! કોઈકે વળી લખ્યું કે, ઉપાધ્યક્ષ કવિ છે તેથી માણસ થોડો જ મટી જાય છે. રસ્તે ચાલતાં વચ્ચે પાવલી પડેલી દેખાય તો પણ લઈને ગજવામાં નાખે ! પેલા કવિરાજ પાવલી ગજવામાં નાખતાં પકડાઈ ગયા!!

બિહારનો ભૂકમ્પ

તા. ૨૭-૮-૮૮. ગયે અઠવાડીએ બિહાર-નેપાળની સરહદ નજીક ભૂકંપના સખત આંચકા આવ્યા. સાંજે સાડા સાતે પહેલા સમાચાર સાંભળ્યા ત્યારે ભૂકમ્પને કારણે મરણનો આંકડો ૨૦૦ સાંભળ્યો. કલાક પછીના ૮-૪૦ના સમાચારમાં તે આંકડો ૩૦૦ થયો. અને રાત્રે ૯-૩૦ના સમાચારમાં તે

આંકડા ૫૦૦એ પહોંચ્યા. બીજે દિવસ વડાપ્રધાન રાજીવ ગાંધી ભૂકમ્પ વિસ્તારની મુલાકાતે ગયા અને તે રાત્રે સમાચારમાં વિચિત્ર વિરોધાભાસ સાંભળવા મળ્યો. સમાચારની શરૂઆતમાં તો ભૂકમ્પથી થયેલાં મરણોનો આંકડો ૫૦૦ જેટલો કહ્યો પણ સમાચાર પૂરા કરતી વખતે જહેર કર્યું કે બિહાર સરકાર મરણનો આંકડો ૧૬૪ આપે છે!! લાગે છે કે રાજીવ ગાંધીએ બિહાર સરકારને આદેશ આપ્યો કે આપત્તિની તીવ્રતાને બહુ ચગાવીને ન રજૂ કરવી - અંગ્રેજીમાં Play down the intensity of Calamity - એવો કોઈક આદેશ આપ્યો હશે અને સત્તાવાર આંકડો ધડ કરતો ૫૦૦માંથી ૧૬૪ થઈ ગયો! ધીરે ધીરે આ આંકડો ૧૬૪માંથી ૨૨૯ થયો છે. ભૂકંપમાં ખરેખર કેટલાં માણસ મર્યાં છે એ તો રામ જાણે!

અલબત્ત, નેપાળમાં રાજીવ ગાંધીની હકૂમત ચાલતી નથી અને તેથી જ કદાચ ત્યાં મૃત્યુનો આંક ૫૦૦ માંથી ૧૬૪ નથી થયો પણ ધીમે ધીમે વધતો ૬૫૦ પહોંચ્યો છે. ભૂકંપનું કેન્દ્ર ભારત-નેપાળ સરહદ નજીક પણ ભારતના પ્રદેશમાં હતું. છતાં રાજીવની ઈલમ કી લકડીથી ભારતમાં ૨૨૯ મરણ થયાં જ્યારે નેપાળમાં ૬૫૦ !!

૧૯૩૪માં જાન્યુઆરીમાં બિહારમાં ભૂકમ્પ થયેલો ત્યારે અંગ્રેજી હકૂમત હતી. સરકારે બે દિવસ સુધી તો ખુવારીના આંકડા જ ન આપ્યા. પછી જ્યારે નજરે જોનારાના અહેવાલો છાપાંમાં આવ્યા ત્યારે ખબર પડી કે ૧૧૦૦ મૃત્યુ થયાં હતાં!

હા, એક બીજી વાત. ૧૯૩૪ના બિહારના ધરતીકંપ પછી ગાંધીજીએ લખ્યું હતું કે, આ તો હિન્દુઓના અસ્પૃશ્યતાના પાપનું પરિણામ છે! આ લખાણ ઉપર જવાહર ખૂબ જ નારાજ થયેલા. છેવટે રવીન્દ્રનાથ ટાગોરે ગાંધીજીને પત્ર લખી હળવાશથી ઠપકો આપ્યો. તેમણે લખ્યું કે, આપણે જાણીએ છીએ કે પૃથ્વીના પેટાળનાં પરિબળોને કારણે ભૂકમ્પ થાય છે અને તેનો પૃથ્વીની સપાટી પર વસતા લોકો સાથે કોઈ સંબંધ નથી! ત્યાર પછી ગાંધીજીએ આવું કશું ફરી લખ્યું નથી.

શું શાં પૈસા ચાર

તા. ૪-૯-૮૮. 'કુમાર'નો માર્ચ ૧૯૮૭નો અંક ઑગસ્ટ ૧૯૮૮માં બહાર પડ્યો છે. અંકની અંદર ક્યાંય એવો ઉલ્લેખ નથી કે અંક ૧૯૮૮માં છપાઈને બહાર પડ્યો છે. એટલે પાંચ-દસ વર્ષ પછી આ અંક કોઈના જોવામાં આવે તો તેને તો એમ જ લાગે કે અંક ૧૯૮૭ના માર્ચ-એપ્રિલમાં બહાર પડ્યો હશે. પણ અંદર વાંચતાં ગરબડ ઊભી થાય. અંદર કલાકાર છગનલાલ જાદવ વિષે લેખ છે. તેમાં છેલ્લું વાક્ય છે - 'ગયા વર્ષે - ૧૯૮૭માં તેમનું અવસાન થયું.' માર્ચ ૧૯૮૭ના અંકમાં 'ગયે વર્ષે - ૧૯૮૭માં'!!

ગુજરાતીઓને મન ભાષાની કિંમત તો 'શું શાં પૈસા ચાર' જેટલી છે. એટલે આજે સાહિત્ય અને સંસ્કાર પોષતું ગુજરાતી સામયિક લાંબું ટકતું નથી. કલકત્તાથી નીકળતું નવચેતન, કલકત્તાથી અમદાવાદ આવ્યું. અને ચાંપશી ઉદેશી ગુજરી ગયા પછી ડચકાં ખાતું બંધ થઈ ગયું. પણ પછીથી ચાલુ થઈ ગયું છે. ઉમાશંકર જોશીએ શરૂ કરેલું સંસ્કૃતિ વીસ વર્ષ ચાલીને બંધ થઈ ગયું. ઈશ્વર પેટલીકર સામાજિક સમસ્યાઓ ચર્ચતું 'સંસાર' માસિક ચલાવતા હતા તે પણ હવે બંધ થઈ ગયું છે. પેટલીકરને તો ગુજરાતે બરાબર પાઠ ભણાવ્યો. પેટલીકરની એક વાર્તાને (વાર્તાનું નામ તો ભૂલી ગયો છું) વાર્તા-હરીફાઈમાં પહેલું ઈનામ મળ્યું, એટલે એને ઉત્સાહ આવ્યો. અંગ્રેજીમાં પેપર-બેક (Paper-back કાચા પૂંઠાનાં) પુસ્તકોનો બહોળો પ્રચાર છે અને કિંમત પણ ઘણી સસ્તી હોય છે.પેટલીકરને થયું કે ગુજરાતીમાં પણ પેપર-બેક પુસ્તકોનો પ્રચાર શરૂ કરીએ. તેણે પોતાની ૧૦ વાર્તાનો સંગ્રહ પેપર-બેક પુસ્તકરૂપે બહાર પાડ્યો. હવે પેપરબેક પ્રકાશનનું અર્થશાસ્ત્ર એવું છે કે એની ઘણી બધી નકલો છપાવીએ તો જ પુસ્તક સસ્તું પડે. એટલે પેટલીકરે ૫૦,૦૦૦ નકલો છપાવી અને ૧ રૂપીઓ કિંમત રાખી. હવે ગુજરાતમાંથી કનૈયાલાલ મુનશી જેવાની નવલકથાની પણ પહેલી આવૃતિમાં તો બે જ હજાર નકલ છપાય છે અને તેટલી નકલ ખપતાં દોઢ-બે વરસ લાગે. ત્યારે પેટલીકરે પચાસ હજાર નકલ છાપી. હાંઉ,- પહેલે વર્ષે ૭૦૦ નકલ ખપી એમ કરતાં બે ત્રણ વર્ષે ૧૫૦૦ નકલ વેચાઈ અને લગભગ અડતાલીસ હજાર નકલ સેવ-ચવાણા માટે પસ્તીમાં ગઈ! પેટલીકરને એમ કે ચોપડી સસ્તી છે એટલે લોકો લેશે! અથવા તો પુસ્તક ખરીદવાનું પોષાતું નથી માટે ગુજરાતી વાંચતો નથી. પણ ગુજરાતે લપડાક મારી પેટલીકરને શીખવ્યું કે, તારી આ માન્યતા ખોટી છે. અમારા પડોશમાં એક દરજી રહે છે. તે દર બુધવારે (દુકાનના રજાના દિવસે) સાંજના ભાડે ટેક્સી લઈ ડ્રાઇવ ઇન સિનેમામાં પિક્ચર જોઈ, જમીને આવે (સહકુટુમ્બ) અને સહેજે રૂપીઆ ૧૦૦ ખરચી નાખે. તેને વાંચવું જ હોય તો ૧ રૂપિયો શું કે દસ રૂપિયા શું? પણ વાંચવું જ નથી તેનું શું ?

પછી ૧૯૮૭ના માર્ચનું કુમાર ડચકાં ખાતું ૧૯૮૮ના ઑગસ્ટમાં પ્રગટ થાય તેની શી નવાઈ! નવાઈ તો એ છે કે અમારું 'સુગાણિતમ્' ૨૬ વરસથી એકધારું ચાલુ રહી શક્યું છે! (ક્રમશઃ)

જ્યોતિર્ધર કનૈયાલાલ મુનશી (૧૪)



—જયન્તીલાલ મહેતા

૧૯૨૮માં મુનશીના જીવનમાં વળી પાછો એક મોટો પલટો સર્જાય છે. ૧૯૨૨માં ગાંધીજીની વિચારધારા ન જચતાં જેમણે કૉન્ગ્રેસ છોડેલી, રાજકારણને તિલાંજલિ આપેલી તે આ એક અતિ સફળ વકીલ, ધનવાન, વિદ્યાવાન, પ્રતિષ્ઠિત મુંબઈગરા ૪૧ વર્ષની વયે બંધારણીય રસ્તા છોડી, સાચા અને ત્યાગી સત્યાગ્રહનો રસ્તો છોડે છે. અને બ્રિટિશ સરકારની બદદાનતથી વાજ આવી જઈ સરદાર વલ્લભભાઈ પટેલની બારડોલીના ઐતિહાસિક અહિંસક સંગ્રામમાં તેમના જમણા હાથ બની ઝંપલાવે છે. સુંવાળા અને સૉફિસ્ટિકેટેડ મુનશી સ્વેચ્છાએ જેલવાસ ભોગવે છે. અને વિજય હાંસલ કરી આવ્યા પછી સાહિત્ય સંસદની વાર્ષિક બેઠકમાં વ્યાખ્યાન આપતાં બારડોલી સત્યાગ્રહની માર્મિક વાતો ઉજાગર કરતાં ગાંધીજી તથા સરદારની નેતાગીરીને આમ પ્રમાણે છે અને બિરદાવે છે :

'... ગયે વર્ષ ગુજરાત રેલસંકટની ગિરફતારીમાં પડ્યું હતું. આ વર્ષે બારડોલીનો વિજયોત્સવ ઊજવે છે, ગયે વર્ષે એ પ્રકૃતિના મદ સામે લડ્યું, અને આ વર્ષે રાજમદ સામે લડ્યું. બંને વર્ષે એણે વિજય પ્રાપ્ત કર્યો... ગયે વર્ષે સાહિત્યમાં માનવતાનો આદર્શ જોવા મેં પ્રયત્ન કર્યો હતો. આ વર્ષે માનવતામાં સાહિત્યનો આદર્શ જોવાનું મને મન થાય છે... આઠ મહિના પહેલાં બારડોલી એટલે નિર્માલ્ય ગુજરાતનો એક તાલુકો. આજે બારડોલી એટલે ગુજરાતનું જીવંત મહાકાવ્ય. ધગધગતા માનવ-સંકલ્પોના એક અદ્ભુત કીમિયાની કથામાં સાહિત્યના આદર્શોનું મૂલ કેમ નહિ જડે ?... મૂલ્યનાં પણ નવાં મૂલ્ય કરવાં સહેલાં નથી. આખું જીવન કોઈ એક મૂલ્ય પર રચાય છે... ગુજરાતી એટલે મોજીલો, શોખીલો, પાન ચાવતો, ગપાટા હાંકતો, ફક્કડ અથવા કરકસરિયો, પેટે પાટા બાધી જંઈ (પૈસા) ભેગા કરતો, સ્વાર્થી વેપારી. એના અંતરમાં આદર્શ નામમાત્ર જ અને એની બુદ્ધિમાં સર્વગ્રાહિતા કરતાં વ્યાવહારિકતા વધારે. એના પૂર્વજોનાં રુધિરે ચૈતન્યો ને શંકરો સરજાવેલા નહીં. એના કીર્તિપટ પર પ્રતાપની, શિવાજીની કે રણજિતની છાંય સરખી નહીં....(ત્યાં એક દક્ષિણ આફ્રિકાથી સુકલકડી ગુજરાતી વણિક આવ્યો)....આ માણસમાં મૂલ્યોને અવનવાં મૂલ્યો આપવાની અગાધ શક્તિ હતી. એની ઇચ્છાશક્તિમાં અડગતા હતી. એ મતભેદમાં માનતો નહીં. પયગમ્બરોની અદ્ભુત આત્મશ્રદ્ધા તેનામાં હતી... ફક્કડ ગુજરાતી અડગ વીર બન્યો. લહેરી જીવનમાં સચોટ વ્યવસ્થા આવી... બિચારું બારડોલી નિઃસીમ બહાદુરીનું ઉપમેય થઈ પડ્યું. મૂલ્યનાં પણ મૂલ્ય ફરી અંકાય એવા કીમિયાની કોણ અવગણના કરી શકે?... આ કીમિયાગર અર્વાચીન દધીચિ માફક હાડકામાંથી વજ્ર બનાવવા મથતો હતો... આ વજ્રને ધાર ચડાવવાને મહાત્મા ઉદ્યુક્ત છે. ચશ્માં વડે જોતી આંખો વડે તે ભાવિને પૂછે છે : 'એનો કોણ ક્યારે ઉપયોગ કરશે ?'... ગહન પ્રશ્ન ! પાસે વહેતી સાબરમતીના કલ્લોલમાં પ્રશ્નના પડઘા શમી જાય છે....

.... તે શમતાં પહેલાં શિષ્ય આવે છે શ્રીકૃષ્ણ પાસે પાર્થ આવ્યો હતો તેમ... એ પોતાને ગુજરાતનો સૂબો કહેવરાવે છે. ગુજરાતનું દુઃખ પોતાના માથે વહોરવા, તેનો ભય પોતાના હાથે વિદારવા, તેની કીર્તિ પોતાના પરાક્રમે વધારવા તે તત્પર છે. ગયે વર્ષે પ્રકૃતિ કોપી ત્યારે તે તેને શમાવવા મથ્યો, આજે રાજા કોપ્યો ત્યારે તેને મારવા તૈયાર થયો. 'ગુજરાતનું કોઈ નામ લેશો મા' - એ એનો કીર્તિલેખ. જે ગુજરાતની અસ્મિતા આપણે માત્ર સાહિત્ય દ્વારા સેવીએ છીએ તેને એ કર્તવ્ય દ્વારા સેવે છે... સૂબો બારડોલીને મહાત્માજીના 'મૃત્યુંજય'નો જાપ જપાવવા માંડે છે :

'અહિંસાની પ્રતિજ્ઞાથી ન ચળશો. સંકલ્પ કરો કે મારે હાથે સરકારને પાઈ પણ નહિ આપું. જોઈએ તો જપ્તી કરો, ખાલસા કરો, ખેતર પર જાઓ, હરાજીઓ બોલાવો. જે કાંઈ કરવું હોય તે જબરદસ્તીથી કરો. મરજિયાતથી કાંઈ નહિ કરાવી શકો'.... અજબ માણસ છે આ ગુજરાતનો સ્વયંનીર્ણિત સૂબો... એનામાં સેનાનીની સચોટ દૃષ્ટિ છે. કોણ ક્યાં ખપ લાગશે, કોનો કેવો ખપ પડશે, કોણ કેવો નડશે, કોનો કાંકરો કાઢી નાખવો પડશે, એ બધું એ સમજે છે, અને તે પ્રમાણે વર્તે છે... એણે શીખવ્યું કે એનો બોલ તે બ્રહ્મવાક્ય. એ અદ્ભુત માણસના આપમતિયાપણાએ ગુજરાતી અને કેટલેક અંશે હિંદી જાહેરજીવનને વ્યવસ્થિત કર્યું. દરેક પોતાના ક્ષેત્રમાં આજ્ઞાનું પાલન કરે - આજ્ઞા કરનાર એક જ... શિષ્યના વાક્પાટવમાં માનુષી રંગબેરંગીપણું છે. તે આક્ષેપ મૂકે છે, તિરસ્કારે છે, હસાવે છે, ચોંટે એવી ચોપડે છે. ખેડૂતોને સુગમ એવી ગ્રામ્ય ટકોર કરે છે; તોછડાઈથી તે તિરસ્કારે છે. તે ઉચ્ચારણની અવગણના કરે છે... આ વલ્લભભાઈનાં બારડોલી-વ્યાખ્યાનો ગુજરાતી વાક્પાટવના ઇતિહાસમાં સીમાચિહ્નો લેખી શકાય... હવે કોણ કહેશે શુંશાંની કિંમત પૈસા ચાર છે?

'... બારડોલી નવાં મૂલ્યો કરે છે... રોજરોજ વલ્લભભાઈ પુકારે છે : 'હું સાત્ત્વિક સ્વાતંત્ર્યને નિયમન કરનારા બધા ધારા તોડું છું. મને પકડો!' સંકલ્પભંગ કરવા કરતાં કારાવાસમાં

જવું સારું.... કારાવાસની હજની મોહિનીનાં આટલાં મૂલ્ય કદી હિન્દે દીઠાં નથી... મજૂરી કરતી ખેડૂતોની સ્ત્રીઓ જમીનો તારાજ થવા દે છે, ઘરોમાં ધાડ પાડવા દે છે, પતિઓને કારાગ્રહ સેવવા પ્રેરણા કરે છે, ભેંસો વેચાવા દે છે, અને દિનપ્રતિદિન આ યુદ્ધ મચ્યું રહે તે માટે રૂપિયા બે સૂબાને ચરણે ધરે છે. આ યુયુત્સુ સ્ત્રીસંઘ નીડર છે. એટલું જ નહિ, નિર્યોગક્ષેમ બન્યો છે... મૂલ્યપરિવર્તન થતાં જ જાય છે. લોકો પ્રકાશને બદલે દિવસ ને રાત અંધકાર સેવે છે. પશુઓ જોડે પુરાઈને પડી રહે છે. ચાર આંગળના ઘરમાં બાલબચ્ચાં ને ઢોરો સાથે મહિનાના મહિના જીવન વીતાવે છે. એક પણ જણ અધીરું થતું નથી. એમાં શું? બોલ પાળીએ છીએ ને ! બોલ તૂટે કે ઢોરો વેચાઈ જાય તેના કરતાં સડતા ઢોરોને ગળે વળગી, પડી રહેવામાં તેમને જીવનની ખરી કિંમત જણાય છે... પણ મોટામાં મોટું પરિવર્તન થયું હોય તો રાજ્યસત્તા તરફની ગુજરાતની દૃષ્ટિનું... વેઠિયો ચાકર સરકારનું ફરમાન માથે ઉઠાવવા કરતાં વંશપરંપરાની ચાકરી છોડે છે. પેઢી ધરનો પટેલ જેને જોરે ગામનું રાજ્યતંત્ર ચાલે છે તે રાજ્યસત્તાની આજ્ઞા માનવા કરતાં પોતાની પદવી ત્યાગે છે... કલેક્ટર સાહેબનાં નિમંત્રણો સ્વીકારાતાં નથી - એમનાં પાન પડ્યાં પડ્યાં પેટીમાં સુકાઈ જાય છે... કોઈ વાહન આપશે નહિ, કોઈ ખાવાનું આપશે નહિ... જા! જા! હું નથી આપવાનો. અમે તો સ્વરાજમાં ભળ્યા છીએ....

'... રાજ્યસત્તાનો ભય ગુજરાતમાંથી ગયો - પૂરો થયો. હવેથી રાજા કાલનું કારણ નહિ; પ્રજા રાજાનું કારણ અને આધાર (લોકશાહીનો મૂળભૂત સિદ્ધાંત આચરી બતાવાય છે)... મને બારડોલીના સરદારનો સ્વયંનિર્ણીત અંગરક્ષક કેટલાકે કહ્યો છે. એ શું મૂલ્યપરિવર્તન નથી? ધનસેવી ધારાશાસ્ત્રી વગર ફીએ વખત ખૂવે; અદાલતનો અનુભવી અવ્યવહારુ દેખાતા પ્રતિજ્ઞાપાલનના દર્શનથી આર્દ્ર બને; સમાધાન એ રાજકીય પ્રવૃત્તિનો આત્મા છે એમ માનનાર અડગતા સેવી અપજશ લે; ડારતી, કંપાવતી, માનવતાનો પ્રશંસક અહિંસામય અને સહનશીલ સત્યાગ્રહથી પ્રશંસામુગ્ધ બને - એ પણ આ જ મૂલ્યપરિવર્તનનું એક દૃષ્ટાંત... આમ જીવનનાં માહાત્મ્ય નવાં અંકાય એટલે શું? એટલે વિપ્લવ. જ્યાં મૂલ્યપરિવર્તન પૂરેપૂરાં થાય છે, ત્યાં વિપ્લવનો આરંભ થાય છે... જે બારડોલીના વિજયને ઘણા અશાંતિનો ઉપાદ્‌ઘાત લેખે છે, તેને હું સ્વાતંત્ર્ય, સ્વાશ્રય અને શક્તિભર્યા ગુજરાતનું પહેલું પ્રકરણ લેખું છું... વિપ્લવ જીવનક્રમની જરૂરિયાત છે. વૃદ્ધ રાષ્ટ્ર બળી મરે છે અને તેની રાખમાંથી નવું રાષ્ટ્ર પ્રગટે છે. એ પુનર્જન્મની ક્રિયા તે વિપ્લવ... જે વિપ્લવ બારણા ઠોકી રહ્યો હતો તે બારડોલી વાટે પેઠો છે. ગુજરાતની ભસ્મમાંથી નવું ગુજરાત પ્રગટ્યું છે. - નવું ગુજરાત જેની રૂપરેખાની આગાહી આપણે દરેક વર્ષે આ પ્રસંગે કરતા હતા તે અને જ્યારે પોતાના બળે તે પોતાના સંસ્કાર ને જીવન ઘડવાનાં સાધનો પ્રાપ્ત કરશે, જ્યારે પોતાની યુનિવર્સિટી અને પોતાના રાજ્યતંત્રથી શોભશે, જ્યારે તેનું સાહિત્ય અપૂર્વ વિશિષ્ટતાના સુવર્ણમય કૈલાસે પગ દેશે, ત્યારે કોઈ એક વિરલ મહાકવિને કોઈ ગુજરાતણ જન્મ આપશે. જે ગુર્જરીને ગીર્વાણ ગિરાની મનોહર મીઠાશે રચી, પોતાની મોરલીના સૂરોથી હૃદયો મુગ્ધ કરતો. આપણાં મૂલ્યપરિવર્તનની કથાને, ભાવિ જનતાના ઉદ્ધાર અર્થે, એક સરસ - સનાતન મહાકાવ્યરૂપે સરજી જશે.'

ઈ.સ. ૧૯૨૯માં મુનશી તેમના આદિવચનને શીર્ષક આપે છે 'સુવર્ણયુગનાં સર્જન'. આ ક્યો સુવર્ણયુગ ? તો આજ સુધીના સર્વે ઇતિહાસકારોએ ભારતના ગુપ્તકાલને સુવર્ણયુગ તરીકે એકી અવાજે વધાવે છે તેની પૂર્વપીઠિકા બાંધતાં મુનશીએ જે અભ્યાસપૂત વાતો કરી છે તે સાંભળીએ : '... મારા હૈયામાં કેટલા વખતથી ખિન્નતાનો સંચાર થયો છે... આખા ખંડમાં જીવન અસ્તવ્યસ્ત જણાય છે.. શું નવસૃષ્ટિનું સર્જન શક્ય નથી ?... શું આર્યાવર્તનું પુણ્ય પરવાર્યું ?... આવા એક ખિન્નાત્માની મૂર્તિ અત્યારે મારી નજર આગળ ખડી થાય છે... આશરે ૧૬૦૦ વર્ષ પર આર્યસંસ્કારના સ્તંભરૂપ મહારાષ્ટ્રિય નરપતિ યજ્ઞશ્રી શતકર્ણીના રાજ્યકાલમાં એક વિદ્વાન પૌરાણિક મત્સ્યપુરાણ રચતાં એવી ખિન્નતા અનુભવતો હતો. તે ચારે તરફ નજર નાખે છે : ચંપાવતી ને મથુરાના નાગો; સુરાષ્ટ્ર ને અવંતિમાં આભીર, શૂદ્ર, અર્બુદ અને માલવ - બ્રહ્મતેજ વિનાના, મ્લેચ્છપ્રાય; સિંધમાં ચંદ્રભાગાને તીરે, કુંતી દેશમાં, કાશ્મીરમાં શુદ્રો, વ્રાત્યો, મલેચ્છો; - બધા અબ્રહ્મવર્ચસઃ ધર્માનૃતપ્લાઃ ફલ્ગુદાઃ તીવ્રમન્યવઃ - બ્રહ્મતેજ વિનાના ધર્મ ને સત્યથી પર, કચરા જેવા, મિજાજીના ઢીંગલા, ઉત્તર હિંદુસ્તાનમાં, રજપૂતાનાના, સિંધ, મધ્યપ્રાંત ને ગુજરાતમાં, દખ્ખણના થોડા ભાગમાં એકચક્ર રાજ્ય કરતા હતા. વિધર્મી પિતાના પરદેશી ને પરસંસ્કારી પુત્રો. આર્યાવર્ત છિન્નભિન્ન થઈ ગયું હતું. પુરાણકારના હૈયામાં ખિન્નતા સંચરે એમાં શી નવાઈ ? (જેમ આજે ૧૯૯૭માં પણ આપણાં મન ખિન્નતાથી ખદબદે છે તેમ.)

'... હજારો વર્ષ થયાં એના જેવા આર્યોએ સુંદર સ્વપ્નામાં જોયું હતું, સરસ વાણીમાં ઉતાર્યું હતું. અને અનહદ પરાક્રમે સર્જવું શરૂ કર્યું હતું. - આર્યાવર્ત, એક અને અભેદ્ય... આર્યને મન આર્યત્વ એટલે દેવનિર્મિત આ બ્રહ્માવર્તની ભક્તિ... નિરાશાની ચિંતામાંથી અમર આશાનો દિવ્ય દેહ ઊભો થાય છે. વિનાશ પ્રસરતો લાગે ત્યારે જ નવસૃષ્ટિનાં બીજ રોપાય છે. સુવર્ણયુગનાં સર્જન ઠંડી, મીઠી ચાંદનીમાં થતાં નથી. વિપત્તિના સડામાં, મહાઆદર્શની આગમાં, દિશા પ્રજ્વાલતા ઉત્સાહ, મહત્ત્વાકાંક્ષા ને ત્યાગના દાવાનલની સોનેરી

જ્વાલાઓમાં થાય છે... ગંગાના પ્રદેશોમાં, પ્રયાગ, સાકેત અને મગધમાં રાજ્ય કરે છે ગુપ્તવંશજ... ઘટોત્કચનો પુત્ર ચંદ્રગુપ્ત : એણે સુવર્ણયુગનું ખાતમુહૂર્ત કરવાનો સંકલ્પ કર્યો. તે જઈ લિચ્છવીની રાજકન્યા કુમારદેવીને પરણ્યો... મહારાજાધિરાજ ચંદ્રગુપ્તે કુશાનના છિન્નભિન્ન થયેલા મહારાજ્યને હાથ દેખાડ્યો, વિંધ્યશક્તિના પુત્ર પ્રવરસેનનું સમ્રાટપદ મુકાવ્યું, સિંધુનાં સાત મુખ ઓળંગી બાલ્હિકોને હરાવ્યા.... આમ ચંદ્રગુપ્ત ને કુમારદેવી ઇતિહાસનું અમર યુગલ, આછા પ્રકાશમાં અદ્ભુત, ભરતખંડનો ભૂતકાળ દિપાવી રહ્યું. ત્યાર પછી આવા સમાન અને મહત્ત્વાકાંક્ષી નરનારીનો સંયોગ પૃથ્વીએ ભાગ્યે જ ફરી જોયો છે... ઈસ્વી સનના ચોથા સૈકાના પહેલા ચરણમાં આ અદ્વિતીય યુગલને પુત્ર થયો ત્યારે શું થયું તેનો ઇતિહાસ કાલિદાસે સાચવ્યો છે : 'દિશા પ્રસન્ન થઈ, મનોહર મારુત વાયા; અગ્નિએ જમણી તરફ ઊડેલી જ્વાલાથી હવિ સ્વીકાર્યો; ચારે તરફ શુભસૂચન થયું. આવાઓના જન્મ લોકોના અભ્યુદય માટે જ હોય છે.'... જ્યારે સમુદ્રગુપ્ત મોટો થયો ત્યારે તત્ત્વદર્શી પિતાના હર્ષનો પાર ન રહ્યો. ઈ.સ. ૩૩૫ના અરસામાં તેણે 'આ જ યોગ્ય છે' કહી, પુત્રને પૃથ્વી પાળવાની આજ્ઞા કરી. દ્વેષી કુટુંબીઓ મ્લાન મુખે, ને રાજસભા સંતોષથી જોઈ રહી. દીર્ઘદર્શી પિતા : એને રાજ લેતાં અને છોડતાં આવડ્યું. સુયોગ્ય પુત્ર : એણે યોગ્યતાની અવધિ કરી.... સમુદ્રગુપ્તની કારકિર્દી એના મૃગદંડનાયક હરિષેણે અલ્હાબાદના લેખમાં અમર કરી છે, એના પુત્રના મિત્ર કાલિદાસે રઘુવંશના ચોથા સર્ગમાં રઘુના દિગ્વિજયરૂપે આલેખી છે. આ વિષયમાં ઘણું સંશોધન થયું છે. વિન્સેન્ટ સ્મિથ જેને ઇન્ડિયન નેપોલિયન કહે છે તેના સર્વલક્ષી ઇતિહાસનું ઘણું સંશોધન થયું છે.... હરજટાથી ભ્રષ્ટ થયેલ ગંગા સમી સેના લઈ આ ભડવીર ભગીરથે પોતાના પ્રાબલ્યથી જ આખું આર્યાવર્ત તાર્યું. તેણે અનેક રાજાઓ માર્યા અને તેમનાં રાજ્ય લીધાં. અનેક રાજાઓ શરણે આવ્યા. તેમનાં, રાજ્યો તેણે પાછાં સોંપ્યાં. તે દક્ષિણમાં કાંચી સુધી જીતતો ગયો. પાછા ફરી તેણે સહ્યાદ્રિ ઓળંગ્યો. માલવા, ગુજરાત, ઉત્તર હિન્દમાં યવનીમુખ પદ્મ પરનો 'મધુમદ' ઉતારી તેમના પતિઓને માર્યા. સરહદના આસામ, નેપાલ ને જલંધરના નરપતિઓની સેવા સ્વીકારી. દેવપુત્ર પશ્ચિમ સરહદના કુશાન રાજાઓ, શાહી યાહાનુશાહી - (ઈરાની શહેનશાહ શાપુર હશે?) - શક અને મુરુંડ, સિંહલંકાનો અધીશ મેઘવર્મા - આવા અનેકાનેક રાજાઓને આત્મનિવેદનથી, કન્યાઓની ભેટથી, ગરુડની મુદ્રાવાળાં શાસનો યાચી મૈત્રી કરી. તેણે બાહુવીર્યથી સમગ્ર આર્યાવર્તને એક કર્યું.

'... આ કૃતાંતપરશુ એટીલા કે જંગીઝ સમો કઠોર હૃદયનો વિનાશક ન હતો. પ્રચંડ પરાક્રમશીલતા સાથે એણે સાંસ્કારિતાનો સમન્વય કર્યો હતો. તે વિષ્ણુનો ભક્ત હતો અને ચક્રધર ગરુડથી પોતાનાં શાસનો આંકતો. તે શાસ્ત્રજ્ઞ હતો, તેની બુદ્ધિ બૃહસ્પતિ સમી તીવ્ર હતી. તે મોજીલો હતો અને તેણે મોજ કરવા ઐરીકિનમાં 'સ્વભોગ'-નગર વસાવ્યું હતું. લલિતકલામાં તે તંબુરુ અને નારદને વીસરાવતો. વીણા એનું પ્રિય વાજિંત્ર હતું એમ સિક્કા પરથી લાગે છે. વિદ્વાનોનો તે આધારરૂપ હતો. તેણે કાવ્યો રચ્યાં, કવિતાથી કીર્તિ મેળવી ને તે કવિરાજ પદ પામ્યો. આ વર્ણનો વાંચતાં જુલિયસ સીઝર ઝાંખો લાગે છે.. એના હૃદયમાં અનુકંપા ઉભરાય છે. દીન, અનાથ ને આતુર જનના ઉદ્ધારની એણે મંત્રદીક્ષા લીધી હતી, તે લોકાનુગ્રહનો અવતાર હતો. 'એ અપ્રતિરથવીર્ય ક્ષિતિ જીતી, સુચરિતથી સ્વર્ગ જીતે છે.' એ પરાક્રમમૂર્તિ હતો એટલું જ નહિ પણ સુવર્ણયુગનો સ્રષ્ટા હતો. સુવર્ણયુગનાં સર્જન મુડદાના ઢગ કે વિજયના દુંદુભિનાદથી થતાં નથી; તેમજ સંગીતના આલાપથી કે તરબોળ કવિતાની સરસતાથી થતાં નથી. પ્રભાવભર્યા આદર્શની સર્વવ્યાપી સંજીવની વિના સુવર્ણયુગ શક્ય નથી. સમુદ્રગુપ્તે આ સંજીવની મેળવી હતી.

'... આ ધર્માદિત્યને કોણે ધર્મ પ્રેર્યો? ઈસ્વીસનના પાંચમા સૈકાથી તે આજ સુધી એક સ્મૃતિ આર્યોના જીવનનું મૂલ બની રહી છે, તે છે યાજ્ઞવલ્કય સ્મૃતિ... આ ધર્મનું લક્ષણ દાન : દાન ગમે તેને નહિ, પાત્રને બક્ષિસ તરીકે નહિ, ઉપહાર તરીકે. મહેરબાની નહિ, અર્ઘ્ય તરીકે. યોગીન્દ્રની દાનની ભાવના અનુપમ છે. સંસ્કારસ્વામીને દીધેલી અંજલિ તે દાન... સંસ્કારસ્વામીઓનું આર્થિક સ્વાતંત્ર્ય ને સર્વોપરિતા એ યાજ્ઞવલ્કયના નવવિધાનનું સૂત્ર છે. કવિ, જ્ઞાની, તપસ્વી, શાસ્ત્રવિશારદના સ્વાતંત્ર્યનું મૂલ દાનમાં છે.... આજે રાજકીય અને સાંસ્કારિક પરાધીનતામાં જ્યારે ભયકારક વૃત્તિઓનાં પ્રાબલ્ય વધતાં જાય છે ત્યારે પણ આપણે અહીંયાં જ્ઞાની ધનવિહોણો છતાં ધુત્કારાતો નથી. કવિ બારોટાઈ વિના જોઈતું મેળવી લે છે. તપસ્વીનું અક્ષયપાત્ર સદા ઉભરાય છે, આચાર્યપૂજા ઘેરઘેર થાય છે. પોતાની પાઈ વગર ગાંધીજી સાબરમતી આશ્રમ સ્થાપે છે ને માલવિયાજી ગાંઠની સમૃદ્ધિ વિના હિંદુ યુનિવર્સિટી સ્થાપે છે. જે પ્રજાને સંસ્કાર પ્રિય છે તે સંસ્કારસ્વામીઓની સર્વોપરિતા સાચવી રાખે છે. ફક્ત યોદ્ધાઓ ને વેપારીઓના હાથમાં હજુ કોઈ મહાન દકેશે પોતાનું સંસ્કારતંત્ર સોંપ્યું નથી (સિવાય કે ૧૯૯૦ પછીના ભારત વર્ષે).

ક'... ઈ.સ. ૩૮૫ના અરસામાં પરાક્રમાદિત્ય સમુદ્રગુપ્તે સદેહે જીતેલ એવે સ્વર્ગે વિદેહ બની વિચર્યા... એના મોટા દીકરાનું નામ રામગુપ્ત. નાનાનું નામ ચંદ્રગુપ્ત. રામગુપ્ત નિર્બલ, સ્વાર્થી ને નીચ હતો. રામગુપ્તને મારી ચંદ્રગુપ્તે પોતાના હાથમાં રાજદંડ લીધો... ચંદ્રગુપ્ત એના પિતાથી પરાક્રમમાં ઊતરતો ન હતો... પરાક્રમાદિત્યના પુત્રે વિક્રમાદિત્યનું બિરુદ લીધું...

દંતકથાના સાહિત્યમાં વિક્રમાદિત્યની કીર્તિ અમર છે... ઇતિહાસ દંતકથાને ઝાંખી કરે છે. આર્યાવર્તના સુવર્ણ યુગનો મધ્યાહ્‌ન. ઉજ્જયિનીનો ભવ્ય પ્રાસાદ. સેવાકાંક્ષી મહાદંડનાયકોની સેનાઓ, મિત્રો ને સામંતોના વ્યૂહો, સંધિ વિગ્રહકો, કુમારામાત્યો, મહાબલાધિકૃતો, સચિવો, પુરાણીઓ, કવિઓ, જ્ઞાનીઓ, સંસ્કારસ્વામીઓનાં પૂજ્ય ભાવભર્યાં વૃંદો. બધી વીરતા, વૈભવ અને વિદ્યાનું કેન્દ્રસ્થાન. અને ત્યાં એક અને અભેદ્ય આર્યાવર્તના આત્મા સરીખા, પ્રતાપ અને સંસ્કારનું સ્વામિત્વ ભોગવતા વિક્રમાદિત્ય ને ધ્રુવસ્વામિનીદેવી અને તેમના પ્રિય વયસ્ય કાલિદાસ... હિંદે એવો સમય ફરી જોયો નથી. સ્મિથ કહે છે : ઇન્ડિયા વૉઝ નેવર ગવર્ન્ડ બેટર ધેન ડ્યુરિંગ ધ રેઈન ઑફ વિક્રમાદિત્ય. (અને વિન્સેન્ટ સ્મિથ બ્રિટિશ સામ્રાજ્ય બન્યું પછી ભારત આવેલ અંગ્રેજ ઇતિહાસકાર હતો.)

'... ચંદ્રગુપ્ત વિક્રમાદિત્ય ઈ.સ. ૪૧૩ના અરસામાં સ્વર્ગસ્થ થયા ત્યારે સુવર્ણયુગનો મધ્યાહ્‌ન તપતો હતો. એનો પુત્ર કુમારગુપ્ત ગાદીએ આવ્યો ત્યારે પણ આર્યાવર્તની એકતા અને પ્રાબલ્યમાં કાંઈ પણ શિથિલતા આવી જણાતી નથી.... ઈ.સ. ૪૫૫માં તે સદ્‌ગત થયો ત્યારે આર્યાવર્ત પર પરદેશીઓનાં આક્રમણનાં વાદળ અંધારાયાં હતાં. ઈ.સ. ૪૫૫ની આસપાસ મધ્ય એશિયાના હૂણોનાં મોટાં જૂથો, શક્તિ અને ક્રૂરતામાં અદ્વિતીય, એક તરફ યુરોપ અને બીજી તરફ આર્યાવર્તમાં પ્રસરવા લાગ્યાં હતાં... ઈ.સ. ૪૫૦માં હૂણરાજ તોરમાણે ઇરાન જીત્યું અને ભારતની બીઆસ નદી પર આવેલા પપૈયામાં એણે રાજ્ય સ્થાપ્યું હોય એમ લાગે છે... ઈ.સ. ૪૮૫માં માલવા સર કર્યું. મગધના ગુપ્તોનું સામ્રાજ્ય પૂરું થયું. બીજાં દોઢસો વર્ષ સુધી શ્રીહર્ષનો રાજ્યકાલ પૂરો થયો ત્યાં સુધીમાં સુવર્ણયુગનો સૂર્ય અસ્તાચલે જતો દેખાય છે... તોરમાણ ને મિહિરકુલનાં આક્રમણો સુવર્ણયુગમાં પ્રસ્થાપિત થયેલ સંસ્કારનાં બળોએ ખાળ્યાં. શ્રી હર્ષના સમયમાં આ બળોએ આથમતા સુવર્ણયુગની વિવિધરંગી ભભક પ્રગટાવી. ઇસ્લામના ભયંકર આક્રમણ સામે નીડર બની સામનો કર્યો. શિવાજી, રણજિતસિંહ આદિ વીરોના સમયમાં અંધકારનાં આવરણો દૂર કરવા માંડ્યાં. વિપત્તિભરી શતાબ્દીઓમાંથી જેમતેમ પસાર થતા આર્યોએ બળોને લીધે પ્રતાપી રહ્યા. હાર્યા તોય હાર જાણી નહિ. મૂઆ તોયે મરણની પરવા કરી નહિ, અને પાશ્ચાત્યોએ ઊભી કરેલી આજની પરિસ્થિતિમાં જ્યારે આ એકએક બળનું કલેવર કોતરી ખવાય છે. ત્યારે પણ એનું પ્રાબલ્ય એટલું રહ્યું છે કે તેમનાં સ્વરૂપ આપણે જોઈ શકીએ છીએ. અને તેમના પર આધાર રાખીને જ ફરી જોવાની આશા રાખીએ છીએ - સમુદ્રગુપ્તના એક અને અભેદ્ય આર્યાવર્તની...'

મુનશીની હયાતીમાં તો એક અને અભેદ્ય આર્યાવર્તનું સ્વપ્ન વામણા અને ભીરુ રાજકારણીઓના પાપે ફળ્યું નહિ. પરંતુ તેમની કલમે તો આવું આર્યાવર્ત ફરી ચક્રવર્તી બને તે સ્વપ્ન સિદ્ધ કરવા સર્જન કર્યા કર્યું. અને તેનો એક સમર્થ નમૂનો તે તેમની નવલકથા 'ભગવાન કૌટિલ્ય' ૧૯૨૩માં જ પ્રસિદ્ધ કરી પૂરો પાડ્યો. પોલિટિકલ ઇકોનોમીના જગવિખ્યાત પાઠ્યપુસ્તક તરીકે પંકાયેલ 'અર્થશાસ્ત્ર'ના મહાન કર્તા ચંદ્રગુપ્ત મૌર્યના મહાઅમાત્ય ચાણક્ય ઉર્ફે ઋષિસમાન વિશુદ્ધ વિદ્વાન બ્રાહ્મણ ચણકના પુત્ર ચાણક્ય ઉર્ફે કૌટિલ્યે ભારતસમ્રાટ મગધની ગાદી પર વિરાજતા શુદ્રસ્વભાવના નંદરાજાના કુળસમગ્રને માત્ર લોકશક્તિ જગાડીને અને બ્રહ્માવર્ત (પંજાબ - હરિયાણા - કાશ્મીર)ના રાજાઓને એક છત્રછાયા હેઠળ એકઠા કરીને કેવી રીતે પદભ્રષ્ટ કર્યું. છતાં નંદના વિચક્ષણ અને રાજ્યકારોબારના નિષ્ણાત મહાઅમાત્ય રાક્ષસને આર્ય ચંદ્રગુપ્તની સેવામાં જોતરી સનાતન ધર્મ અને આર્યસંસ્કૃતિની પુનઃપ્રતિષ્ઠા કરી તેની યશોગાથા તે મુનશીની પ્રથિતયશ નવલકથા 'ભગવાન કૌટિલ્ય' છે. આજની ટી.વી. પ્રજાએ તો ચંદ્રપ્રકાશ દ્વિવેદીએ બનાવેલ સરસ ટી.વી. સીરીઅલ ચાણક્યને માત્ર એક મહાન રાજનીતિજ્ઞ તરીકે પ્રમાણ્યા છે. પરંતુ કૌટિલ્ય માત્ર રાજનીતિજ્ઞ ન હતા. એ મહાન સ્વપ્નસેવી અસ્સલ, અદલ દરજ્જાના આર્ય મહાત્મા હતા તે મુનશીની આ નવલકથા વાંચતાં સમજાય છે. કારણ આર્યાવર્તના રાજા માત્ર પરાક્રમી વીર હોય તેટલું પર્યાપ્ત ન ગણતાં આર્યસંસ્કૃતિની માંગ રહેતી કે તે રાજા ચારિત્ર્યશીલ, સંસ્કારી અને ધર્મપ્રિય પ્રજાપાલક પણ હોવો અનિવાર્ય તથા આવશ્યક છે. અને સાચા બ્રહ્મને ઓળખનારા જ સાચા બ્રાહ્મણ બની શકે. જે બધું જીત્યા પછી અરધી પળમાં સત્તા, ધન, પદ બધું ત્યાગી પાટલીપુત્રની ભવ્ય જાહોજલાલી છોડી શહેર બહાર જંગલમાં કોઈ જળાશયને કાંઠે ઝૂંપડી બાંધી એક અકિંચન છતાં અયાચક સાધુનું જીવન સ્વેચ્છાએ સ્વીકારી લ્યે. ચાણક્ય ઉર્ફે કૌટિલ્યને એટલે જ મુનશીએ માત્ર અન્ય લેખકોની પેઠે 'મહાઅમાત્ય' તરીકે ઓળખાવી સંતોષ માનવાને બદલે એક પવિત્ર, વિશુદ્ધ મહાત્મા ઉર્ફે ભગવાન તરીકે ઓળખાવ્યા છે. કારણ મુનશીને મન સમાજ, રાજ્ય, સત્તા, દિગ્વિજયો કરતાં ય ત્યાગ, જ્ઞાન અને આચરણશુદ્ધિના મૂળભૂત પાયાઓ પર ટકી રહેલી આર્યસંસ્કૃતિ વધુ આદરલાયક, વધુ સાચવીને સંવર્ધવા જેવી ચીજ હતી. અને તે માટે સર્વસ્વ ફના કરી સંન્યાસ લેનાર જ માનવકુળના સાચા મહારાજાધિરાજો હતા. અને ભગવાન પરશુરામની હરોળમાં ઊભા રહી શકે તેવા ભગવાન કૌટિલ્યની આ કથા એટલે જ આજે પણ વાચકને સાદ્યંત જકડી રાખે છે. અને તેની રસાત્મકતાને ઊર્ધ્વગામી બનાવે છે. આમાં મુનશીની ઉત્તરોત્તર સર્ગશીલ થતી જતી સર્જકતાનો જાદુ છે. (ક્રમશઃ)

કંકાવટી

કેટલીક સ્ત્રી-પ્રતિભાઓ

તાજેતરના એક સમાચાર મુજબ પ્યૂર્ટોરિકામાં ૧૦૨ વર્ષની ઉંમરની **એના મોલિના** નામની એક સ્ત્રીએ સ્નાતકની ઉપાધિ પ્રાપ્ત કરી. સૈન જુઆન નગરની નિવાસી આ સ્ત્રીને આજ પણ યાદ છે કે, લગભગ ૯૦ વર્ષ પહેલાં અમેરિકી સૈનિકોએ એના નગરમાં કેવી રીતે પ્રવેશ કર્યો હતો. એણે ભણવાની અધૂરી રહેલી પોતાની ઇચ્છાને આ ઉંમરે પૂરી કરી અને એક સમારોહ યોજીને એનું સન્માન કરવામાં આવ્યું. સાચું છે કે, સિદ્ધિના પ્રબળ પ્રભાવની સામે ઉંમરનું કોઈ મહત્ત્વ કે કોઈ અસર નથી.

બાંગલા દેશની લેખિકા **મહાશ્વેતા દેવી**ને તાજેતરમાં જ 'મૅગસેસે પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવ્યાં, તેઓ આયુષ્યનાં ૬૯ વર્ષ પૂરાં કરી ચૂક્યાં છે અને એક સમાજસુધારક તરીકે પોતાની સેવાઓ આપી રહ્યાં છે. પછાત વર્ગની મહિલાઓ માટે એમણે જે કાર્ય આ ઉંમરે કર્યું છે એની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. હમણાં થોડા મહિના પહેલાં એમને 'જ્ઞાનપીઠ પુરસ્કાર' પણ અપાઈ ચૂક્યો છે. વધતી જતી ઉંમર, શિથિલ થતું શરીર એમનાં લેખન અને અત્યાચાર વિરોધી પ્રવૃત્તિને ઓછાં કરી શક્યાં નથી, અને સામાજિક કાર્યમાં કોઈ બાધા ઉપજાવી શક્યાં નથી.

જોહરા સહગલ આજ ૮૯ વર્ષની ઉંમરની છે, પણ એ સ્વાભાવિક અભિનય-કળા આજ પણ દર્શકોનાં દિલ જીતી લે છે. વર્ષો સુધી ઉદયશંકર અકાદમી - અલમોડામાં રહી ત્યાર પછી પૃથ્વી થિયેટર સાથે જોડાએલી રહી. અને હાલ તેણી સ્ટેજ, ટી.વી. અને ચલચિત્રોમાં સતત કામ કરી રહી છે.

ઉંમર વસ્તુતઃ એક મનની સ્થિતિ છે. **આશા ભોંસલે** આજે ૬૬ વર્ષની થઈ ચૂકી છે પણ આજની એની ગાવાની રીત અને એના અવાજની મધુરતા ત્રીસ વર્ષ પહેલાં જેવી હતી તેવી જ રહી છે.

-('યોગક્ષેમ'માંથી ટૂંકાવીને સાભાર)

તમારાં મૂલ્યવાન આભૂષણોને કેવી રીતે સાચવશો ?

આપણે ત્યાં લગ્નપ્રસંગે દીકરીઓને આણામાં ઘરેણાં આપવાનો રિવાજ છે. આ આભૂષણો સોનાનાં, ચાંદીનાં કે પછી કિંમતી પથ્થરો અને નંગનાં હોઈ શકે છે. મોટા ભાગનાં આભૂષણો વારસામાં આવેલાં એટલે કે એક પેઢીથી બીજી પેઢીએ ઊતરી આવેલાં હોય છે. આ અમૂલ્ય દાગીનાની ચમક વર્ષોનાં વર્ષો સુધી જળવાઈ રહે એ માટે અમુક ચોક્કસ પ્રકારની કાળજી લેવી જરૂરી છે.

આજકાલ તો આ મૂલ્યવાન દાગીનાઓ મોટે ભાગે બૅન્કોના સેફ લોકર્સમાં જ મૂકવામાં આવે છે. પરંતુ, આ ઘરેણાંઓ બૅન્કમાં રાખો કે પછી ઘરે કબાટમાં મૂકો, તમામ દાગીનાની યોગ્ય સાચવણી ખૂબ જરૂરી છે. તમામ ઘરેણાં વેલ્વેટથી મઢેલા બૉક્સમાં કે પછી બંગડીઓ, હાર, એરિંગ અને વીંટીઓ માટે અલગ અલગ ખાનાં ધરાવતાં વિશેષ પ્રકારના જ્વેલરી બૉક્સમાં મૂકવાં જોઈએ.

વધુમાં આ ઘરેણાંઓને પૂંઠાના કે ટીનના નાના બૉક્સમાં કોઈ જૂનું, મુલાયમ કાપડ કે પછી ટીશ્યુ પેપર અને રૂ મૂકી મૂકવાં. જુદા જુદા દાગીના એકબીજા સાથે ઘસાય નહીં એનું ખાસ ધ્યાન રાખવું. એકબીજાં સાથે ઘસાતાં ઘરેણાંનાં નાજુક નંગ, કે મીનો કે કિંમતી પથ્થરો નીકળી જવાનો કે સોના-ચાંદીની બંગડીઓની ડિઝાઇન બગડી જવાનો અંદેશો રહેશે.

બૅન્કના લોકરમાં રાખેલી જ્વેલરી પણ જરૂર ન હોય છતાં પણ વર્ષમાં એક વાર બહાર કાઢી મુલાયમ કપડાથી લૂછી નાખવી જોઈએ કે જેથી એના પર ચડેલી ધૂળ કે ફૂગ દૂર થઈ જાય.

સોનાની, ચાંદીની અને કિંમતી પથ્થરોની જ્વેલરી આમ તો સોનીઓ સાફ કરે જ છે. ઘરે પણ આ ઘરેણાં સાફ કરી શકાય છે અને અહીં એ માટેના કેટલાક સરળ નુસ્ખા આપ્યા છે.

બંગડીઓ અને વીંટીઓમાં ભરાઈ ગયેલી ધૂળ અને મેલને દૂર કરવા સાબુ, ગરમ પાણી અને એક જૂનું ટૂથબ્રશ ખૂબ ઉપયોગી નીવડશે. થોડા અરીઠાને આખી રાત પલાળી રાખો. પરિણામે, એમાં ફીણ થશે, આ ફીણથી સોનાના દાગીના ધોવાથી એની પૂર્વવત્ ચમક આવી જશે.

તમે જ્યારે કિંમતી પથ્થર કે નંગ જડેલા દાગીના લો ત્યારે એક વાતની ચોક્કસપણે ખાતરી કરી લો કે, કોઈ પથ્થર કે નંગ નીકળી જાય એટલો ઢીલો તો નથીને, અને કદાચ ખરીદ્યા પછી નંગ કે પથ્થર ઢીલો પડી કે નીકળી જાય તો વહેલી તકે એને ફીટ કરાવી દો.

આવાં આભૂષણ ધોવા એક જ્વેલરે થોડીક ટૂથપેસ્ટ લઈ એને જૂના ટૂથબ્રશ વડે હળવેથી દાગીના પર ઘસી હતી પરિણામ અદ્ભુત હતું. તમે પણ એ પ્રયોગ ઘરે કરી શકો છો.

ચાંદીના દાગીનાને સિલ્વર પૉલિશ કરી એને નવી ચમક આપી શકાય છે અથવા તો એના પર લીંબુનો રસ ઘસો અને સારી રીતે ધોઈ નાખો. દાગીના અગાઉની જેમ જ ચમકવા લાગશે.

*

વટાણા કે બીજાં કઠોળને ૧૦-૧૨ કલાક ઊકળતા-ગરમ પાણીમાં હવાચુસ્ત પેક ડબામાં રાખી મૂક્યા પછી તેને રાંધવામાં ઓછામાં ઓછો સમય લાગે છે.

*

ચહેરા પર અને ડોક પર હળવા હાથે નારંગીનો શુદ્ધ રસ ઘસવાથી ચામડીનો રંગ નીખરી ઊઠે છે.

કલાવાર્તા

તસવીરકાર કમલ રાણા

આ દાયકાના નવા ઊભરી રહેલા તસ્વીર-કલાકારોમાં વડોદરાના



તસવીરકાર કમલ રાણાનું નામ જાણીતું બન્યું છે. વડોદરાની ખ્યાતિપ્રાપ્ત કલાસંસ્થા હૉબિસેન્ટરના સ્થાપક કાંતિભાઈ રાણાના એઓ સુપુત્ર છે. તા. ૨૫-૭-'૫૭ના દિને શ્રીમતી રુક્ષ્મણીબહેનની કૂખે જન્મેલા અને ચિત્રકળાના માહોલમાં ઊછરેલા આ કલાકારને કલાદૃષ્ટિ વારસામાં મળી છે.

બાળપણમાં ચિત્રકળામાં અનેક ઈનામો મેળવ્યાં હતાં, તે પૈકીનું એક ઈનામ સ્વ. લાલબહાદુર શાસ્ત્રીના વરદ્ હસ્તે અર્પણ થયું હતું. ગીનેશ બુકમાં નોંધવા જેવું વિશ્વનું સૌથી લાંબું જાતે ચીતરેલું અભિનંદન કાર્ડ રાષ્ટ્રપતિ શંકરદયાળ શર્માને નવા વર્ષની શુભેચ્છા સાથે રાષ્ટ્રપતિ ભવન પર જઈને એમણે અર્પણ કર્યું હતું.

વડોદરાની ફેકલ્ટી ઑફ ફાઈન આર્ટ્સમાં આઠ વર્ષની કલાસાધના દરમ્યાન કલાગુરુ જેરામ પટેલ પાસે ગ્રાફિક ડિઝાઇનનું વિશિષ્ટ કલાનિર્દેશન એમને મળ્યું હતું. દરમ્યાન પિતાએ અપ્લાઈડ આર્ટમાં ઉપયોગી થઈ પડે એવા આશયથી અદ્યતન કૅમેરા ખરીદી અપાવ્યો, જેનો પોતાના કમર્શ્યલ આર્ટમાં વિનિયોગ કરવાને બદલે આ ધૂની કલાકારે કૅમેરાની લેન્સબારીમાંથી માનવીના દૈનિક જીવનના ધબકતા હાવભાવ નિહાળી ઝડપ્યા. ક્યારેક તરણેતરના મેળાનાં દૃશ્યો ઝીલ્યાં, તો ક્યારેક કોઈ સંદેશ કહેતી તસવીરો પાડી. દેશ-વિદેશમાં યોજાતી તસવીરસ્પર્ધામાં ભાગ લેવા પ્રવેશપત્રો સાથે છબીઓ મોકલવા માંડી. નાનાંમોટાં ઈનામો અને મૅડલો મળવા માંડ્યાં અને અપ્લાઈડ આર્ટનો આ ચિત્રકાર ન કેવળ ચિત્રકાર રહ્યો પણ આ દાયકાનો આશાસ્પદ તસવીરકાર બની ઊભરી રહ્યો.

જગત જ્યારે રંગીન ફોટોગ્રાફી તરફ વળી ચૂક્યું છે ત્યારે ભાઈ કમલને - આજકાલ ભુલાઈ રહેલી - બ્લૅક ઍન્ડ વાઈટ ફોટોગ્રાફીનો જ રંગ લાગ્યો છે. તેઓ કહે છે : 'શેડ્સનું વર્ગીકરણ જે બ્લૅક ઍન્ડ વાઈટ ફોટોગ્રાફીમાં નીતરે છે તે કલર ફોટોગ્રાફીમાં નીતરતું નથી.'

હાથની આંગળીઓ એક પર બીજી ચઢાવી મરઘાની પુચ્છ જેવો આભાસ ઉપજાવતો બ્લૅક ઍન્ડ વાઈટ ફોટોગ્રાફ એક સરસ ઍબસ્ટ્રેક્ટ કલાકૃતિ છે.

વાઈડ ઍન્ગલ લેન્સ આધુનિક કૅમેરાનું હાથવગું ઉપકરણ છે. ધંધાધારી ફોટોગ્રાફરો



હાથની ગોઠવણીથી કલાત્મકતા સર્જતી તસ્વીર



પાણીમાં આરામ


ગ્રૂપ ફોટોગ્રાફી કરવામાં આ લેન્સનો છૂટથી ઉપયોગ કરે છે. વળી, સર્જનાત્મક તસવીર કલા માટે એમેટર ફોટોગ્રાફરોને આ લેન્સ મોકળું મેદાન આપતો હોવા છતાં જ્યોતિ ભટ્ટ અને રાઘવ કનારિયા જેવા સમર્થ કલાકારોને જ આ પ્રકારનો લેન્સ વાપરવો સુગમ પડ્યો છે. કમલને

(અનુસંધાન પૃ. ૬૬૧)



નેશનલ લલિતકલા અકાદમી ન્યૂદિલ્હીનો ૧૯૯૭નો નેશનલ ઍવૉર્ડ વિજેતા તસવીર

સાહિત્યસંપર્ક



અંદરની સાધનાઓનો સાક્ષી છું...

[ગુજરાત કલાવિશ્વ સાથે પહેલેથી નિકટ સંબંધ ધરાવનાર અને સમકાલીન કલાધરોના નિકટ મિત્ર ઝવેરચંદ મેઘાણીનાં સંકલિત આત્મવૃત્તાંત, 'અંતર-છબિ' (સંપાદન : હિમાંશી શેલત, વિનોદ મેઘાણી) માંથી 'કુમાર' અને અન્ય વિશેના થોડા સંદર્ભ લેખો]

'કુમાર'ને અંજલિ...

'ફૂલછાબ' : ૨૦-૦૮-૧૯૩૨

આઠ વર્ષ ઉપરનો અષાઢ માસ હતો. 'કુમાર'ના પ્રોસેસ સ્ટુડિયોનું કાતરિયું કડડભૂસ થવાને થોડા દિવસની વાર હતી. પગ દેવા મન ન થાય તે ફળિયાને વીંધીને છેક પેલે છેડે 'કુમાર-ઘર'માં પહોંચવું એક તપ હતું. પૂરું અજવાળું પેસી ન શકે, હવા પણ ગૂંગળાય, ચારે બાજુથી ડાકુઓને જકડી લઈ મોંએ ડૂચા માર્યા હોય તેવું એ મકાન, ભોંયતળિયે ભેજ અને મેડી પર ન્યૂમોનિયાના દરદીને લાયક બાફ. ઓરડાને એક ખૂણે બચુભાઈ [રાવત]નું ઘોલકી-ટેબલ. રવિભાઈ-બચુભાઈ જેવાં સળેકડાં જ સમાઈ શકે તેવી મોરી સામે ખૂણે. મકાન જ ઘોલકી જેવું. રાતે સૂનારને શ્વાસરૂંધન સહજ થઈ પડે. માકડનું સૈન્ય જાગરણ કરાવે. પરોણાંઓનાં બિસ્તર અસ્તવ્યસ્ત પડ્યાં હોય. ઑફિસ આખો દિવસ ચાલુ. રવિભાઈ નવ વર્ષોથી બાળબચ્ચાંને અને એટલાં જ વહાલસોયાં દરદીને સાથે લઈ આજ પણ વસ્તી રહેલ છે તે જ એ ઘર.

આઠ વર્ષો પૂર્વે અમદાવાદી પોળના અષાઢની બે અંધારી રાતનો ઉજાગરો વેઠીને જ્યારે અમે બે મિત્રો પાછા ગયા ત્યારે અમને 'કુમાર'ની આખી સૃષ્ટિ તકલાદી, ઉપહસનીય અને અર્થહીન લાગી હતી. અમે દયા ખાતા હતા. એ તૉરમાં મેં બચુભાઈ ઉપર કાગળ લખ્યો: ' 'કુમાર'ને બળ આપવું હોય તો રવિભાઈએ - ભાઈની રીતે ઠેકઠેકાણે સમારંભોમાં હાજર રહી, કલાનો પ્રભાવ પાડી, પોતાનું વ્યક્તિત્વ સ્થાપવું પડશે.' બચુભાઈએ લખેલ વાક્ય મને છાતીએ ચોંટી રહ્યું હોય તેવું સ્પષ્ટ યાદ છે : 'રવિભાઈ કૃત્રિમ મહત્તાનો સાયો પહેરીને 'કુમાર'ને ખાતર જગતમાં ફરે એ હું ઇચ્છતો નથી.'

આઠ ચોમાસાં વરસી ગયાં. 'કુમાર'ની નોબતો કોઈએ ગગડાવી નહિ. ઝળાંઝળાં રૂપ ધરીને 'કુમાર'ના સ્વચ્છ સુરેખ સ્વપ્નની એક પછી એક રેખા સમતા અને સ્વાસ્થ્ય ધારણ કરીને ફૂટતી ગઈ. જે માણસો સ્વપ્ન પૂરેપૂરું આલેખીને પછી તેને ઘડવા બેસે છે તેઓનો સરવાળે આવો વિજય છે જ.

'કુમાર'ના શતાંકને હું મૂલવી રહેલ છું, એના યાત્રાપથના ખાંભા તરીકે. ગુજરાતનાં કુમાર-કુમારિકાઓના સંસ્કારપ્રવાસનું એ સીમાચિહ્ન છે. કોઈક દિવસ આપણે કહી શકશું કે 'કુમાર' એક નાનો શો યુગ પ્રવર્તાવી ગયું; પાને પાને મહેકતી સુવાસ, સુરુચિ, સ્વસ્થતા અને ધ્યેયપરાયણતા સુહાગી જીવનસંજોગોમાંથી ખડી થઈ હશે એ ભ્રમ છે. 'કુમાર' એટલે કાદવનું કમલ એ વાત સમજવી હોય તો આઠ વર્ષોથી 'કુમાર'નું ઘડતર જ્યાં થાય છે એ બે ઠેકાણાં - રવિભાઈનું ઘર અને બચુભાઈનું ઘર - જોઈ આવજો.

બચુભાઈ વસે છે પાનકોરને નાકે એક મેડા ઉપર. 'કુમાર'નાં પાનાં પર કલામય મેળવણીની પરીકથા સૃજનાર, ગોઠવણનું મૂક સંગીત નિપજાવનાર અને આદર્શ ઇંગ્લિશ-અમેરિકન માસિકોનો જીવતો સમાગમ સેવીને નાની ઘોલકીમાં એવું સર્જન કરવા મથનાર એ જુવાન પાંચ કુટુંબીજનોને લઈને આ મેડા પર બફાઈ રહેલ છે. દસ કલાક બુદ્ધિશક્તિનો નિચોડ 'કુમાર' કાર્યાલયમાં ઠલવી આવ્યા પછી એમના જીવનનો તૉર એક જ છે : અંધારિયા કાતરિયાની વાયુરૂંધી પરસાળમાં પોતાના શામળા હાડપિંજર પર છવાતી જાળિયાંની છાયાના શણગાર પહેરી ખોળામાં ભૂલકાં રમાડવાનો. વેચાતાં આણેલાં થોડાં ફૂલ અને છાશના ઘોળવાનું એકાદ ટમ્લર એમનો વૈભવ છે. નાની ઘરઘોલકીમાં કૈં કૈં ટાપટીપ કરીને એ મન ભર્યું ભર્યું રાખે છે. ખૂનના કેદીને ય જો આવી કોટડીમાં પૂરે તો પ્રજા કાગારોળ કરી મૂકે તેવો પ્રાણઘાતક આ નિવાસ છે.

આજ વર્ષોથી હું 'કુમાર' કાર્યાલયનો પરોણો બનું છું. અંદરની સાધનાઓનો થોડો સાક્ષી છું. 'કુમાર' માસિક જ નથી, વ્યાપક છે. એ કાદવમાં કમળો ઊગી રહેલ છે; કેમેરાઓ, યંત્રો, ઑફિસોથી ઠાંસોઠાંસ એ કાર્યાલયમાં આખો દિવસ કલા અને ફોટોગ્રાફીનું વિદ્યાલય ચાલી રહ્યું છું. નિરાધાર, મૂંગા, મૂંઝાયેલા આઠ-દસ કુમારોને રવિભાઈ કલાના કક્કા ઘૂંટાવી, મૂક અધ્યાપન દ્વારા પાવરધા કલાકાર ગુજરાત સમક્ષ મૂકતા આવે છે. વીશીમાં રોટલા ખાઈને આ કિશોરોનો અખાડો કાર્યાલયને ઘર કરી રહે છે. ઉનાળે છાપરાનાં પતરાં પર સૂવા પામે છે.

રવિભાઈ-બચુભાઈએ વિષ-પ્યાલા પીધા-પચાવ્યા છે; અહંને છૂંદી છૂંદી સહિષ્ણુતા ને ધીરજ સાધેલી છે,

સંસ્કારસ્તંભના પાયામાં દટાઈ જવાની ભાવના કેળવી છે. આઠ વર્ષો પર બે જ હતા. અત્યારે કોડીબંધ સ્નેહી-સહાયકોનું એકલોહિયું મંડળ ઊભું છે.

'કુમાર'ની શીતલ અને સ્વસ્થ સ્ફુરણાઓ દિશાએ દિશા ઘૂમે છે.

એના નવમા પ્રભાતે કહીએ કે બાપ! ઘણાં ચોમાસાં જીવજે ! *

હીરાલાલ પારેખ : બચુભાઈ રાવતનું સંસ્મરણ ૧૯-૧૦-૧૯૩૮

વિમાસણમાં દિવસો જતા હતા. એક તેજસ્વી લેખકને પુસ્તકલેખનનું કામ અપાવી શકો તો આખું ગુજરાત લાભ ઉઠાવશે - મતલબનો મેં લખેલો કાગળ. કેમ નિરુત્તર રહ્યો તેનો જવાબ ગુરુવારનાં વર્તમાનપત્રોએ આપ્યો. ઉત્તર લખવામાં કદાપિ આળસ ન કરનારી આંગળીઓને મૃત્યુએ ઠૂંઠવી નાખી હતી.

હીરાકાકા સાથે ગાઢ સમાગમનો અવસર મળ્યો નથી. 'રસધાર'માં વેરાયેલ ચારણી ડિંગળી કાવ્યોને તારવી સંગ્રહ બહાર પાડવો જોઈએ એમ એમણે કહેલું ત્યારે મને નવાઈ થયેલી. ડિંગળી કાવ્યસામગ્રીનો ભોક્તા તેમ જ પારખુ અગાઉ મને મળ્યો નહોતો.

સ્વ. કેશવલાલ ધ્રુવની જીવનસામગ્રી એકઠી કરવા ક્યાં જવું! ધૂમકેતુ કહે હીરાકાકા પાસે. સાથે રવિભાઈ રાવળ હતા, બચુભાઈ રાવત હતા. પોળનું એમનું મકાન શોધીને પહોંચ્યા; હાડપિંજર હતા, ઉધરસ ચાલુ હતી, બેસવાની શક્તિ નહોતી, જીભ પણ લથડિયાં લેતી હતી, છતાં બે કલાક અવિરત ધારે કેટલા પ્રેમ અને વિવેક સાથે સચોટ સંસ્મરણો કહ્યાં! ફરી નહિ મળીએ એ જાણ્યું હોત તો પેટ ભરીને બેસી લેત ને!

મૂંગા પુરુષ બચુભાઈ રાવતે એક અંતિમ સ્મરણ (હીરાલાલ પારેખનું) ટપકાવ્યું છે :

'એમની તબિયત જોવા ગયેલો. એમનાં પુસ્તક વાંચવા લીધેલાં મારી પાસે હતાં તે યાદ આપતાં કહે 'મારી છેલ્લી ભેટ રાખજો. બધી ચોપડીઓની વ્યવસ્થા મેં કરી નાખી છે. અંગ્રેજી સાહિત્યનાં ને અભ્યાસનાં પુસ્તકો સોસાયટીની લાઈબ્રેરીને, અમુક નવી કોલેજની લાઇબ્રેરીને, અમુક આપારાવ લાઇબ્રેરીને...' એમ ધીમે ધીમે બોલતા ગયા. કેટલા ઉમંગથી, મહેનતથી, વૈવિધ્યભર્યો બહોળો પુસ્તકસંગ્રહ એમણે કર્યો હતો! એમના પ્રિય લેખક ઇ.વી. લ્યુકાસને અંજલિ આપતાં 'પંચ'ના તંત્રીએ લખ્યું હતું: Every man is at heart a host or a guest. E. V. Lucas was a host. [દરેક માનવી દિલથી કાં તો યજમાન હોય છે ને કાં અતિથિ. ઇ. વી. લુકાસ યજમાન હતા.] સ્વ. પારેખના હૃદયે મિત્રોની, પરિચિતોની ને અજાણ્યાઓની સદા મહેમાની કરી છે.' *

૧૩-૧૦-૧૯૩૯

અમદાવાદની સાવ ઊડતી મુલાકાતમાં પણ જ્યાં ડાકિયું કર્યા વગર જંપ ન વળે તેવાં થોડાં સ્નેહધામો છે. જુદા જુદા આપ્તજનોને સામટા મળી લેવાય તેવું સ્થાન ગુજરાત વર્નાક્યુલર સોસાયટી. અમદાવાદનું બીજું સંસ્કારધામ 'ચિત્રકૂટ' જ્યાં ગુજરાતની જુવાનીને નવજાગ્રત કરનાર શ્રી રવિશંકર રાવળ વસે છે તેમ જ ચિત્રશાળા ચલાવે છે. પ્રો. નિકોલાસ રોરિકનાં સો જેટલાં મહામૂલાં હિમાલયચિત્રોનું પ્રદર્શન ભરીને શ્રી રાવળે અમદાવાદને રંગમય તેમ જ ગિરિસૌંદર્યમસ્ત કરી નાખ્યું તે પછી 'મેળામાં મોડો પડેલો' હું પહોંચ્યો ત્યારે એક લહાવ બાકી હતો: ડૉ. જેમ્સ કઝિન્સ સાથે પરિચય પામવાનો તેમ જ હિન્દમય બનેલા એ ગૌર વિદ્વાનનું કલા વિષેનું ચોથું ભાષણ સાંભળી લેવાનો.

કઝિન્સને જોયા, સાંભળ્યા; જમવામાં શામિલ બનીને તેમનો સંપર્ક સાધ્યો ને - green old age - સંસ્કારી વયોવૃદ્ધત્વની હરિયાળી મનોહરતા - મને સાક્ષાત્ થઈ. 'ચિત્રકૂટ'ના પડોશમાં નાનું એવું 'નેપથ્ય' બાંધીને એમાં મોટું એવું કુટુંબજીવન ગોઠવીને રહેતા શ્રી બચુભાઈ રાવત કઝિન્સને કશીક સમજ પાડતા હતા. વાર્તાલાપ સ્વાભાવિકપણે લોકસાહિત્ય તરફ ઢળ્યો.

એ. ઈ. (જ્યોર્જ રસેલ) તથા યેટ્સ એ બે આયરિશ કવિઓના અસલ જોડીદાર, આધુનિક સાહિત્યના પારગામી અને કલાના વિશાળ પ્રદેશોમાં ઘૂમનાર આ સંસ્કારમૂર્તિ કવિ કઝિન્સે લોકસાહિત્યનાં જે ગુણગાન કર્યાં તેવાં હું કરું તો પક્ષપાતઘેલો ઠરું; લોકસાહિત્યે સાધેલ સૌંદર્યને એમણે આધુનિક કવિઓની Sophistry થી ભરેલી કવિતા કરતાં ઘણે ઊંચે સ્થાન આપ્યું. આયર્લેન્ડની પ્રજાનું સાંસ્કારિક પુનરુત્થાન કરનારી એ ત્રિપુટીમાં રહેલા એક શ્રી કઝિન્સ બીજી અનેક ગુલામ જાતિઓની પેઠે આયર્લેન્ડની પરાધીનતાના બેડી-ભંજન કરાવનાર લોકસાહિત્યને ને લોકવાણીને પ્રશંસે તે સ્વાભાવિક હતું.

એલિસબ્રિજ ઓળંગતી અમારી મોટરમાંથી સરદારપુલ તરફ આંગળી ચીંધાડીને ડૉ. કઝિન્સે કહ્યું : 'અમદાવાદની મ્યુનિ. પુલના છેડા પાસે સંગ્રહસ્થાન બનાવનાર છે. અમદાવાદનું એ આભૂષણ નિરાળું બનશે ને પાછું નજીક પણ કેટલું! પુલ-વા જ! ને મેં તો, ભાઈ, નગરવિધાયકોને કહ્યું છે કે બાંધકામમાં ગુજરાત બહારની નાની ખીલી પણ વાપરશો નહિ; એને શુદ્ધ આ ભૂમિનું બાલક બનાવજો, સ્ટીલ કે સિમેન્ટ વાપરતા નહિ. આ સંસ્કૃતિમંદિરનું બાંધકામ શુદ્ધ ગુજરાતી સ્થાપત્યશૈલીએ ગુજરાતની સામગ્રી વડે જ થાય એવો આગ્રહ એક પરદેશી કલાપારખુ કરે છે ત્યારે પ્રજાની ફરજ છે કે એ આગ્રહને નક્કર બનાવવા લાગે, એમના વિચારો ખીલે બાંધે.

કલાશાળામાં શ્રી કઝિન્સનું સન્માન તે ધોમ બપોરે વિદ્યાર્થી કલાકારોની કૃતિઓ વડે થઈ રહ્યું હતું. ચિત્રપોથીની કલા પ્રત્યેનો ગુજરાતી પ્રજાનો પ્રાચીન પ્રેમ બતાવનારા નવીન નમૂનાં જોવા મળ્યા: ટીપણા-ઘાટની ફીંડલું વાળેલી બે હસ્તપ્રતો, નિમંત્રણપત્રોની.

શિરોહીનાં જૈન મહાજને અન્ય ગામે વિચરતા જૈન આચાર્યને ચાતુર્માસ પોતાની નગરીમાં કરવાને લખેલો એ પાંચેક હાથ લાંબો ચિત્રપત્ર ! શરૂમાં આઠ-દસ ચિત્રો. પ્રત્યેકમાં એવું બતાવવાનો પ્રયત્ન કે અમારા નગરમાં અમુક અમુક સાધનો, સગવડો, અનુકૂળતાઓ છે અને સાધુના નિવાસને માટે ઉચિત એવું નગર-જીવન છે; ને ચિત્રો પૂરાં થયાં પછી લાંબો વિનતિપત્ર!

પ્રજાએ કેટકેટલી રીતિએ કલામય જીવન પકડી રાખ્યું હતું તેનો આ એક વધુ દાખલો.

*

કણિકા... ૨૭-૧૦-૧૯૩૯

અવનીન્દ્રનાથ ટાગોરનો આખો કલાસંગ્રહ શેઠ કસ્તૂરભાઈ લાલભાઈ પંચોતેર હજારમાં ખરીદી લાવ્યા. ગુજરાત ખાટી ગયું. અભિનંદન એ લક્ષ્મીનંદનને.

એક જ તડાકે આવી બુલંદ રકમ કાઢી શકો છો તો પછી ગુજરાતની કલાસંપત્તિ પર કેમ કોઈ તૃષ્ણા સાંભળ્યા નથી? આવતી કાલના કેટલા ગુર્જર અવનીન્દ્રો પેટે પાટા બાંધી પીંછી ખેંચી રહ્યા છે ખુદ અમદાવાદમાં!

*

એક પત્ર : રવિશંકર રાવળને...

બોટાદ : ૧૨-૧૧-૧૯૪૦

વહાલા ભાઈ,

આપના હૃદયમાં મારે માટે કનકનું બાજઠ છે તેવું આ કાગળ બોલે છે. આવડા સુવિશાળ સ્નેહીમંડળની અને ગુજરાતના પુનરુત્થાન માટે દિનરાતની જંજાળોની વચ્ચે આપ મને ભૂલતા નથી. આપની સ્મૃતિ સદાય જાગ્રત રહો!

હું જરા ય આગળ નથી નીકળી ગયો, આપના પડખામાં જ ચાલ્યો જાઉં છું. આપના સુદીર્ઘ સમાગમની ઉત્કંઠાને મારે આજે તો ભાંજગડો તળે દબાવી રાખવી પડી છે. એ દિવસ કદાચ નહિ આવે.

આપને અર્પણ કરેલું 'બીડેલાં દ્વાર' મોકલવું ભૂલી ગયો એ શરમાવનારી વાત છે. મહેન્દ્ર સાથે મોકલું છું. આપ અવકાશ લઈને એ જરૂર વાંચી જજો. હું રંક, બાદશાહી સખાવતો તો શું કરી શકું ! અંતરમાં સમાઈ ન શકતાં આભારજળોની અંજલિ લઈને સુહૃદોના દ્વારે દ્વારે જાઉં છું. વધુ તો શું લખું? કોઈક દિવસ જતાં-આવતાં અહીં ઊતરો, બાળકોને રમાડી પોતાનાં કરો એ અભ્યર્થના. - ઝવેરચંદ મેઘાણી

*

એક પત્ર : બચુભાઈ રાવતને...

બોટાદ : ૦૬-૧૯૪૪

પ્રિય બચુભાઈ રાવત,

એ દિવસો નથી વિસરાતા : લોકસાહિત્યની એક પછી એક નવી દિશાનો પત્તો મેળવીને એના જાહેર સમારંભાર્થે હું પ્રથમ હંમેશાં અમદાવાદ પાસે આવતો. 'કુમાર' કાર્યાલયમાં મારું કથ્થાઈ પાણકોરાનું બિસ્તર મૂકતો, તમારી અમીભરી આંખોનો પ્રવાહ પીતો કલાકો સુધી તમારી સામે બેસતો અને તમારા 'મેડા' પર દર ખેપે ગૃહદેવીના હાથનું ડુંગળીનું શાક જમવાનો વેરો વસૂલ કરવાનું ચૂકતો નહિ. એ કાતરિયાને મેડે માંડ માંડ પેસતા પવનનો અભાવ પણ તમે જ પૂરતા. બહેનને મોકલી ખરીદી મંગાવેલ ફૂલો અને ફૂલો જેવી તમારી મોડી રાત લગીની સાહિત્ય-પ્રોત્સાહક મીઠી વિવેચનાઓ વડે.

કદીક કદીક એ દિવસો, કલાકો અને પળોની પણ અતિ તીવ્ર યાદ જાગે છે અને અકથનીય કો' મીઠી વેદનાઓ રસે છે. એ પળોને, પ્રહરોને અને દિનોને આવું ચાલુ ત્રોફણકામ કરતાં રોકવાનો એક જ ઇલાજ કે એને આમ આવન-જાવન કરવા ન દઉં, જકડી રાખું, એ પળોના એ પ્રહારોના ને એ દિનોના એક પ્રણેતાને આ પુસ્તક [લોકસાહિત્ય : ધરતીનું ધાવણ] વિના રજાએ અર્પણ કરીને. - ઝવેરચંદ મેઘાણી

*

'અંતર-છબિ' ડિમાઈ કદનાં ૬૨૪ પાનાં, પાકું પૂઠું, કિં. રૂ. ૩૦૦/- પ્રાપ્તિસ્થાન : ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધીરોડ, અમદાવાદ-૧.

પ્રાપ્ય પ્રકાશનો

इति मे मति : । લે. ડૉ. રક્ષાબહેન પ્ર. દવે, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૬, ક્રાઉન, પૃ. ૧૪૧, કાચું પૂંઠું, રૂા. ૨૫. પ્રકાશક: પોતે, જીવન કોટેજ, ૪૩૯એ, 'અજવાસ', પ્રભુદાસ તળાવ ચોક, ભાવનગર-૩૬૪૦૦૧. પોતાની દૃષ્ટિ અને સમજ પ્રમાણે મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય પર વિશેષ આધારિત વિવેચન સંગ્રહ. એ સાથે ત્રણ કાવ્યાસ્વાદ પણ સમાવાયા છે.

પ્રથમ પુરુષ : લે. : નરેશ ભટ્ટ (પ્રકાશક : નવભારત સાહિત્ય મંદિર, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧.) પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, ક્રાઉન, પૃ. ૨૧૩, કાચું પૂંઠું, રૂા. ૬૦. રાજકારણમાં થતા ભ્રષ્ટાચાર ને અના ચાર વિશેની નવલકથા.

શેષ બલવન્તરાય : લે. ડૉ. હર્ષદ મ. ત્રિવેદી, (પ્રકાશક : ગુજરાતી વિભાગ, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા) પ્રથમ આવૃત્તિ : ૧૯૯૬, ક્રાઉન, પૃષ્ઠ ૨૭૫, કાચું પૂંઠું, રૂા. ૮૬. પ્રો. બ. ક. ઠાકોરના જીવન અને સાહિત્ય વિશેનું પુસ્તક. એમાં બ.ક.ની રચનાઓ, સંપાદનો અને અનુવાદો વિશે હર્ષદ ત્રિવેદીનું આગવું વિવેચન છે.

ઝવેરાચંદ મેઘાણી : લે. ડૉ. ઉષા જોષી, (પ્રકાશક : ગુજરાત ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળના નાકે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧) પ્રથમ આવૃત્તિ: ૧૯૯૬, ક્રાઉન, પૃષ્ઠ : ૧૮૦, કાચું પૂંઠું, રૂા. ૭૫. મેઘાણીનાં જીવન અને વ્યક્તિત્વ તેમ જ કુટુંબવૃક્ષ સાથે સચિત્ર માહિતીનું પુસ્તક.

લોકપ્રિય ગુજરાતી વાર્તાઓ : સંપાદક: કૃપાશંકર જાની, (પ્રકાશક : કોઠારી પ્રકાશન, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧.) ક્રાઉન, પૃષ્ઠ : ૨૯૭, કાચું પૂંઠું, રૂા. ૧૨૫.મલયાનિલથી માંડીને રાધવજી માધવ સુધીના એકત્રીસ લેખકોની લોકપ્રિય વાર્તાઓનો સંગ્રહ.

એનું સરનામું : લે. નિખિલ- 'દર્પણ' (પ્રકાશ : ગઝલ પરિષદ, ૧૭, જાગનાથ એપાર્ટમેન્ટ્સ, જીમખાના રોડ, રાજકોટ-૧) પ્રથમ આવૃત્તિ : ૧૯૯૬, ક્રાઉન,

પૃ. ૭૨. અનૂઠા મુક્તકોનો સંગ્રહ.

રહસ્યકથા રમ્યા : લે. પુષ્કર ગોકાણી, (પ્રકા. નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨.) ક્રાઉન, પૃ. ૨૬૪, કાચું પૂઠું, રૂા. ૧૦૨. ગુનાશોધન પ્રવૃત્તિવિષયક વાર્તાઓનો સંગ્રહ.

થોડોક ધ્વનિ : લે. ભૂપેન્દ્ર શાંતિલાલ વ્યાસ, (પ્રકા. ૩૧૩/રાજસ્તંભ સોસાયટી, પોલો ગ્રાઉન્ડ પાસે, વડોદરા-૩૯૦૦૦૧ પ્રથમ આવૃત્તિ : ૧૯૯૬, ડીમાઈ, પૃ. ૩૬, કાચું પૂઠું, રૂા. ૧૦, હાઈકુ અને તાન્કાનો લઘુકાવ્ય સંગ્રહ.

મેઘાણીભાઈ : શતાબ્દીને ટીંબેથી : લે. યશવંત ત્રિવેદી,(પ્રકા. નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨.) પ્રથમ આવૃત્તિ : ૧૯૯૬, ક્રાઉન, પૃ. ૯૫, કાચું પૂઠું, રૂા. ૪૦. મેઘાણીભાઈની શતાબ્દી પ્રસંગે તૈયાર થયેલ પુસ્તક. લેખકે મેઘાણીની લોકપ્રિયતાનું જતન તેમની આર્દ્રવાણીમાં કર્યું છે. મેઘાણીનાં જીવનમૂલ્યોનો સંપૂર્ણ ખ્યાલ અહીં આપવામાં આવ્યો છે.

સાથે રહ્યાનું સુખ અનંત : લે. રુસ્વા મઝલૂમી, (પ્રકાશક : આયઝખાન બાબી ઑફ પાજોદ, રાજકુમાર કૉલેજ, રાજકોટ-૧.) પ્રથમ આ. : ૧૯૯૬, ક્રાઉન, પૃ. ૯૬, કાચું પૂઠું, રૂા. ૪૦. અમૃત ઘાયલ સાથે રુસ્વા મઝલૂમીનો ગૂઢ ઋણાનુબંધ હોવાની પ્રતીતિ કરાવતું પુસ્તક.

આદ્ય શંકરાચાર્ય : લે. કૃપાશંકર જાની, (પ્રકા. : શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧.) પ્રથમ આ.: ૧૯૯૬ ક્રાઉન, પૃ. ૧૦૨, કાચું પૂઠું, રૂા. ૪૦. શ્રી આદ્ય શંકરાચાર્યના જીવન-કવનનો આધ્યાત્મિક ખ્યાલ આપતું પુસ્તક.

પ્રકાશક : શિશુવિહાર, કૃષ્ણનગર, ભાવનગર-૩૬૪૦૦૧ની પુસ્તિકાઓ :

લક્ષ્મણ જેવો ભાઈ અને બીજાં કાવ્યો: લે. પ્રેમશંકર ન. ભટ્ટ, પ્રથમ આવૃત્તિ: ૧૯૯૫, ક્રાઉન, પૃ. ૬૪, કાચું પૂંઠું, રૂા. ૭-૫૦. **સ્વ. ભાનુભાઈ પી. કામ્બાડનાં સ્વરચિત- ભજનો - ગીતો** : પ્રથમ આવૃત્તિ: ૧૯૯૫, ક્રાઉન, પૃ. ૧૮, કાચું પૂંઠું, રૂા. ૩. **જાહ્નવી સ્મૃતિનું દ્વિતીય પુષ્પ:** સંપાદક : જયોતિબહેન ગાંધી, ડૉ. ઉષાબહેન ઉપાધ્યાય, પ્રા. તખ્તસિંહજી પરમાર, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, ક્રાઉન, પૃ. ૨૦, કાચું પૂંઠું, રૂા. ૪. **ગીત હું કોનાં ગાઉં કોનાં નહીં** : લે. જયમલભાઈ યાદવ, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, ક્રાઉન, પૃ. ૩૮, કાચું પૂંઠું. રૂા. ૨. **બાળગીત-બાળનાટક-બાળવાર્તા અને ગમ્મત ગીતો:** લે. નટવરલાલ પ્ર. બુચ, પ્રથમ આ.: ૧૯૯૫, ક્રાઉન, પૃ. ૩૦, કાચું પૂંઠું, રૂા. ૩-૫૦.

યુરોપ-અમેરિકાનાં કલાધામો :

લેખક : ઠાકોરભાઈ મિસ્ત્રી, પ્રકાશક: મૂકેશ બળવંતભાઈ મિસ્ત્રી, ૧૭૭, મહેરનગર, અડાજણ રોડ, સુરત-૯. પ્રથમ આવૃત્તિ : ૧૯૯૭, ડિમાઇ સાઈઝ પૃ. ૩૮૪, કિંમત, રૂ. ૩૫૦-૦૦.

મૌલિક ટૂંકીવાર્તા સ્પર્ધાનું પરિણામ

૧૯૯૭-૯૮ ના વર્ષ દરમ્યાન પારેખ વલ્લભરામ હેમચંદ જનરલ લાયબ્રેરી, (વિસનગર) તરફથી યોજાયેલ 'ટૂંકીવાર્તા' સ્પર્ધાનું પરિણામ : (૧) ખેંચાણ - **શ્રી રમેશભાઈ ત્રિવેદી** પ્રથમ -રૂા. ૧૦૦૧/-(૨) ઢૂંસ - **ડૉ. ભગીરથ આર. બ્રહ્મભટ્ટ** - દ્વિતીય- રૂા. ૭૦૧/- (૩) તરાપો - **શ્રી પ્રજ્ઞાબેન એ. પટેલ** - તૃતીય - રૂા. ૫૦૧/-

---

અનુસંધાન] કલાવાર્તા [પૃ. ૬૫૭થી

આ પ્રકારના લેન્સની સારી ફાવટ છે.

તળાવ નજીક આરામ કરતા, અર્ધ ખુલ્લા શરીરે સૂર્ય-સ્નાન લેતા પાત્રના પગ, હાથ અને હાથના પંજાનું બન્ને પગ વચ્ચેનું સંયોજન કમલ રાણાના વાઈડ ઍન્ગલ લેન્સના યથાયોગ્ય ઉપયોગની પ્રતીતિ કરાવે છે. ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીએ ૧૯૯૭ના વર્ષની ફોટોગ્રાફી માટે આ ફોટોગ્રાફને ઇનામ આપ્યું છે. કલાસમીક્ષક ભૂપેન ખખ્ખરે આ તસવીરની મુક્ત કંઠે પ્રસંસા કરી છે. રાણા કહે છે : 'વાઈડ એન્ગલ લેન્સ વાપરનાર ફોટોગ્રાફરની જીવન-વ્યવહારની દૃષ્ટિ પણ વિશાળ બને છે.'

ફોટોગ્રાફી માટે નિતનવા વિષયો શોધતા રહેવાની આદત કેળવનાર તસવીરકારને આ ભાતીગળ વિશ્વમાં નવા નવા વિષયો સદા મળતા જ રહે છે. ચૂંટણી પ્રચાર ટાણું નવા વિષયનો અનોખો અવસર છે. પક્ષના બન્ને હાથના પંજાના નિશાનની ઉપર બારીમાં દેખાતા બન્ને પગનાં તળિયાં અનાયાસે એક જ સ્થળે જોવા મળતાં હોવાથી દર્શકને વ્યંગની અનુભૂતિ થાય છે. બન્ને પગનાં તળિયાં રાષ્ટ્રનાં નૈતિક મૂલ્યો તળિયે બેસી ગયાંની પ્રતીતિ કરાવે છે. આ એક રમૂજી કેન્ડિડ સ્નેપશૉટ છે.

ઝીણી લાઈનવાળા કાપડને કુનેહપૂર્વક ગોઠવીને બનાવેલો માનવ ચહેરો સદ્‌ગત વિનોબા ભાવે જેવા લાગે છે. એક ખુલ્લી આંખ પુણ્ય-પ્રકોપ ઠાલવતી દેખાતી હોવાને કારણે સ્થૂળ વસ્તુ કેવી જીવંત લાગે છે! નવી દિલ્હીની નેશનલ લલિતકલા અકાદમીએ કમલની કલ્પનાશક્તિને બિરદાવી આ ફોટોગ્રાફને રાષ્ટ્રિય પુરસ્કાર અર્પણ કર્યો છે.

અમેરિકાનું 'પૉપ્યુલર ફોટોગ્રાફી' સામયિક તસવીર-સ્પર્ધાઓ યોજે છે. આ વખતે આખા વિશ્વમાંથી ૬૬૦૦૦ જેટલી તસવીરો સ્પર્ધામાં આવી હતી. કમલે અમેરિકાના-પ્રવાસ દરમ્યાન મિયામી બીચ પર ઝડપેલી તસવીરને આ સ્પર્ધામાં પ્રથમ ઇનામ મળ્યું અને સામયિકના મુખપૃષ્ઠ પર એ તસવીર પ્રગટ થઈ!

જાપાનની અસાઈ કંપની તરફથી સતત બે વર્ષ ફોટોગ્રાફી માટેના ગોલ્ડ મેડલ એમને મળ્યા. યુનેસ્કો જાપાન તરફથી પણ ઈનામ મળ્યું. બેલ્જિયમના તસવીર કલા પ્રદર્શનમાં તસવીર સ્વીકારાઈ. ને ગુજરાત લલિત કલા અકાદમીનું રૂા. ૫,૦૦૦નું રોકડ ઇનામ મેળવ્યું.

તસવીરકાર કમલ રાણા કહે છે : 'તસવીરકલા માટે કલાકારની દૃષ્ટિ નિર્લેપ હોય તો છબી જીવંત અને પારદર્શક મળે છે.' '

- નાથુભાઈ મિસ્ત્રી

આયુર્વેદ અને ઔષધી - ૮

ગળો

ગળોને અમૃતા કહી છે. તે કદી મરતી નથી. ચોમાસા દરમિયાન તે વાડે અને ઝાડે ચડેલી જોવા



મળે છે. તેનો ટુકડો કાપી ઘરના આંગણામાં, ફળિયામાં, દીવાલ પાસે, કે ઝાડ ઉપર લગાવી શકો. ઘરનાં કૂંડાંમાં પણ તે લગાવાય. ખેડૂતોએ પોતાના ખેતરની વાડમાં તે ઉગાડવી જોઈએ. દરેક લીમડા પાસે ગળોનો ટુકડો વાવી દેવો જોઈએ. લીમડા ઉપર તે સહેલાઈથી વધે છે અને ગુણકારી બને છે.

ગળો બારે માસ લીલી નથી રહેતી. ચોમાસાના ભેજવાળા વાતાવરણમાં તે પાંગરે છે. તેને નવાં નવાં પાન અને ડાળો ફૂટે છે. ચોમાસા પછી તેનાં પાન ઓછાં અને ઓછાં થઈ જાય છે, પરંતુ તેનો વેલો મરતો નથી હોતો. ગળોના વેલાના થડ (ડાળ) ઔષધ તરીકે ઉપયોગમાં આવે છે. ગળો ધીમે ધીમે વધતાં આ અંગૂઠા જેવડાં જાડાં થઈ જાય છે. તેને કાપો તો ગાડાના પૈડા જેવું ચક્ર દેખાય છે. આવી સૂકી ગળો ગાંધીની દુકાને મળે છે.

લીલી કે સૂકી ગળોને અધકચરી ખાંડી, ચાના કપ જેટલા પાણીમાં આખી રાત પલાળી રાખો, સવારે તેને ચોળી ગાળીને પી જવું. આમ સવારે પલાળી રાત્રે પીવું. ગળોનો સાચો લાભ આ રીતે જ મળે. આમ ન કરવું હોય તો સૂકી ગળોને ખાંડી તેનું ચૂર્ણ કરવું. ફાર્મસીઓમાં તેનું તૈયાર ચૂર્ણ પણ મળે છે. આ ચૂર્ણ સવાર-સાંજ ૧-૧ નાની ચમચી પાણી સાથે લઈ શકાય. ગળોના ઘનમાંથી ઘનાવેલી સંશમની વટીની ૨-૨ ગોળી સવાર, બપોર, સાંજ ૩ વાર પાણી સાથે લઈ શકાય.

ગળો ત્રિદોષહર છે. એટલે તે ઘણા બધા રોગોમાં કામ કરે છે. ઠંડી છે, એ ગરમીના અને પિત્તના રોગોમાં વિશેષ લાભ કરે છે. ઝીણો તાવ, લોહી બગાડ, શરીરના કોઈ પણ ભાગમાં થતી બળતરામાં તે અક્સીર છે. આ ઉપરાંત સામાન્ય તાવ, લોહીની ઓછપ, સામાન્ય ગડગૂમડ, ચામડીના નાના મોટા રોગો, હાથ પગનાં તળિયાંની બળતરા, પેશાબની બળતરા, પેશાબના રોગો, સ્વપ્ન દોષ, પિત્ત અને ગરમીના રોગો, શરીરની કળતર, અશક્તિ વગેરે રોગો પણ મટાડે છે.

વૈદ્ય નવીનભાઈ ઓઝા





ઝરમરિયો મેહુલો શો આજ રમે રંગમાં!
ગરજે છે ક્યાંક અને વરસી ક્યાં જાય છે,
ઓછો ઝિલાય ત્યાં આઘો વહી જાય છે,
કોઈની તે કાયા ઓ રે તરસી રહી જાય છે,
છેડ્યો મલ્હાર એણે ફાગના ઉમંગમાં!

- રાજેન્દ્ર શાહ


સ્વ. ડૉ. વાય. સુબ્બારાવ

ભારતને આઝાદી મળી તે પછીના વર્ષમાં ન્યૂ યૉર્ક શહેરમાં આપણા દેશનાં અપ્રતિમ બુદ્ધિશાળી પણ નામ અને કીર્તિથી સતત વેગળા રહેલા એવા એક ઔષધીય વૈજ્ઞાનિક ડૉ. યેલ્લપ્રગડ સુબ્બારાવે અંતિમ શ્વાસ લીધા.

આ વૈજ્ઞાનિક દેશમાં તેમજ આંતરરાષ્ટ્રિય સ્તરે ખાસ જાણીતો નહોતો, તેથી એના અવસાનની નાની સરખીય નોંધ સુધ્ધાં લેવાઈ નહોતી, પરંતુ જવરસાયણશાસ્ત્ર (બાયોકેમિસ્ટ્રી) માં તેમણે જે પાયાનાં સંશોધનો કર્યાં છે તેણે માનવ-સ્વાસ્થ્યના ક્ષેત્રમાં અનેરું પ્રદાન કર્યું છે.

ડૉ. વાય. સુબ્બારાવે જગતને ગ્રામાઈસિડિન(Gramicidin) અને ઓરિયોમાઈસિન (Aureomycin) નામની બે જીવાણુપ્રતિરોધક (એન્ટિબાયોટિક) દવાઓની ભેટ આપી. ટ્રેટાસાઈક્લિન અને ત્યાર પછી શોધાયેલી બીજી પેઢીની અન્ય ટ્રેટાસાઈક્લિન દવાઓ આ ઓરિયોમાઈસિનમાંથી બનાવવામાં આવી છે. આપણે ત્યાં હાથીપગાની સમસ્યા વિકરાળ છે. ડૉ. સુબ્બારાવે એવા રસાયણની શોધ કરી જે હાથીપગાનાં જંતુઓનો નાશ કરવાની શક્તિ ધરાવતું હતું. આજે હાથીપગાના ચેપ (ફાઈલેરિયાસિસ) ની સારવારમાં વપરાતી ડાઇ-ઈથાઈલ કાર્બામાઝિન (Hetrazan) નામની દવા ડૉ. સુબ્બારાવનાં પરીશ્રમનું ફળ છે.

યકૃતમાંથી ફોલિક ઍસિડ નામનું પ્રજીવક (વિટામિન) તત્ત્વ શોધીને એનું કૃત્રિમ સ્વરૂપ તૈયાર કરવાનું શ્રેય પણ તેમને જાય છે. ફોલિક ઍસિડ માનવ-શરીરમાં કોશોની વૃદ્ધિમાં પાયાની ભૂમિકા ભજવે છે. ડૉ. સુબ્બારાવે ૧૯૭૪માં ફોલિક ઍસિડ પ્રતિરોધક તત્ત્વની શોધ કરેલી. એના પગલે કેન્સરની ઔષધીય



ચિકિત્સામાં એક પ્રકારની ક્રાંતિ આવી. જીવલેણ બ્લડ કેન્સર- (લ્યુકેમિયા)ની વ્યાધિમાં વપરાતી એમિનોટેરિન (Aminoterin) નામની દવાની શોધ ડૉ. સુબ્બારાવે કરી છે.

આ તમામ ઔષધીય રસાયણોની શોધ અગાઉ પણ ડૉ. સુબ્બારાવે શરીરની કોશજાળો અને પ્રવાહીની અંદર ફોસ્ફરસનું પ્રમાણ નક્કી કરવાની પદ્ધતિ શોધી કાઢી હતી. આજે જગતભરમાં ફોસ્ફરસનું પ્રમાણ નક્કી કરવાની જે પદ્ધતિ 'ફિસ્કે-સુબ્બારાવ પદ્ધતિ

(Fiske-Subbarao Method)' તરીકે જાણીતી છે, તેની શોધ સૌપ્રથમ ડૉ. સુબ્બારાવ દ્વારા ૧૯૨૫માં કરવામાં આવી હતી. આ ગાળા દરમિયાન સુબ્બારાવ હાર્વર્ડ મેડિકલ સ્કૂલના ડૉ. સાયરસ ફિસ્કે સાથે કામ કરતા હતા. બન્ને સાથે મળી ફૉસ્ફરસના પરીક્ષણની ઉપરોક્ત પદ્ધતિ ઉપર વિશેષ અભ્યાસ કરી રહ્યા હતા. આ અભ્યાસ દરમિયાન બન્નેએ ક્રાંતિકારી અને વિલક્ષણ શોધ કરી. આપણે ખોરાકમાં જે કાર્બોદિત પદાર્થો લઈએ છીએ તેના પાચનથી લોહીમાં ગ્લુકોઝનું પ્રમાણ વધે છે. આના પગલે સ્વાદુપિંડમાંથી ઇન્સ્યુલિનનો સ્રાવ થાય છે. ઇન્સ્યુલિન અને ગ્લુકોઝ વચ્ચે પ્રક્રિયા થાય છે.અને ખાસ કરીને શરીરના કોશોમાં ગ્લુકોઝમાંથી શક્તિ શી રીતે પેદા થાય છે તે બાબતમાં વિશ્વનાં પારિતોષિક વિજેતા હતા તેવા - જીવરસાયણશાસ્ત્રીઓની બુદ્ધિ ઉકેલ કાઢી શક્તી નહોતી. ઇન્સ્યુલિનની શોધ કરનાર ડૉ. બેન્ટિંગ પણ આ કોયડાનો ઉકેલ મેળવવામાં નિષ્ફળ નીવડ્યા ત્યારે ફૉસ્ફરસના ચયાપચયની જટિલ પ્રક્રિયાના ૨૦ વર્ષના ભગીરથ પરિશ્રમમાંથી સુબ્બારાવ અને ફિસ્કેની જોડીએ આનો ઉકેલ શોધી કાઢ્યો. સ્નાયુઓની અંદર ગ્લુકોઝ જે ફૉસ્ફોક્રિએટિન (Phosphocreatine) અને એડિનોઝાઈન ટ્રાઈફૉસ્ફેટ (Adenosine Triphosphate-ATP)નામના રાસાયણિક કણોની અંદર શક્તિ સ્વરૂપે સંચય થાય છે તેની અદ્‌ભુત શોધ આ રીતે થઈ.

આ એ. ટી. પી. રસાયણ જ કોશોના અને સજીવ પ્રાણીઓના જીવન અને ચેતનનું રહસ્ય છે. એની અંદરની સંચિત શક્તિનો જ કોશો પોતાનું જીવન ટકાવી રાખવા તેમ જ કાર્યો માટે ઉપયોગ કરે છે. આ શોધ બદલ સુબ્બારાવ અને ફિસ્કે નોબેલ પુરસ્કારના સાચા અધિકારી હતા. પરંતુ નોબેલ પુરસ્કાર સમિતિએ ભૂલથી જ તબીબી વિજ્ઞાન અને શરીરક્રિયા વિજ્ઞાન શાખાને લગતો આનો પુરસ્કાર અગાઉ ૧૯૨૨માં આર્ચીબાલ્ડ હિલ અને ઑટો મેયરહોફ નામના વૈજ્ઞાનિકોને એનાયત કરી દીધો હતો. તેમણે એવી શોધ કરેલી કે સ્નાયુઓમાં ગ્લુકોઝનું જે સંચિત સ્વરૂપ હોય છે તે ગ્લાયકોજનનું લેક્ટિક ઍસિડમાં રૂપાંતર થવાની રાસાયણિક ક્રિયાથી સ્નાયુઓને સંકોચનની શક્તિ મળે છે. વાસ્તવમાં તેમની શોધ અધૂરી હતી. ફિસ્કે અને સુબ્બારાવનું સંશોધન વધારે પરિપૂર્ણ હતું. સાચા પુરસ્કારના અધિકારીઓ તો આ બન્ને હતા.

સુબ્બારાવના આ સંશોધનનું મૂલ્ય કાંઈ જેવુંતેવું નહોતું. એના પરિણામે શરીરની જટિલ ગતિવિધિઓ સમજવામાં ઘણી સરળતા પેદા થઈ અને માનવજાતિને પીડતા ઘણા રોગો ઉકેલવાની કડી પ્રાપ્ત થઈ. અને છતાં, નોબેલ પુરસ્કાર પ્રાપ્ત કરનારા ગણ્યાગાંઠ્યા વૈજ્ઞાનિકોની યાદીમાં ડૉ. સુબ્બારાવ કદી આવ્યા નહીં. એનું કારણ એ હતું કે આજીવન એમણે પ્રસિદ્ધિથી દૂર રહેવાનો વિકલ્પ પસંદ કર્યો. એમણે કદી કોઈ માન-અકરામ કે પુરસ્કારોની ખેવના ન કરી. 'આ માણસ વિજ્ઞાની હતો, તબીબોમાં સૌથી વિચક્ષણ તબીબ હતો, રસાયણશાસ્ત્રીઓમાં અન્ય કોઈ પણ વૈજ્ઞાનિક કરતાં વધારે પારંગત હતો અને જંતુવિજ્ઞાનમાં એનો જોટો નહોતો.'

૧૯૯૪માં મહારાષ્ટ્રમાં અને સુરતમાં એકાએક પ્લેગનો ઉપદ્રવ ફાટી નીકળ્યો ત્યારની પરિસ્થિતિ યાદ છે ને ? આ દરમિયાન પ્લેગની સામે લડવા માટે જો કોઈ દવા જીભે-જીભે રમતી થઈ ગઈ હોય તો તે ટેટ્રાસાઇક્લિન હતી. એ એક જવાણુ પ્રતિરોધક (એન્ટિબાયોટિક) દવા છે અને અનેક સંક્રામક રોગોમાં ઉપયોગ ધરાવે છે. પરંતુ એનો ઉપયોગ કરનાર ભાગ્યે જ કોઈ તબીબ કે દર્દી એવું જાણે છે કે વિશ્વની સૌપ્રથમ ટેટ્રાસાઇક્લિન એન્ટિબાયોટિક - આરિયોમાઈસિન - શોધનાર ડૉ. વાય. સુબ્બારાવ અને તેમની ટીમના સભ્યો હતા. દરેક ભારતીયે આ માટે ગૌરવ લેવા જેવું છે.

સુબ્બારાવનો જન્મ આંધ્રપ્રદેશના પશ્ચિમ ગોદાવરી પ્રાંતના ભીમાવરમ્‌માં જાન્યુઆરી ૧૨, ૧૮૯૫ના દિવસે થયો હતો. તેમનું કુટુમ્બ ખૂબ ગરીબ હતું. આથી છેક ૧૩ વર્ષની ઉંમરથી જ એમણે નામ અને નાણાં રળવાની મહત્ત્વાકાંક્ષા સેવવા માંડી હતી. જોકે એમનામાંની છૂપી શક્તિઓને સૌપ્રથમ ઓળખનાર તો તેમની માતા હતી. માતાને એવું જણાઈ આવ્યું કે એનો બાળક ગણિતમાં અપ્રતિમ બુદ્ધિમત્તા ધરાવે છે આથી એણે એને પ્રોત્સાહન આપવા માંડ્યું.

એમણે એમનું પાછલું જીવન વિજ્ઞાનને ચરણે ધરી દીધું એ ખરું પણ યુવાનીનાં વર્ષો દરમિયાન તો આધ્યાત્મિક ઊંડાણ પામવા માટે એમણે સંસારનો ત્યાગ કરીને રામકૃષ્ણ મિશનમાં સંન્યાસી થવાનો માર્ગ લીધો હતો. તેમને એવી અનુભુતિ થઈ કે પ્રસિદ્ધિ તરફ દોરી જનારાં સાધનો અને માર્ગો તો ખરેખર માયાના પ્રપંચ છે. જગતની દૃષ્ટિએ સારાં ગણાતાં કામોનો પણ માણસે ત્યાગ કરવો રહ્યો. આવાં કર્મો પણ ફળ આપનારાં હોય છે. આ સમયે એમના મનમાં દ્વંદ્વ ચાલતું હતું. એક તરફ તેમણે માતાને એવું વચન આપ્યું હતું કે આગળ જતાં વિશ્વમાં હું નામ કાઢીશ, તો બીજી બાજુ એમનું મન વિજ્ઞાન અને આધ્યાત્મિક્તા વચ્ચે ઝોલાં ખાતું હતું. એમની બુદ્ધિ જેટલી પ્રખર હતી એટલી જ અસ્થિરતા ને ગૂંચવાડામાં અટવાતી હતી. તેમને તબીબી શિક્ષણ લેવા માટે રાજી કરવામાં આવ્યા - એવું કહીને કે તબીબી તરીકે રામકૃષ્ણ મિશનની વધારે સારી સેવા કરી શકાશે. તબીબ શિક્ષણ દરમિયાન એમને પણ એવું લાગ્યું કે જીવનનો સાચો ઉદેશ્ય દર્દીનારાયણોની સેવા કરવામાં છે. એમણે મદ્રાસ આયુર્વેદિક કૉલેજમાં ટૂંકો

સમય ગાળ્યો પણ એમને એવું લાગ્યું કે તે સમયે પ્રચલિત ઘણા રોગોની સારવાર આયુર્વેદિક દવાઓ દ્વારા થઈ શકે તેમ નથી; એટલે એમણે અમેરિકા જવાનું પસંદ કર્યું, જ્યાં તબીબી સંશોધનોનો પુષ્કળ અવકાશ હતો. અમેરિકામાં શરૂઆતનાં વર્ષો દરમિયાન આંધ્રના આ બ્રાહ્મણે હાર્વર્ડ મેડિકલ સ્કૂલમાં કામ કર્યું. ત્યાર પછી એ લેડર્લે લૅબોરેટરીઝમાં જોડાયા. અહીં એમણે અનેક જીવનરક્ષક ઔષધોના આવિષ્કાર પાછળ પોતાનું બાકીનું જીવન સમર્પિત કરી દીધું. આમ છતાં, આટઆટલી પ્રખર શોધો અને સંશોધનોના આ સ્વામીએ પ્રસિદ્ધિ અને માન-અકરામથી તો દૂર જ રહેવાનું પસંદ કર્યું.

ઑગસ્ટ ૮, ૧૯૪૮ના દિવસે ન્યૂયૉર્કની અંદર ઊંઘમાં જ એમણે એમનો દેહ છોડ્યો.

એક અમેરિકન પત્રકારે તો શ્રદ્ધાંજલિ રૂપે એમના માટે લખ્યું કે, 'તમારા સૌનું આજે જીવતા રહેવું અને સ્વસ્થ હોવું એ માત્ર ડૉ. સુબ્બારાવને આભારી છે. એ આ પૃથ્વી પર જીવ્યા તેથી જ તમે લાંબું આયુષ્ય ભોગવી શકવાને ભાગ્યશાળી છો.' આ કર્મઠ માણસને આનાથી વધારે શી પુષ્પાંજલિ અર્પણ કરી શકાય?

[એક્સપ્રેસ ફાર્મા પલ્સ, ઑગસ્ટ ૧૪, ૧૯૯૭ના અંકમાંથી એન. વી. રામમૂર્તિના લેખના આધારે]

('લોકોસ્ટ ફીસર્સ'માંથી) - કિરણ શીંગ્લોત

રાવજીભાઈનું રોટલીયંત્ર



ગુજરાતીઓને રોટલી ઘણી ભાવે. મોટી સંખ્યામાં રોટલી બનાવવી મુશ્કેલ છે. ઘણી જેલોમાં કેદીઓની સંખ્યા ઘણી હોય છે. કેદીઓને જાતે જ રોટલી-રોટલા બનાવવા પડે છે, તે કંટાળાનજક લાગે છે. મોટાં મોટાં છાત્રાલયોમાં આ કામ રસોઈટુકડીને મુશ્કેલ લાગે છે. આવા સંજોગોમાં રોટલી બનાવવાનું સરળ સાધન શોધવું જરૂરી બન્યું છે. આજકાલ બજારમાં પુરી-રોટલી દાબીને વણવાની મહેનત ઘટાડે એવાં સાધનો મળવા લાગ્યાં છે.

અમદાવાદમાં મોટી સેન્ટ્રલ જેલ છે. તેમાં બે હજાર જેટલા કેદીઓના રોજ રોટલા-રોટલી થાય છે. આ કામ મુશ્કેલ હોઈ કાચાં-પાકાં કે બળેલાં રોટલી-રોટલા લાચારીથી ખાવાં પડે છે. આ કેદીઓને ૪૦૦૦ જેટલી રોટલી બનાવવા ૧૫ કલાક જેટલું કામ કરવું પડે છે.

રાવજીભાઈ હરજીભાઈ પટેલ સાબરમતી જેલના આજીવન કેદી છે. તેમની ઉંમર ત્રીસ વર્ષની છે. ગામ રામપર, તાલુકો-માંડવી, જિ. કચ્છના તેઓ વતની છે. ૧૯૮૯માં ખૂન કરીને જેલમાં ગયેલા. માંડવીથી તેમને સાબરમતી લાવવામાં આવ્યા. નાનપણથી મશીનરીનો શોખ લાગેલો. તેમની જેલમાં વર્તણૂક સારી હોવાથી જેલરની મંજૂરી મેળવીને પેરલ પર છૂટીને બજારમાંથી નાનામોટા ભાગો લાવીને, ચાલીસ દિવસ-રાત જોયા વગર વીજળીથી ચાલતું રોટલી વણવાનું યંત્ર બનાવ્યું. આજુબાજુના કેદીઓ તેમની ધૂન જોઈને અચંબો પામતા. જ્યારે આ યંત્ર તૈયાર થઈ ગયું, તેની પરીક્ષા કરી તે દિવસે, એક કલાકની ૪૦૦૦ જેટલી રોટલી વણાઈ ગઈ. તે માટે ફક્ત બે કેદીઓએ એક કલાક આપવો પડ્યો. રાવજીભાઈની સફળતા જોઈને કેદીઓના આનંદનો પાર ના રહ્યો. જેલર શ્રી વી. જે. ગૌતમ પણ રાવજીભાઈ પર ખુશ થઈ ગયા. રાવજીભાઈના હિસાબે યંત્ર બનાવવા માટે અંદાજી રૂ. ૧૪,૦૦૦ ની સામગ્રી તથા ૪૦૦૦ રૂ. ની મજૂરી જેટલો ખર્ચ થશે.

રાવજીભાઈના આ રોટલીયંત્રની દિલ્હીની તિહાર જેલ તથા રાજસ્થાનની મોટી જેલોને માહિતી આપવામાં આવતાં, આ જેલ તરફથી રાવજીભાઈને આવાં રોટલીયંત્રો બનાવી આપવાનું આમંત્રણ મળ્યું છે.

સરકાર તરફથી રાવજીભાઈના રોટલીયંત્રની શોધ માટેના પુરસ્કારરૂપે તેમનો આજીવન કારાવાસ ઘટાડી દેવામાં આવ્યો છે. હવે બે વર્ષ બાકી છે. રાવજીભાઈ નિશાળમાં ભણ્યા નથી. અનુભવી મિકેનીક છે. તેઓની કલ્પના છે કે વીજળીના હીટર સાથે તવો જોડીને આ યંત્ર સાથે જોડવામાં આવશે તો એક કલાકમાં ૪૦૦૦ જેટલી પાકી તૈયાર રોટલી મળી શકશે. ભવિષ્યમાં આવું યંત્ર તૈયાર કરવાની રાવજીભાઈની હોંશ છે. શ્રી રાવજીભાઈને અભિનંદન.


- રાજુભાઈ જંત્રાણિયા (વ્યારા)

હારે હારી જાય, તે જ ખરો હારી ગયો;
લડતો રહે સદાય, તેની હારે જીત છે.

— પૂજાલાલ

એક વખત અમદાવાદ ભાઈદાસભાઈને ત્યાં રવિશંકર મહારાજ મહેમાન થયા. દાદા તે વખતે માત્ર બાફેલી દૂધી જ ખાતા. બીજા મહેમાન સાથે આહારની ચર્ચા થઈ. દાદા કહે : 'હમણાં હું માત્ર બાફેલી દૂધી જ લઉં છું. તમને થોડી આપું?' બાફેલા શાકનો પણ એક ઑર રસ હોય છે! એ અનુભવ્યું. એમાં મીઠું સુધ્ધાં નહીં. છતાં એની મીઠાશ યાદ રહી ગઈ ને જ્યારે જ્યારે દૂધીનું શાક પીરસાય ત્યારે દાદાની અસ્વાદ મૂર્તિ તાજી થાય.

'૧૯૯૮' સંબંધિત : ગણિત અંકયંત્રો.. ૮-૯ **(માધવજી દેવળીઆ)**



૩૭ x	૯ x	૬ =
x	x	x
૨૭ x	૨ x	૩૭ =
x	x	x
૨ x	૧૧૧ x	૯ =
‖ ૧૯૯૮	‖ ૧૯૯૮	‖ ૧૯૯૮

ઉપરોક્ત આકૃતિમાં વચ્ચે રહેલા નવ ચોરસમાં ૬૬૨ થી ૬૭૦ સુધીની નવ સંખ્યાઓને એવી રીતે ગોઠવવામાં આવી છે કે ત્રણેય હારમાં, ત્રણેય સ્તંભમાં અને બે વિકર્ણોમાં આવતી ત્રણેય સંખ્યાઓનો સરવાળો ૧૯૯૮ થાય છે.

ઉપરાંત ઉપરોક્ત નવ વર્તુળોમાં ૬૪૨ થી છ છ નં. ૬ ને અંતરે આવેલી ૬૯૦ સુધીની નવ સંખ્યાઓને એવી રીતે ગોઠવવામાં આવી છે કે ત્રણેય હારમાં, ત્રણેય સ્તંભમાં અને બે વિકર્ણોમાં આવતી ત્રણેય સંખ્યાઓનો સરવાળો ૧૯૯૮ થાય છે. **વચ્ચેની સંખ્યા ૬૬૬ બંનેમાં - ચોરસમાં અને વર્તુળમાં સંકળાયેલી છે.**

આ ઉપરની આકૃતિમાં ત્રણ આડી અને ત્રણ ઊભી લીટીમાં આવતી ત્રણેય સંખ્યાઓનો ગુણાકાર ૧૯૯૮ આવે છે.

૧૯૯૮ અંગે પ્રશ્નોત્તર :

૧. ૧૯૯૮ને ઉલટાવતાં ૮૯૯૧ થાય છે. જેના ચાર ભાગ એવી રીતે પાડો કે તેમાંના એક ભાગને બે વડે ગુણતાં, બીજા ભાગને બે વડે ભાગતાં, ત્રીજા ભાગમાં બે ઉમેરતા અને ચોથા ભાગમાંથી બે બાદ કરતાં દરેકનો જવાબ એક સરખો જ આવે ! ૨. ૧૯૫૦ + ૪૮ = ૧૯૯૮ ક્યારે ન થાય ? ૩. ૧૯૯૮ માંથી ૩૩૩ કેટલી વખત બાદ થઈ શકે ? **(ઉત્તરો નીચે)**

ઉત્તર : ૧. ૮૯૯૧ના ચાર ભાગ આ પ્રમાણે પાડી શકાય.

પહેલો ભાગ : ૯૯૯ x ૨ = ૧૯૯૮
બીજો ભાગ : ૩૯૯૬ ÷ ૨ = ૧૯૯૮
ત્રીજો ભાગ : ૧૯૯૬ + ૨ = ૧૯૯૮
ચોથા ભાગ : ૨૦૦૦ - ૨ = ૧૯૯૮
૮૯૯૧ એક સરખા જવાબ.

૨. ૧૯૫૦માં ૪૮ ઉમેરતાં ૧૯૯૮ થાય છે નિશ્ચિત છે પણ જ્યારે ભૂલ કરીએ ત્યારે ૧૯૯૮ન થાય.

૩. ૧૯૯૮માંથી ૩૩૩ એક જ વાર બાદ થઈ શકે. એક વાર બાદ કર્યા પછી તે સંખ્યા ૧૬૬૫ થઈ જાય છે તેમાંથી બાદ કરવાનો પ્રશ્ન જ નથી.

संसारविषवृक्षस्य द्वे फले ह्यमृतोपमे ।
सुभाषित रसास्वाद: संगति: सुजने जने ॥
અર્થાત્ સંસાર આમ તો છે વિષવૃક્ષ પરંતુ એને બે અમૃતફળ લાગેલાં છે. એક સુરસ-સુબોધ સુભાષિત અને બીજું સુજનોનું (સજ્જનોનું) સાન્નિધ્ય.

* ટમેટા પિત્તકારક અને વાયુનાશક છે. રોકાઈ ગયેલા મળને-વાયુને બહાર કાઢે છે, ટમેટા લોહી અને પિત્તની વૃદ્ધિ કરે છે. છતાં વાયુ અને કફવાળા માટે ફાયદાકારક છે.

* દૂધ જાડું હોય અને દૂધપાક-ખીર બનાવવી હોય તો તળિયામાં પહેલાં ઘી ચોપડી દૂધ નાખો, દૂધ દાઝશે નહિ.

* રમેશે સંગીતકારને પૂછ્યું : 'તમને આ નાનું મૅડલ શાને માટે મળ્યું હતું?'
સંગીતકાર : 'ગાવા માટે.'
રમેશ : 'અને આ મોટું મેડલ?'
સંગીતકાર : 'ગાવાનું બંધ કરવા માટે!'

* આધાશીશીને કારણે માથું દુખતું હોય તો બે-ચાર તાંતણા કેસર, લસણની બે કળી અને ચાર-છ ટીપાં શુદ્ધ ઘી એકસાથે લસોટી સૂંઘવામાં આવે તો દુખાવામાં રાહત અનુભવાય છે.



કલાકણિકા : બ્રિટિશ મ્યૂઝીઅમમાંનુ ચાઈના માટીમાંથી તૈયાર થયેલું પ્રાચીન સુંદર ફૂલદાન, જેના પર કળામય શોભન કરવામાં આવ્યું છે.

જાદુના ખેલ ચાલે છે. વાતો કરતાં જાદુગર ટેબલ પરથી એક પાત્ર ઉપાડે છે (આકૃતિ ૧) ને અંદર નજર કરે છે. એમાં કંઈ ભર્યું લાગે છે. એટલે પાત્ર ખાલી કરવા જાદુગર એને ઊંધું વાળે છે. અંદરથી થોડું પાણી બહાર ઢળી પડે છે. વાસણ ખાલી કરી જાદુગર એને ટેબલ પર મૂકી દે છે. વચ્ચે કંઈ ઓચિંતુ જ યાદ આવી ગયું હોય એમ એ કંઈ જુદી વાતે ચડી જાય છે. થોડી વારે એ ફરી પેલું પાત્ર ઉપાડે છે ને ખાલી કરવા એને ઊંધું! વાળે



છે. (પહેલાં એણે ખાલી કર્યું હતું એ જાણે કે એ ભૂલી ગયો છે.) પ્રેક્ષકોના આશ્ચર્ય સાથે એમાંથી પાછું થોડું પાણી બહાર નીકળે છે અને વાસણ ખાલી થઈ જાય છે. જાદુગરને વળી કંઈ યાદ આવે છે ને એ વાતે ચડે છે. થોડી વારે વળી પેલું પાત્ર ઉપાડે છે. અંદર જુએ છે તો જાણે એ પાછું ભરાઈ ગયું લાગે છે. જાણે એ પાત્ર અને જાદુગર વચ્ચે ચડસાચડસી ચાલી. એ પાત્ર ઊંધું વાળે છે ને વળી પાણી નીકળે છે - જાણે અક્ષયપાત્ર.



આ એક આડખેલ જેવો ખેલ છે પણ એથી જાદુગરનું મહત્ત્વ પ્રેક્ષકોના મન પર દૃઢ થતું જાય છે અને એમને રમૂજ પણ પડે છે. હસવામાં રોકાએલા પ્રેક્ષકોના બેધ્યાનનો લાભ લઈ જાદુગર પોતાની બીજી અગત્યની ચાલાકી પતાવી લે છે.

રહસ્ય : મૂળ તો સીધું સાદું લાગતું આ પાત્ર ખાસ બનાવટવાળું છે. આકૃતિ બીજીમાં બતાવ્યા પ્રમાણે એ પાત્રમાં એક નળાકાર જડી દીધેલ છે. તળિયાથી એ સહેજ અધ્ધર છે. પાત્રની ગરદન પાસે એક કાણું છે એના પર અંગૂઠો દાબીને જાદુગર પાત્રને ઊંધું વાળે છે. ત્યારે નળાકારમાં ભરાએલું પાણી બહાર પડે છે. પાત્રને પાછું મૂકતાં પેલું છિદ્ર ખુલ્લું થઈ એમાંથી હવા અંદર પ્રવેશે છે ને એના દબાણથી અગાઉથી જ પાત્રમાં ભરી રાખેલું પાણી પેલા નળાકારમાં દાખલ થઈ અમુક ઊંચાઈ સુધી એ નળાકાર ભરાઈ જાય છે, કાણાં પર આંગળી રાખી પાત્રને ઊંધું વાળતાં આ નળાકારમાંનું જ પાણી બહાર આવે છે અને બીજું વધારાનું પાણી નળાકારની આસપાસ ભરાઈ રહે છે. પાત્ર સીધું મુકાતાં ફરી પેલું પાણી તળિયેથી નળાકારની અંદર પ્રવેશે છે.

['કુમાર' વર્ષ ૪૦, સળંગ અંક ૪૭૦, ફેબ્રુઆરી ૧૯૬૩માંથી ઉદ્‌ધૃત]